નિકુંજનાયક શ્રીનાથજી

એક ઝાંખી



ગ્રંથ-૪ : આસો-કારતક

Nikunjnayak Shrinathji (Ek Jhanki) - Volume IV
by Mrs. Rekhaben Bharatbhai Rajpopat

નિકુંજનાયક શ્રીનાથજી (એક ઝાંખી) - ગ્રંથ : ૪
સંપાદક : શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજપોપટ

કોપીરાઈટ © : શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

મહેસાણા કાર્યાલય
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦ ● ફેકસ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય
વિજયભાઈ એમ. દેસાઈ
C/o. કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : ૦૨૨-૨૨૦૧૦૦૮૪ ● ફેક્સ : ૯૫-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : કારતક સુદ એકમ, વિ. સં. ૨૦૬૧, તા. ૧૩-૧૧-૨૦૦૪
પ્રત : ૩૦૦૦

દ્વિતીય આવૃત્તિ : વિ.સં.૨૦૬૭
પ્રત : ૧૦૦૦

પુસ્તક પ્રકાશન સહાય
રૂા.૩૫૦૦/-
(ગ્રંથશ્રેણીના ગ્રંથ ૧ થી ૬ માટે, ભારતમાં પોસ્ટેજ સહિત)

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા, ફોન : ૦૨૭૬૨-૨૨૪૨૦૪

॥ શ્રી હરિઃ ॥
॥ શ્રી ગોવર્ધનધરણ પ્રભુ વિજયતેતમામ્ ॥

નિકુંજનાયક શ્રીનાથજી

એક ઝાંખી

ગ્રંથ - ૪

આસો - કારતક માસ

સંકલન - સંપાદન
શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજપોપટ (સિંગાપુર)

ચિત્ર સંકલન
શ્રી ગોવિંદ શંકરલાલ નાગદા (નાથદ્વારા)

પ્રકાશક
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

સમર્પણ

પ. પૂ. ગો. ૧૦૮ શ્રી રઘુનાથલાલજી મહારાજશ્રી (કામવન-ગોકુલ)

શ્રીવલ્લભ પ્રતિનિધિં તેજોરાશિં દયાર્ણવ ।
ગુણાતીતં ગુણનિધિં શ્રીરઘુનાથમાશ્રયે ॥

શ્રીમહાપ્રભુજીના પ્રતિનિધિ, તેજના ભંડાર, દયાના સાગર, ગુણોથી
અતીત, સદ્‌ગુણોના ભંડાર શ્રીરઘુનાથજીનો હું આશ્રય કરું છું.

ગુરુ ગોવિંદ દોનો ખડે કાકો લાગુ પાય
બલિહારી ગુરુદેવકી જિન ગોવિંદ દિયો બતાય.

બલિહારી મારા બ્રહ્મસંબંધદાતા ગુરુદેવ શ્રીરઘુનાથલાલજી મહારાજશ્રીની. આપશ્રી નિવાસ કરે છે શ્રીમદ્ ગોકુળમાં અને આપશ્રીની અકારણ કૃપા વરસતી રહી કાબુલમાં અને સિંગાપુરમાં; જેમ શ્રીજીબાવા બિરાજે છે નાથદ્વારામાં અને ગ્રંથપ્રકાશનની પ્રેરણા આપતા રહ્યા કાબુલમાં અને સિંગાપુરમાં. મને શ્રીજીબાવાનાં વચનામૃત આજે પણ યાદ છે. 'રેખા ઊઠો, તુમ્હે બહોત કુછ કરના હૈ।'

આપશ્રીએ મને બ્રહ્મસંબંધ દીક્ષા આપી હતી તેને, હું હરપળ, હરદિન જ્યારે પણ યાદ કરું છું, ત્યારે એવો જ રોમાંચ થાય છે. આંખોમાંથી અશ્રુ વહે છે અને કંઠ ગદ્‌ગદિત થઈ જાય છે. આપશ્રીનાં યુગલ ચરણકમલો મને હંમેશા કંઈ ને કંઈ કરવાની પ્રેરણા આપતાં રહે છે.

તેરા તુઝકો અર્પણ, કયા લગે મેરા? અજ્ઞાનવશ જે કૃતિને હું મારી સમજતી હતી એ આપને સદૈવ, સદૈન્ય, સસ્નેહ, સાદર સમર્પિત છે. કૃપા કરીને મારી શુદ્ધિ કરતા રહેશો જેથી આપના સ્મરણ માત્રથી જે જે પ્રેરણા મળે છે તે મળતી રહે! આપની પ્રસન્નતા જ મારા જીવનનું બળ છે, ફળ છે, મારા નિકુંજનાયક શ્રીનાથજીની પ્રસન્નતા છે. આપે મને અદેયદાનદક્ષ બનીને સ્વયં શ્રીનિકુંજનાયક શ્રીનાથજી પધરાવી આપ્યા છે. જેમણે પ્રત્યક્ષ પ્રભુ આપ્યા હોય એમને હું શું આપી શકું છું? છતાં હું અબુધ જીવ 'શ્રીનિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથ શ્રેણીનો આ ચોથો ભાગ આપને સમર્પણ કરું છું. એનો સ્વીકાર કરીને મને કૃતકૃત્ય કરશો એજ નમ્ર નિવેદન.

રેખાબેન ભરતભાઈ રાજપોપટ

સમર્પણ

પરમ ભાગવત, ભાગવત ભૂષણ, ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત,
વલ્લભ વેદાન્તાચાર્ય (પ્રદત્ત, સુવર્ણચંદ્રક), કાવ્યતીર્થ, સિવિલ એન્જીનીઅર, કરુણામૂર્તિ

શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી (નડિઆદ)

સંતના મુખ્ય દસ લક્ષણો આ પ્રમાણે છે. ભક્તિ, ભગવાન ઉપર અપાર શ્રદ્ધા, નિર્ભરતા, નિર્ભયતા, જ્ઞાન, વૈરાગ્ય, સરળતા, કરુણા, નિર્જનપ્રિયતા પોતાના અને પારકા સૌ જેમને પ્રિય છે તેવા, અનિન્દ અને શાસ્ત્રનિષ્ઠા.

મને મારા જીવનમાં આવા સંત ૧૯૮૪માં મળી ગયા. મારે સન્યાસ લેવો જ હતો. મને સમજાવ્યું : બેન, પેટ અને પ્રકૃતિ તો તારી સાથે જ જશે. પેટભર કોઈ ખાવા નહિ આપે. પ્રકૃતિ પીડશે. કોને શરણે જઈશ?' ઘરમાં જ રહીને શ્રીમદ્ ભાગવતજીનો અભ્યાસ શ્રેયસ્કર છે.' ગૃહે સ્થિત્વા સ્વધર્મત: ભક્તિવર્ધિની સ્તોત્ર ભણાવ્યો.

ઘરમાં આચાર-વિચાર નહોતા પળાતા. ઘરમાં રહી આચાર-વિચાર સહિત સેવા કરવાનો આગ્રહ. કુટુંબીજનો સર્વ વિરોધી બન્યા. ફરી મને આ સંતે શીખ આપી : બેન, શ્રીવલ્લભની આજ્ઞા છે કે ''સ્વધર્માચરણમ્ શકત્યાં'' અર્થાત્ પોતાનો ધર્મ પોતાની શક્તિ પ્રમાણે આચરવો જોઈએ. અસ્પર્શ-અપરસ પ્રભુને અડકવા માટે કરવાની છે. આપણે ભૂલી ગયાં કે પ્રભુને અડકવા માટે, પ્રભુની સેવા માટે અસ્પર્શ-અપરસ કરી છે. અને યાદ રહી ગયું, વર્તનમાં આવી ગયું કે અહીં નહિ અડતા, મને નહિ અડતા, ત્યાં નહિ અડતા. નથી અડવાનું એવી માળા જપી સ્વજનોને ગભરાવી દીધા. જાણતાં કે અજાણતાં નહિ અડતાં શીખવ્યું. આપણે સ્વજનોને શીખવવાનું હતું કે આવો, પ્રભુના ચરણસ્પર્શ કરો, પ્રભુને મીસરી ધરો, પ્રભુની સેવા કરો; પરંતુ 'નહિ અડકતાં' એવું શીખવ્યું ને 'અડકવાનું' ભૂલાઈ ગયું. આમ અપરસનો સાચો અર્થ શીખવ્યો.

મને વર્ષો સુધી શ્રીમદ્ ભાગવતજી ભણાવ્યું અને ભણવાની રીત સમજાવી. ભાગવતજીના મુખ્ય પાંચ ફળ વિસ્તૃત રીતે સમજાવી અભયનું ભાન કરાવ્યું.

એક વખત જ્યારે અનેક ગ્રંથોની રચના ગુરુકૃપાએ થઈ રહી હતી. મનમાં સતત ઉદ્વેગ રહેતો કે આ ગ્રંથો ક્યારે છપાશે? ત્યારે આપે સમજાવ્યું : 'બેન, ગ્રંથો લખે જા. છપાવવાનો આગ્રહ પ્રભુ ઉપર છોડી દે. શરણાગતિ કરતાં શીખ. જે લખાય એનું નામ જ ગ્રંથ, જે છપાય તે તો પ્રચાર-પ્રસાર, એ ક્યારેક અહંકાર કરાવે. એના કરતાં પ્રભુ પ્રસન્નતા માટે ગ્રંથો લખે જા. બીજી ચિંતા છોડી દે.'

અને ખરેખર, આજે ઘણા અદ્ભુત ગ્રંથો (સચિત્ર) લખાઈ ગયા છે. જે ગ્રંથોના સ્વરૂપે બિરાજે છે. એમને પ્રકટ થવાની ઈચ્છા થશે ત્યારે શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ જેવી વિરલ સંસ્થાનો સાથ મળી રહેશે.

આવા સંતે, મારા ભાગવતજીના ગુરુ શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીએ, મારા જીવનનું ઘડતર કર્યું. એમને હું શું આપું? અશ્રુ દ્વારા આપના ચરણ પ્રક્ષાલિત કરી આપને આ ગ્રંથનો આ ચોથો ભાગ સમર્પણ કરું છું. તે સ્વીકારી મને કૃતકૃત્ય કરશો એ જ અભ્યર્થના.

રેખાબેન ભરતભાઈ રાજપોપટ

અનુક્રમ

ચિત્રજી અને ચિત્રજી પરિચય : આસો માસ

ચિત્રજી અને ચિત્રજી પરિચય : કારતક માસ

પરિશિષ્ટ : ૧ - કીર્તન

પરિશિષ્ટ : ૨ - આરતી



ચાલો તો શ્રીજી જઈએ રે,
શ્રીમુખ સુંદર જોવાને...

વ્રજ : આશ્વિન શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ એકમ



નવરાત્રિ - અંકુરારોપણ

વસ્ત્ર : લાલ રંગનો, છાપાનો, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે. હવે વહેલી સવારે થોડી (ગુલાબી) ઠંડીની શરૂઆત થાય છે; તેથી મંગળા દર્શનમાં પીઠિકાની પાછળ સફેદ ઓઢણી ધરાય છે. નાથદ્વારામાં શ્રીનાથજીના મંદિરમાં મંગળાનાં દર્શન સુધી પિછવાઈ ધરાતી નથી; તેથી અહીં મંગળાનાં ચિત્રમાં પિછવાઈનાં દર્શન થતાં નથી.

શૃંગાર : બેંગની રંગની એકધારી ચૂંદડીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ અને ભક્તો વચ્ચેનું અંતર દૂર કરે તે અત્તર. પ્રભુના શ્રીઅંગને અત્તર લગાડતા પ્રભુને સ્પર્શ થવાથી ભક્તો પુલકિત થાય છે. ઋતુ પ્રમાણે અત્તર સમર્પવામાં આવે છે. પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત શીરો, મગ, સેવ, શાક, ભુજાનાં, પાપડ, કચરિયાં, મનોહર, છાશવડાં, મીઠું શાક અને ખંડરાનું રાયતું, બીલસારુ, બીજ, દૂધ વગેરે ઉત્સવની સામગ્રી ધરાય છે. આજથી નવ દિવસ નવવિલાસના કીર્તનમાં જણાવ્યા પ્રમાણેની નવ જુદી જુદી સામગ્રી ધરાય છે, તેમાં આજે ચંદ્રકળાની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજથી નવવિલાસના ઉત્સવની શરૂઆત થાય છે. નવ દિવસ સુધી પ્રતિદિન નવીન ભાવ અંકુરિત થાય તે ભાવથી નૂતન વસ્ત્ર, નૂતન સામગ્રી પ્રભુને ધરાય છે. નવે દિવસ જુદા જુદા રંગનાં છાપાનાં વસ્ત્ર ધરાય છે. ● આજે માટીના દસ પાત્રોમાં જવારા (જવેરા) વવાય છે. માટીના કૂંડામાં ઘઉં-જવ વગેરે નાખીને વાવવામાં આવે તેને અંકુરારોપણ કહેવાય છે. સાત્વિક, રાજસ, તામસ વગેરે નવ પ્રકાર અને એક નિર્ગુણ ભક્ત એમ દસ પ્રકારે દસ પાત્રોમાં જવારા અંકુરિત કરવામાં આવે છે. આ જવારા દશેરાના દિવસે કલગીરૂપે શ્રીપ્રભુના મસ્તકે ધરાય છે. ● આ નવ દિવસ શ્રીગોપીજનોએ દેવીપૂજનના મિષે પ્રભુને વિવિધ મનોરથો કરી પ્રસન્ન કર્યા છે. પ્રભુનો મિલાપ કર્યો છે. પ્રભુને સર્વસ્વ અર્પણ કરી, નૂતન સામગ્રી આરોગાવી છે. આ ભાવનાને નવ વિલાસ કહેવાય છે. શ્રીહરિરાયજી મહાપ્રભુએ આ નવવિલાસની ભાવનાનાં નવ પદ રચ્યાં છે. નાથદ્વારામાં આ પદ ગવાતાં નથી પરંતુ અન્યત્ર આ દિવસોમાં દરરોજ એક વિલાસ ગવાય છે.

કીર્તન : **મંગલા દર્શન : (રાગ : ભૈરવ)**

યે બંસીનાદ સુર સાધ કે બજાઈ પ્રવીન કાન્હ સાત સુર સોધ કે મધુરધ્વનિ ।
ઘરી ઘરી ઘુમત સુધ ન રહી કછુ કલ ન પરૈ મૈરે તન મન ।।૧।।
વ્યાકુલ ભઈ કલ નાહિ પરત સુનત તત છિન ગઈ હોં મધુવન ।
ધીરજ કે પ્રભુ જનમ સુફલ ભઈ નિરખત શ્રીનંદનંદન ।।૨।।

(અભ્યંગ અને શૃંગાર દર્શનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : આશ્વિન શુક્લ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ એકમ



આજના શૃંગાર : કુલ્હે-જોડ-ચાકદાર

સાજ : ઘેરા ગુલાબી (રાની) રંગની, છાપાની, સફેદ જરીના તૂઈલેસની કિનારીવાળી અને લીલા રંગના હાંસિયાવાળી (કિનારીવાળી) પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. સિંહાસન, ચરણચોકી, પડઘા, ઝારીજી, બંટાજી વગેરે જડાવ સોનાનાં ધર્યાં છે. સન્મુખમાં ચાંદીના ત્રસ્ટી ધર્યાં છે, જે અનોસરથી ઉત્થાપન સુધી ધરાય છે. અનોસરમાં સિંહાસનથી શય્યાજી સુધી પેંડો (રૂ ભરેલી સાંકડી ગાદી) બિછાવવામાં આવે છે.

વસ્ત્ર : કેસરી છાપાનું, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળું સૂથન, ચાકદાર અને ચોલી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** કેસરી રંગની કુલ્હે ઉપર શિરપેચ તથા પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીઠિકાની ઉપર સુવર્ણનું જડાવ ચોકઠું ધર્યું છે. શ્વેત પુષ્પોનાં, વિવિધ રંગીન પુષ્પોના થાકવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે પ્રથમ વિલાસની ભાવનાનું સ્થળ નિકુંજભવન છે. આજના મનોરથનાં મુખ્ય સખી ચંદ્રાવલીજી છે. સામગ્રી ચંદ્રકળાની છે.

આજથી મુરલીના અને રાસના પદ ગવાય. કરખાનાં પદ ભોગ સમયે (સાંજે) ગવાય. રાસપંચાધ્યાયીનો પાઠ ભોગનો ટેરો આવ્યા પછી અને શયનભોગ આવે ત્યારે થાય.

કીર્તન : **રાજભોગ દર્શન : (રાગ : સારંગ)**

બલ બલ આજકી બાનિક લાલ ।
કસુંભી પાગ પીત કુલહ ભરિત કુસુમ ગુલાલ ॥૧॥
વિશ્વમોહન નવકેસર કો તિલક લલિત ભાલ ।
સુંદર મુખ કમલ હિ લપટાવત મધુપ જાલ ॥૨॥
બરુની પીત વિથુરિત બંદ સુભગ ઉર વિસાલ ।
ગોવિંદ પ્રભુકે પદનખ પરસત તરુન તુલસીમાલ ॥૩॥

શયન દર્શન : (રાગ : કાન્હરો)

રાખી હો અલક બીચ ચંપક કલી ગનગની ।
જગમગાત હીરા લાલ કુલહ પર પાગ અતિ બની ॥૧॥
સુભગ નૈન તરુન મદમાતે મુસકાતે અનઅની ।
ગોવિંદ પ્રભુ વ્રજરાજકુંવર ધન ધન હો ઘન ઘની ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ બીજ



વ્રજ : આશ્વિન શુક્લ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો સુદ બીજ

વસ્ત્ર : પીળા રંગનો, છાપાનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : લાલ રંગની સોનેરી છાપાની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં મેંદાનાં દહીંવડાં, ડેરવડી, રાયતાં, કઢી, તીનકુડા, ખંડરાની કઢી તથા મીઠો ખંડરા, ભુજાનાં વગેરે ધરાય છે. બીજા વિલાસની વિશેષ સામગ્રી બાબર ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : શ્રીહરિરાયજીકૃત દ્વિતીય વિલાસ પ્રમાણે આજે દ્વિતીય વિલાસની ભાવનાનું સ્થળ સંકેતવન છે. આજના મનોરથનાં મુખ્ય સખી લલિતાજી છે અને સામગ્રી ખીરની છે.

કીર્તન : **મંગલા : (રાગ : ભૈરવ)**

બંસીનાદ સુર સાધિકે બજાઈ પ્રવીન કાન્હ સાત સુર સોધકે મધુર ધ્વનિ ।
ઘરી ઘરી ઘુમત સુધ ન રહી કછુ કલ ન પરૈ મેરે તન મન ।।૧।।
વ્યાકુળ ભઈ કલ નાહિ પરત સુનત તતછિન ગઈ હોં મધુવન ।
ધીરજ કે પ્રભુ જનમ સુફલ ભઈ નિરખત શ્રીનંદનંદન ।।૨।।

રાજભોગ દર્શન : (રાગ : સારંગ)

દિન દુલ્હે મેરો કુંવર કન્હૈયા ।
નિત ઉઠ સખા સિંગાર બનાવે નિત આરતી ઉતારત મૈયા ।।૧।।
નિત ઉઠ આંગન ચંદન લિપાવે નિત હી ચૌક પુરૈયા ।
નિત હી મંગલ કલસ ધરાવે નિત હી બંદન વાર બંધૈયા ।।૨।।
નિત ઉઠ વ્યાહ ગીત મંગલ ધ્વનિ નિત સુરનર મુનિ વૈદ પઢૈયા ।
નિત નિત આનંદ હોત મંગલ વારિ નિધિ નિત હી **ગદાધર** લેત બલૈયા ।।૩।।

શયન દર્શન : (રાગ : બિહાગ)

જુગલ વર આવત હૈ ગઠ જોરે ।
સંગ સોભિત વૃષભાન નંદિની લલિતાદિક તૃન તોરે ।।૧।।
સીસ સહેરો બન્યો લાલકે નિરખ હઁસત ચિત ચોરે ।
નિરખિ હરખિ બલ જાય **ગદાધર** છબિ ન બઢી કછુ થોરે ।।૨।।

વ્રજ : આશ્વિન શુક્લ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ બીજ



વ્રજ : આશ્વિન શુક્લ દ્વિતીયા **ચિત્ર પરિચય** ગુજરાતી : આસો સુદ બીજ

આજના શૃંગાર : ધોતી-ચાકદાર-દુમાલો-સહેરો

સાજ : સંકેતવનમાં વિવાહ લીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ રંગના છાપાની, સોનેરી જરીના તૂઈલેસની કિનારીવાળી ધોતી અને તેવો જ રાજાશાહી પટુકો ધર્યો છે. આજના વસ્ત્ર વિશિષ્ટ છે. ધોતી ઉપર પીળા રંગના છાપાનો, રૂપેરી જરીના તૂઈલેસની કિનારીવાળો ખુલેબંધનો ચાકદાર વાઘો અને ચોળી પણ ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** લાલ રંગના છાપાના દુમાલા ઉપર સેહરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. જમણી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મત્સ્યાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત રંગનાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શૃંગાર : (રાગ : બિલાવલ)**

લલિતાજી કે આજ વધાયો શ્રીવૃંદાવન વ્યાહ રચાયો ।
આલી સબ ન્યોત બુલાઈ વે મંગલનિધિ ન્યોતો લાઈ ।।ટેક।।
મંગલ ન્યોતો લાઈ સખિયન મંડલી અદ્ભુત બનાઈ ।
બાંધ બંદનવાર ચહુંદિશ મધ્ય નિધિ વેદી સજાઈ ।
સંકેત દેવી પૂજ લલિતા હરખે અતિ આનંદ ભરી ।
મેરે નવલ રાધા દુલહિની કુંવર મિલે દુલહે હરિ ।।૧।।
દેવી બહુ ભાંત પુજાઈ સો વિધના વિધિ આન મિલાઈ ।
જો રાધે ઔ હરિ આરાધે આજ યે લગ્ન અનુપમ સાધે ।। ટેક।।
સોઈ લગ્ન પરમ અનુપ સાધે હરખ મંગલ ગાઈયો ।
મહામંગલરુપ અદ્ભુત બહુ ભાંત મંડપ છાઈઓ ।
મેરી ઉબટ રાધા દુલહિની જબ શ્યામ કે ઉબટન કિયો ।
સ્નાન કર સિરગૂંથ ગોરી મુકુટ મોહન કે દિયો ।।૨।।
કરસો કર જોર ફિરાઈ । ભાંવર દેખે ઢિંગ બિઠાઈ ।
હસ કર દઈ હૈ બધાઈ । લલિતા ફૂલી અંગ ન સમાઈ ।।ટેક।।
ફૂલી જો અંગ ન સમાઈ લલિતા રંગ કેવલ ભર રહી ।
આજ ભાગ્ય સુહાગકી કછુ જાત નહીં મોપે કહી ।
ધન્ય ધન્ય દિન યહ રાત ધન્ય ધન્ય યહ પલ શુભઘરી ।
ધન્ય ધન્ય નવલ કિશોર દુલ્હે દુલહિની રાધા વરી ।।૩।।

(અપૂર્ણ - અનુસંધાન આસો સુદ ત્રીજ - મંગળા દર્શનના પાન ઉપર જુઓ)

વ્રજ : આશ્વિન શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ ત્રીજ



વ્રજ : આશ્વિન શુક્લ તૃતીયા ચિત્ર પરિચય ગુજરાતી : આસો સુદ ત્રીજ

વસ્ત્ર : લીલા રંગનો, છાપાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : લાલ રંગનો છાપાનો દુમાલો, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં ચોરીઠાની પપચી, બુંદીના લાડુ, પકોડી. પકોડીની કઢી વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે તૃતીય વિલાસનું લીલાસ્થળ નિકુંજમહેલ છે. આજના મનોરથનાં મુખ્ય સખી વિશાખાજી છે. સામગ્રી બાસુંદીની છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિભાસ)**

પ્રાતસમેં નવનિકુંજ દ્વારે લલિતા લલિત બજાઈ બીના ।
પોઢે સુનત શ્યામ શ્રીશ્યામા દંપતિ ચતુર નવીન-નવીના ॥૧॥
અતિ અનુરાગ સુહાગ લાડિલી કોટિકલા પ્રબીન પ્રબીના ।
બિહારીદાસ બલબલ જોરી પર તનમનધન ન્યોછાવર કીના ॥૨॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

બેન બજાયોરી સુંદર નંદ કે કન્હૈયા ।
જલ થલ ચલ અચલ ભયે હૈ તૃન ન ચરત મૃગ ગૈયા ॥૧॥
વ્યોમ વિમાન સુરન છાયો ગિરિરાજધરનકે કાજ, લાજ તજ છબિ નિરખત ઔર લેત બલૈયા ।
ઉદેરાજ પ્રભુ મદનમોહન જગજીવન જાયો મૈયા ॥૨॥

શૃંગાર : (આસો સુદ બીજ - શૃંગારનું પદ ચાલુ)

યહ દુલહ નિપટ સયાનો । યા દુલહનિ કે રુપ લુભાનો ।
આલી છિન વિલંબ ન કીજે । અંચલ જોરનો કર લીજે ॥ટેક॥
અંચલ જોરનો કર દિયો સખીયન વિચાર ગૌને કો કિયો ।
કર દિયે કુંજ પ્રવેશ દોઉ ધન્ય લલિતા કો હિયો ।
જહાઁ નવલ સખી અનેક છબિ પર બારને બલિ બલિ ગઈ ।
યા વ્યાહકી રસરીત સખિયન જાત નહીં મોપે કહી ॥૪॥

વ્રજ : આશ્વિન શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ ત્રીજ



વ્રજ : આશ્વિન શુક્લ તૃતીયા **ચિત્ર પરિચય** ગુજરાતી : આસો સુદ ત્રીજ

આજના શૃંગાર : સૂથન-ચાકદાર-પાગ-કતરો

સાજ : લીલા રંગના છાપાની, રૂપેરી જરીના તૂઈલેસની કિનારી અને હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગનું, સોનેરી જરીની તૂઈની કિનારવાળું સૂથન તેમજ લીલા રંગના છાપાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારવાળો ખુલેબંધનો ચાકદાર વાગો ધર્યો છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** લીલા રંગના છાપાની પાગ ઉપર શિરપેચ તથા જમાવ નાગફણીનો કતરો અને ડાબીબાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત રંગનાં પુષ્પોનાં, રંગીન થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ દર્શન : (રાગ : સારંગ)**

બૈઠે હરિ રાધાસંગ કુંજભવન અપને રંગ કર મુરલી અધર ધરે સારંગ મુખ ગાઈ ।
મોહન અતિ હી સુજાન પરમ ચતુર ગુણનિધાન જાન બુઝ એક તાન ચૂકકે બજાઈ ॥૧॥
પ્યારી જબ ગહ્યો બીન સકલા કલા ગુણ પ્રવીન અતિ નવિન રૂપ સહિત વહી તાન સુનાઈ ।
વલ્લભ ગિરિધરનલાલ રીઝ દઈ અંકમાલ કહત ભલે ભલે લાલ સુંદર સુખદાઈ ॥૨॥

શયન દર્શન : (રાગ : કાન્હરો)

તેરે રી વદન કમલ પર નંદનંદન આલી મુરલીનાદ કરત ગુંજાર ।
લલિત ત્રિભંગી તેરે રોમ રોમ રમ રહે કર રાખિયોં ઉર હાર ॥૧॥
જા સુખકો સનકાદિક ઇચ્છત સો તેરે બસ ભયે મુરાર ।
કલ્યાણ કે પ્રભુ કમલાપતિ મિલવેકો કિનહુ ન પાયો પાર ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ ચોથ



શ્રીદામોદરજી (શ્રીદાઉજી) મહારાજશ્રીનો ઉત્સવ (૧૮૫૩)

દુહેરો મનોરથ

વસ્ત્ર : કેસરી રંગનો, છાપાનો રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : લીલા રંગની છાપાની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં બુંદીના લાડુ, મોહનઠાર, જલેબી અને ઉત્સવની સખડીની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે ચતુર્થ વિલાસનું લીલાસ્થાન પરાસોલી છે. આજના મનોરથનાં મુખ્ય સખી ચંદ્રભાગાજી છે અને સામગ્રી ખરમંડા, જલેબી, લાડુ છે.

આજે દુહેરો મનોરથ થાય છે. એટલે કે બધું જ દુહેરું-બમણું - બે બે વાર થાય છે. વસ્ત્રને દુહેરી-બેવડી કિનારી મૂકાય છે. દુહેરી સામગ્રી આરોગાવાય છે. જલેબી અને મોહનઠાર ધરાય છે. સવારે શંખનાદથી બધી સેવા બે વાર થાય છે. ભોગ પણ બે વાર આવે છે. માલા, બીડાં, કમલછડી, ઝારીજી, બંટાજી બધું (દુહેરું) ડબલ ધરાય છે. કીર્તનો પણ બમણાં થાય છે. તેથી આજના મનોરથને દુહેરો મનોરથ કહે છે.

કીર્તન : **મંગલા (રાગ : દેવગંધાર)**

બોહોરી કૃષ્ણ શ્રીગોકુલ પ્રકટે શ્રીવિઠ્ઠલનાથ હમારે ।
દ્વાપર વસુધા ભાર હર્યો હરિ કલયુગ જીવ ઉદ્ધારે ॥૧॥
તબ વસુદેવ ગૃહ પ્રકટ હોય કે કંસાદિક રિપુ મારે ।
અબ વલ્લભ ગૃહ પ્રકટ હોય કે માયાવાદ નિવારે ॥૨॥
ઐસો કવિ કો હે જગ મહિયા બરને જો ગુન તિહારે ।
માનિકચંદ પ્રભુકો શિવ ખોજત ગાવત વેદ પુકારે ॥૩॥

શૃંગાર (રાગ : બિલાવલ)

પ્રગટ ભયે તૈલંગકુલ દીપ ।
શ્રીલક્ષ્મણ ભટ અતિ આનંદે સુત મુખ નિરખત આય સમીપ ॥૧॥
માત ઈલંમા કુખ ઉદય ભયો જ્યોં ઉપજત મુક્તાફલ સીપ ।
સગુણદાસ મુખ કહત ન આવે યશ પ્રસર્યો નવખંડ સપ્ત દ્વીપ ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ ચોથ



વ્રજ : આશ્વિન શુક્લ ચતુર્થી ચિત્ર પરિચય ગુજરાતી : આસો સુદ ચોથ

આજના શૃંગાર : સૂથન-ઘેરદાર-પાગ-કતરો

સાજ : નંદમહોત્સવ અને છઠ્ઠીપૂજનના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : આછા પીળા રંગના છાપાનાં, રૂપેરી જરીની તૂઈલેસની દુહેરી કિનારવાળાં સૂથન, ચોલી ઘેરદાર વાગો અને પટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ રંગનું ધર્યું છે. પટુકો માત્ર ઉર્ધ્વ ભુજા તરફ ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** આછા પીળા રંગની છાપાની પાગ ઉપર શિરપેચ તથા જમાવ નાગફણીનો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. વિવિધ પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે તિલકાયત શ્રીગિરધરજીના લાલજી શ્રીદાઉજી (શ્રીદામોદરજી) (દુહેરા મનોરથકર્તા)નો ઉત્સવ છે. આપશ્રીનું પ્રાગટ્ય સં. ૧૮૫૩માં નાથદ્વારામાં થયું. આપશ્રીના ઉપનયન સંસ્કાર ઘસ્યાડમાં થયા. શ્રીગોવર્ધનધરપ્રભુને આપશ્રીએ ઘસ્યાડથી પુનઃ નાથદ્વારા પધરાવ્યા.

આપશ્રીએ તિલકાયત પદ ઉપર પદાસીન થયા બાદ શ્રીપ્રભુના અનેક મનોરથો કર્યા અને નાથદ્વારા નગરની મજબૂતી માટે અનેક બાંધકામો કરાવ્યા. આપશ્રીએ સં. ૧૮૭૨માં લાલબાગનું નિર્માણ કર્યું. ભાવનાપૂર્ણ અને રસપૂર્ણ રીતે એ બનાવ્યો.

સં. ૧૮૭૭ના કારતક વદ ૧૩થી ૧૮૭૮ના કારતક વદ ૧૩ સુધી આપશ્રીએ શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીના દુહેરો મનોરથ, નિત્યોત્સવ, નૈમિત્તિકોત્સવ, મહોત્સવાદિ કર્યા. શ્રીનાથજીબાવાની પ્રેરણા અને આપશ્રીનાં દાદીજી શ્રીપદ્માવતીજીની આજ્ઞાનુસાર સાત સ્વરૂપ પધરાવવાનો મનોરથ કર્યો. તે અનુસાર પ્રથમ ચાર સ્વરૂપ પધરાવ્યા. શ્રીમથુરેશજી (કોટા), શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજી (ગોકુલ) અને શ્રીનવનીતપ્રિયાજીને શ્રીનાથજીની સાથે પધરાવી ખૂબ ધામધૂમથી મનોરથો કર્યા. આ ઉપરાંત સંપ્રદાયમાં ષડ્ઋતુનો મનોરથ આપશ્રીએ જ પ્રારંભ કર્યો. તેની ભાવભાવના પ્રમાણસહિત આપી. ત્યારબાદ ૧૮૭૮માં માગશર વદ ચોથના દિવસે છ સ્વરૂપોત્સવ કર્યો, જેમાં શ્રીમથુરાનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાનાથજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીમદનમોહનજી અને છઠ્ઠા નિધિ સ્વરૂપ શ્રીબાલકૃષ્ણલાલજીને બદલે કાશીથી શ્રીમુકુન્દરાયજી પધાર્યા અને બધા સ્વરૂપો સાથે અન્નકૂટ આરોગ્યા. સંવત ૧૮૮૧માં આપશ્રીએ જગદીશયાત્રા કરી અને તે જ વર્ષે આપશ્રી લીલામાં પધાર્યા.

આમ છ સ્વરૂપોત્સવ, બાર મહિના સુધી દુહેરા મનોરથ અને તેની વચ્ચે અનેક મનોરથોની ઝડી વરસાવીને આપશ્રીએ શ્રીનાથજી શ્રીગોવર્ધનધરપ્રભુને ખૂબ લાડ લડાવ્યા.

પ્રતિવર્ષ અન્નકૂટના દિવસે ધરાતી આપશ્રી દ્વારા નિર્મિત પિછવાઈ દ્વારા આજે પણ પ્રભુ શ્રીગોવર્ધનધર આપશ્રીની અમિટ સેવા અંગીકાર કરી રહ્યા છે. નાથદ્વારાના ઈતિહાસમાં આપશ્રી 'દુહેરા મનોરથકર્તા' તરીકે પ્રસિદ્ધ છે.

શ્રીગુસાંઈજી છ માસના વિપ્રયોગાનુભવ બાદ જ્યારે પુનઃ શ્રીગોવર્ધનધરણપ્રભુ પાસે પધાર્યા ત્યારે આપશ્રીએ દુહેરો મંડાણ - મનોરથ કર્યો હતો. તે જ રીતે શ્રીજીબાવા ઘસ્યાડ પધાર્યા, ત્યાં ઘણો સમય બિરાજ્યા, શ્રમ થયો. નાથદ્વારા નગરનિવાસીઓને આપશ્રીનો વિરહ થયો. પાછા નાથદ્વારા પધાર્યા ત્યારે શ્રમનિવારણાર્થ આ દુહેરો મનોરથ શ્રીદાઉજી મહારાજે પ્રભુને અંગીકાર કરાવ્યો.

(રાજભોગ દર્શન અને શયન દર્શનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : આશ્વિન શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ પાંચમ



વ્રજ : આશ્વિન શુક્લ પંચમી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો સુદ પાંચમ

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો, છાપાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : પીળા રંગની છાપાની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ખાસ સામગ્રી દૂધપૌંવાની તેમજ અઠકૂડાની ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે પાંચમા વિલાસનું લીલાસ્થળ કદલીવન છે. આજના મનોરથનાં મુખ્ય સખી સંજાવલીજી છે. સામગ્રીમાં મનોહરના લાડુ અને દૂધપૌંવા છે.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

મનમૃગ વેધ્યો મોહન નૈંન બાનસો ।
ગુઢ ભાવકી સેન અચાનક તક ભ્રકુટી કમાનસો ॥૧॥
પ્રથમ નાદ બસ ઘેર નિકટ હી મુરલી સપ્તસુર બંધાનસો ।
પાછે બંક ચિત્તે મધુરે હસિ ઘાત કરી ઉલટન સુઢાંનસો ॥૨॥
ચત્રભુજદાસ પીર યા તનકી ઘટત નહી ઓર વહી આનસો ।
સુખ વ્હે હે અંતર ઉર તબહી આલંગન ગિરિધર સુજાન સો ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

સુનરિ સૈન દઈ ગ્વાલનકો મોહનલાલ બજાયો બેનુ ।
પ્રાત સમે જાગે અનુરાગે વૃંદાવન આનંદભયો, માઈ ચલે ચરાવન ધૈનુ ॥૧॥
બરન બરન બાનિક બની આયે, પટ ભૂખન જસુમતિ પહરાયે ભાલ તિલક દે આંજે નૈનુ ।
હરિનારાયન શ્યામદાસ કે પ્રભુ માઈ પ્રગટ ભયે, ધરી ચંદ્રિકા સીસ વ્રજજન સુખ દૈનુ ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ પાંચમ



વ્રજ : આશ્વિન શુક્લ પંચમી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો સુદ પાંચમ

આજના શૃંગાર : સૂથન-ચાકદાર-પાગ-કતરા

સાજ : શ્યામ રંગના છાપાની, ચાંદ-સિતારા અને સૂર્યની છાપવાળી, સોનેરી જરીની તૂઈલેસની કિનારવાળી પિછવાઈ ધરી છે, જેમાં પીઠિકાની આસપાસ ફૂલપત્તાનો હાંસિયો કરેલો છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : લીલા રંગનાં છાપાનાં સૂથન, ચોળી અને ખુલેબંધનો ચાકદાર વાઘો ધર્યો છે, જેના ઉપર સફેદ જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી અને સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** લીલા રંગની છાપાની પાગ ઉપર શિરપેચ તથા દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, રંગીન પુષ્પોના થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

કહા કહો લાલ સુઘર રંગ રાખ્યો મુરલીમેં ।
તાન બંધાન સ્વર ભેદ લેત અતિજત બિચબિચ મિલવત વિકટ અવઘર ॥૧॥
ચોખ માખનકી રેખ તામે ગાયન મિલવત લાંબે લાંબે સ્વર ।
બિચ બિચ લેત તિહારો નામ સુનરી સયાની **ગોવિંદપ્રભુ** વ્રજરાની કે કુંવર ॥૨॥

શયન દર્શન : (રાગ : બિહાગ)

કહારી કહો મોહન મુખશોખા ।
કહા કરુ સિરપરી હૈ ઠગોરી રૂપ દેખ મેરો મન ગયો લોભા ॥૧॥
અંગ અંગ લાવણ્ય રુપ-છબિ માનો હો મદન દ્રુમ ઉપજી શોભા ।
કૃષ્ણદાસ ગિરિધરન કિયે વશ ચપલ કટાક્ષ ગઢ્યો મનચોભા ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ છઠ



વ્રજ : આશ્વિન શુક્લ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો સુદ છઠ

વસ્ત્ર : ઘેરા ચેરાઈ (સ્ટ્રોબેરી) રંગનો, છાપાનો, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : લીલા રંગની છાપાની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મેંદાનો મોહનથાર તથા વેસણની ઝીણી સેવ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે છઠ્ઠા વિલાસનું લીલાસ્થળ ગોધનવન છે. આજના મનોરથનાં મુખ્ય સખી રાઈજી છે. મુખ્ય સામગ્રી મોહનથાળ, માલપુવા છે.

આજે શ્રીરામચંદ્રજીના જીવનચરિત્રનું દર્શન કરાવતી પિછવાઈ આવે છે, તેમજ રામભક્ત હનુમાનજીનાં ગુણગાન ગાતાં અને રામભક્તો જાનકીજીને શોધે છે તેવી લીલાનાં કીર્તન સાંજે ભોગસંધ્યામાં મારુ રાગમાં ગવાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

શ્રીજમુના કે તીર બજાઈ બાંસુરી નંદલાલ રી ।
અધરન કરત મિલિ સપ્ત સુરનસો ઉપજત રાગ રસાલરી ॥૧॥
છુટી લટ લટપટાત વદન પર તુટતિ મુક્તામાલરી ।
વ્રજવનિતા ધુનિ સુનિ ઉઠિધાઈ રહિય ન અંગ સમ્હાલરી ॥૨॥
બહત ન નીર સમીર ન ડોલત વૃંદાબિપિન સંકેત રી ।
સુનિ થાવર અચેત ચેત ભયે જંગમ ભયે અચેત રી ॥૩॥
અફલ ફલે ફલ ફૂલ ભયેરી ઝરે ઝરે ભયે પાલરી ।
ઉમગિ પ્રેમજલ ચલ્યો સિસિરતે ગર્યો ગિરિનકૌ ગાતરી ॥૪॥
તૃન ન ચરત હૈ મૃગામૃગી રી તાન પરત જબ કાનરી ।
સુનત ગાન ગિરિ પર્યો ધરનિ પર માનો લાગે બાન રી ॥૫॥
સુરભી લાગ દિયો કેહરી કો હરત શ્રવન કી ડારુરી ।
એક ભવન પુનિ ચઢ઼િ બૈઠે હે નિરખત શ્રીમુખ ચારુરી ॥૬॥
ખગ રસના રસ ચાખિ વદન પર બૈઠે નિમિષ ન મારરી ।
ચાખત હી ફલ પરે ચોંચતે રહે જુ પંખ પસાર રી ॥૭॥
સુર નર દેવ અસુર સબ મોહે છાયો વ્યોમ વિમાનરી ।
ચત્રભુજદાસ કહે કૌન બસ યા મુરલી કી તાન રી ॥૮॥

વ્રજ : આશ્વિન શુક્લ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ છઠ



આજના શૃંગાર : ટિપારાનો સાજ-મલ્લકાછ અને ચાકદાર

સાજ : શ્રીરામચંદ્રજીના જન્મથી રાવણવધલીલા તેમજ રાજ્યાભિષેક સુધીના પ્રસંગો આલેખતી, ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ગુલાબી રંગના છાપાનો, સોનેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલો મલ્લકાછ તેમજ ગુલાબી રંગના છાપાના, રૂપેરી જરીની તૂઈલેસની કિનાર મૂકેલાં ચોળી અને ખુલેબંધનો ચાકદાર વાઘો ધર્યો છે. આજે મલ્લકાછ ઉપર ચાકદાર ધરાયો છે અને તે વિશિષ્ટ પ્રકાર વીરરસનો દ્યોતક છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ટિપારાનો સાજ ધર્યો છે. ગુલાબી રંગના છાપાની ટિપારાની ટોપી ઉપર શિરપેચ, વચમાં મોરશીખા અને બંને બાજુ દોહરા કતરા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મત્સ્યાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શૃંગાર : (રાગ : બિલાવલ)**

નિર્તત મોહન રસિક સખન સહિત ગિડગિડ તતથેઈ તતથેઈ તાતા ।
મૃદંગ ધ્રુમ ધ્રુમ તાલ ઉપંગ સુર જો મિલવત મધુપ મદમાતા ॥૧॥
ટિપારો સિર પીત લાલ કાછની બની કિંકિની ઝુનઝુનાત ગાવત સુરસુતા ।
ગોવિંદ પ્રભુ ગોપબાલ સંગ જૈ જૈ જૈ કરત પ્રેમ અનુરક્તા ॥૨॥

રાજભોગ : (રાગ : સારંગ)

વૃંદાવન સઘનકુંજ માધુરી લતાન તર જમુના પુલીન મે મધુર બાંજે બાંસુરી ।
જબતે ધુનિ સુની કાન માનોં લાગે મૈંન બાન પ્રાનનકી કાસૌ કહુ પીર હોત પાસુંરી ॥૧॥
વ્યાપ્યો જુ અનંગ તાતે અંગ સુધિ ભૂલ ગઈ કૌઉ વંદો કોઉ નિંદો કરૌ ઉપહાસરી ।
ઐસે **વ્રજાધીશ**સોં પ્રીતિ નઈ રીતિ બાઢી જાકે ઉર ગઢ રહી પ્રેમ પુંજ ગાંસરી ॥૨॥

શયન દર્શન : (રાગ : અડાનો)

મે જબ દેખેરી ગોપાલલાલ મોહની મૂરતિ નંદલાલ
તન મન ધન નોછાવર કરન કો લે ગઈ રી ।
સુન્દર શ્યામ ઉજાગર નાગર વાકી છબી ચિત ચિત્તરે ને લિખલઈ ॥૧॥
ગલ સોહે વનમાલ દેખ મોહી વ્રજ કી બાલ યા છબિપે હો મગન ભઈ ।
સૂરદાસ પ્રભુ કૌન મંત્ર પઢ઼ ડાર્યોરી મુરલીમે ગાવતિ ધુનિ નઈ નઈ ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ સાતમ



વ્રજ : આશ્વિન શુક્લ સપ્તમી ચિત્ર પરિચય ગુજરાતી : આસો સુદ સાતમ

સરસ્વતી પૂજન

વસ્ત્ર : પીરોજા રંગનો, છાપાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : ગુલાબી રંગની છાપાની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મેંદાની બુંદી તથા વેસણની પકોડી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે સાતમા વિલાસનું લીલાસ્થળ ગહવરવન છે. આજના મનોરથનાં મુખ્ય સખી કૃષ્ણાવતીજી છે. વડી અને બુંદીની સામગ્રી ધરાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

જાન્યો જાન્યોરી સયાન તેરો પ્રાણેશ્વર સૌ તે કિયો માન ભયો હે બિહાન ।
પિયકો તેરો હી ધ્યાન મેરી શીખ સુનિ કાન જાકે વસે પ્રાન તાસો કૈસોરી ગુમાન ॥૧॥
સુનિ રી મુરલીગાન આછી મીઠી મીઠી તાન સંકેત સુથલ રચ્યો કુસુમ બિતાન ।
સૂરદાસ પ્રભુ સબ જાન સકલ ગુનકી ખાન મદન મોહન તેરે સુખકો નિધાન ॥૨॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

બેનુ બજાયોરી સુંદર નંદકે કનૈયા ।
જલ થલ ચલ અચલ ભયે હૈ તૃન ન ચરત મૃગ-ગૈયા ॥૧॥
વ્યોમવિમાન સુરન છાયો ગિરિરાજધરન કે કાજ, લાજ તજ છબિ નિરખત ઔર લેત બલૈયા ।
ઉદેરાજ પ્રભુ મદનમોહન જગજીવન જાયો મૈયા ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ સાતમ



આજના શૃંગાર : ધોતી-ચાકદાર અને પાગ-કતરો

સાજ : આછા પીરોજા રંગની છાપાની, લાલ રંગના છાપાના હાંસિયાવાળી તેમજ રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગના છાપાની ધોતી તેમજ પીરોજા રંગના છાપાનાં ચોલી અને ખુલેબંધનો ચાકદાર વાઘો ધર્યાં છે. બધાં વસ્ત્રોને રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર ગુલાબી રંગનું ધર્યું છે. ધોતી ઉપર ખુલેબંધનો ચાકદાર વાઘો એ આજના શૃંગારની વિશેષતા છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા જડાવ માણેકનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** કેસરી રંગના છાપાની પાગ ઉપર શિરપેચ અને ભીમસેની કતરો (કેરી આકારનો કતરો) તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ દર્શન : (રાગ : સારંગ)**

કહા કહો લાલ સુઘર રંગ રાખ્યો મુરલીમેં ।
તાન બંધાન સ્વર ભેદ લેત અતિજત બિચબિચ મિલવત વિકટ અવધર ॥૧॥
ચોખ માખનકી રેખ તામે ગાયન મિલવત લાંબે લાંબે સ્વર ।
બિચબિચ લેત તિહારો નામ સુનરી સયાની **ગોવિંદ**પ્રભુ વ્રજરાની કે કુંવર ॥૨॥

શયન : (રાગ : કાન્હરો)

તેરેરી વદન કમલપર નંદનંદન આલી મુરલી નાદ કરત ગુંજાર ।
લલિત ત્રિભંગી તેરે રોમરોમ રમ રહે કર રાખિયોં ઉર હાર ॥૧॥
જા સુખકો સનકાદિક ઇચ્છત સો તેરે બસ ભયે મુરાર ।
કલ્યાનકે પ્રભુ કમલાપતિ મિલવે કો કિનહુ ન પાયો પાર ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ અષ્ટમી   મંગળા દર્શન   ગુજરાતી : આસો સુદ આઠમ



વ્રજ : આશ્વિન શુક્લ અષ્ટમી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો સુદ આઠમ

વસ્ત્ર : કેસરી રંગનો, છાપાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : કેસરી રંગની છાપાની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઘેબર અને મગની દાળની પકોડી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે આઠમા વિલાસનું લીલાસ્થળ શાંતનકુંડ છે. આજના મનોરથનાં મુખ્ય સખી ભામાજી છે. સામગ્રી સુતરફેણીની છે. ભદ્રવનમાં વનદેવીના પૂજન માટે ગોપીજનોનાં યૂથો પધાર્યાં છે; પરંતુ ચિંતન અને ગુણગાન તો નંદનંદનનું કરી રહ્યાં છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

બન બંસી બજાવે સાંવરો તાહિ કિહી મિસ દેખન જાઉ ।
મોર મુકુટ માથે ધરે વાંકો લલિત ત્રિભંગી નાઉ ॥૧॥
દયા બિથુનો નિર્દય મેરી પીર ન જાને બીર ।
શ્યામ મિલ આડો ભયો મેરો કબકો દાવનગીર ॥૨॥
હાંહારી મોહે જાન દે મેરી પીર ન જાને કંત ।
સનમધિયોંસો બસનહિ મેરો લિયો ચાહત અંત ॥૩॥
માતપિતા બર સોધકે મેરે બેરી ઉટરિ પાંય ।
લોકવેદ બરજૈ સબૈરિ પચિ હારે સમુઝાય ॥૪॥
ઈતની કહિ તન યોં તજેરી જ્યોં કંચુકિ ઢિંગ નાગ ।
જાય મિલિ તેં **સૂરશ્યામ** સૌ જૈસે સોને મિલ્યો સુહાગ ॥૫॥

શૃંગાર : (રાગ : રામકલી)

દેખો દેખોરી નાગરનટ નિર્તત કાલિંદી તટ ગોપિન કે મધ્ય રાજેં મુકુટ લટક ।
કાછિની કિંકણી કટિ પીતાંબર કી ચટક કુંડલ કિરણ રવિ રથકી અટક ॥૧॥
તત થેઈ તાતા થેઈ શબ્દ સકલ ઘટ ઉરપ તિરપ ગતિ પગકી પટક ।
રાસમેં શ્રીરાધે રાધે મુરલીમેં એક રટ **નંદદાસ** ગાવૈ તહા નિપટ નિકટ ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ આઠમ



વ્રજ : આશ્વિન શુક્લ અષ્ટમી   ચિત્ર પરિચય   ગુજરાતી : આસો સુદ આઠમ

આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : વેણુનાદ સાંભળીને બંને તરફથી ગોપીજનોનાં યૂથ પ્રભુ શ્રીગોવર્ધનધરણ તરફ પધારી રહ્યાં છે, એવી રાસના પ્રારંભની ભદ્રવનની લીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી તથા શ્યામ રંગના છાપાનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોલી અને કાછની ધર્યાં છે. કેસરી રંગના છાપાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો રાસપટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર સફેદ છાપાનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** ડાંકનો મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે મોટાં સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

નાગરી નાગરસો મિલ ગાવત રાસમે સારંગ રાગ જમ્યો ।
તાન બંધાન તીન મૂર્છના દેખત વૈભવ કામ કમ્યૌ ॥૧॥
અદ્‌ભુત અવધિ કહાં લગિ બરનૌ મોહન મૂરતિ વદન રમ્યો ।
ભજિ **કૃષ્ણદાસ** થક્તિ નભ ઉડુપતિ ગિરિધર કૌતુક દર્પ દમ્યો ॥૨॥

શયન : (રાગ : કાન્હરો)

નૃત્યત રાસ રંગા રસિક રસભરે હો ।
સુલપ પંચ ગતિ લેત ગ્રગ્રતતતત થેઈ થેઈ બાજત મૃદુંગા ॥૧॥
તાલ ઝાંઝ કિન્નરિ કતર ભેદ તૈસિયે મીલી સરસ સુર ઉપંગા ।
ગોવિંદ પ્રભુકે રસમાતે યુવતી યુથમધિ ખસિત કુસુમ સિર મોતીન મંગા ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ નોમ



નવરાત્રિ સમાપ્તિ

વસ્ત્ર : લાલ રંગનો, છાપાનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : કેસરી રંગની છાપાની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં અડદની દાળની ઈમરતી, વેસણની ઝીણી સેંવ તથા પતરવેલિયાં (પાંતરાં) ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે નવમા વિલાસનું લીલાસ્થળ બંસીવટ છે. આજના મનોરથનાં મુખ્ય સખીજનો તરીકે શ્રીલાડિલીજીએ નવધા ભક્તોને બોલાવ્યાં છે. સામગ્રી પૂવા, ખોવા, મીઠાઈમેવા વગેરે નવધા ભોજનની છે. નવવિલાસની આજે સમાપ્તિ છે. સમાપ્તિમાં શ્રીલાડિલીજીની સેવા, બંસીવટ વિહાર અને પ્રિયાપ્રિયતમની રસલીલાનું વર્ણન છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

બૈરિન બાંસુરી તોય બજત ન આવે લાજ ।
જલથલ અનિલ થક્તિ ભયે તેં પાયો હૈ સુખરાજ ।।૧।।

(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧)

શૃંગાર : (રાગ : બિલાવલ)

સુનરી સેન દઈ ગ્વાલનકો મોહનલાલ બજાયો બેન ।
પ્રાતસમે જાગે અનુરાગે વૃંદાવન આનંદ ભયો માઈ ચલે ચરાવત ધેન ।।૧।।
બરન બરન બાનિક બનિ આયે પટભૂષન જસોમતિ પહરાયે, ભાલતિલક દે આંજે નૈન ।
હરિનારાયન શ્યામદાસ કે પ્રભુ માઈ પ્રગટ ભયે, ધરિ ચંદ્રિકા સીસ સબ વ્રજજન સુખદેન ।।૨।।

વ્રજ : આશ્વિન શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ નોમ



વ્રજ : આશ્વિન શુક્લ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો સુદ નોમ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-સૂથન-ચાકદાર

સાજ : લાલ રંગના છાપાની, સોનેરી જરીના તૂઈલેસની કિનાર અને હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગના છાપાનાં, સોનેરી અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ખુલેબંધનો ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** લાલ રંગની છાપાની પાગ ઉપર શિરપેચ અને મોરપંખની સાદી ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. વિવિધ રંગનાં પુષ્પોની એક અને એક ગુલાબનાં પુષ્પોની એમ બે સુંદર પુષ્પમાળા ધરી છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

બૈઠે હરિ રાધાસંગ કુંજભવન અપને રંગ કર મુરલી અધર ધરે સારંગ મુખ ગાઈ ।
મોહન અતિહી સુજાન પરમ ચતુર ગુનનિધાન જાનબુઝ એક તાન ચૂકકે બજાઈ ॥૧॥
પ્યારી જબ ગહ્યો બીન સકલ કલા ગુણપ્રવીન અતિ નવીન રુપ સહિત વહી તાન સુનાઈ ।
વલ્લભ ગિરિધરનલાલ રીઝ દઈ અંકમાલ કહત ભલે ભલે લાલ સુંદર સુખદાઈ ॥૨॥

સંધ્યા આરતી : (રાગ : ઈમન)

પૂજન ચલો હો કદમ વનદેવી આઓ હમારે કોઉ સંગ ।
ભાવભક્તિ માનત સબહિનકી બલિ ન કાહૂકી કછુ લેવી ॥૧॥
પૂજવત સકલ ઘોખકી કામના સીતલ સુખદ સરસ સુર સેવી ।
ગોવિંદ પ્રભુસો કહત વૃષભાન નંદિની સુનાય સુનાય કછુક બાત ઔરી ॥૨॥

શયન દર્શન : (રાગ : કાન્હરો)

શોભિત નાસિકા ગિરિધર ગજમોતી ।
બોલત બીરા ખાત હસત ડોલત અરુણ અધરકી દીની પોતી ॥૧॥
કુંડલ લોલ કપોલ વિરાજત જગમગાત મુખ મંજુલ જોતી ।
ગોવિંદપ્રભુકો જુ શ્રીમુખ નિરખત રસના કહા બરનું મતિ બોતી ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ દસમ



દશેરા (વિજયાદશમી)

શ્રીગુસાંઈજીના જ્યેષ્ઠ પુત્ર - શ્રીગિરિધરજીના પ્રથમ લાલજી શ્રીમુરલીધરજીનો ઉત્સવ (૧૬૩૦)

દેહલી - વંદનમાલ - હાંડી - આજે અભ્યંગ થાય.

વસ્ત્ર : રૂપેરી જરીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : લાલ રંગની છાપાની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે વિશેષ સામગ્રીમાં દાળનાં ગુંજા, ખીર, છાશવડાં, મનોહર તેમજ ઉત્સવની સખડી-અનસખડીની સામગ્રી ધરાય છે. સાંજે જવારા ધરાય ત્યારે ઉત્સવભોગમાં દસ મોટાં માટ તથા દસ નાનાં માટ, દૂધઘરની સામગ્રી, બીલસારુ, દૂધ, બીજ, ફડફડિયાં, ચણાની દાળ, સંધાણાં વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે સાંજે ભોગનાં દર્શનમાં શ્રીપ્રભુને તિલક અક્ષત થાય છે. પ્રથમ નવરાત્રિએ વાવેલા જવારામાંથી સુંદર કૂણાં ૧૦ જ્વારાને રેશમી દોરાથી બાંધી, કલગી બનાવી શ્રીપ્રભુને મસ્તક ઉપરથી મોરચંદ્રિકા વડી કરી, ત્યાં એ જ્વારાની કલગી ધરાય છે. તે સમયે ઝાલર-ઘંટાવાગે છે. ઢાલ-તલવાર ધરાય છે. જ્વારા ધરાયા પછી ઉત્સવભોગ આવે છે. ધૂપ, દીપ, શંખોદક વગેરે થાય છે. ઉત્સવભોગમાં ખાસ ૧૦ મોટાં માટ ધરાય છે અને અન્ય અનેક સામગ્રીઓ ધરાય છે. દશ પ્રકારના ભક્તોના ભાવથી ૧૦ માટ ધરાય છે. આજે મુખ્યત્વે નિર્ગુણ ભક્તોના ભાવની સેવા છે તેથી શ્વેત વસ્ત્રો ધરાય છે. યવાંકુર (જ્વારા) રૂપે પ્રભુ ભક્તોના ભાવને અંકુરિત કરે છે.

કીર્તન : **શૃંગાર : (રાગ : બિલાવલ)**

સાત વરસકો સાંવરો બોલત હૈ તુતરાત ।
હસ હસ કાન્હ કહે સુનો મેરી એક બાત ॥૧॥
ઈન્દ્રપૂજા કીજિયે પૂજો હો ગિરિ તાત ।
તુમ દેખત ભોજન કરે પકવાન હિ અરુ ભાત ॥૨॥
મતો યહી નિરધાર કે ગોપ ગૃહન કો જાત ।
મૃદુ બાની ગિરિધરનકી સુનિ **સૂર** બલિ જાત ॥૩॥

(મંગળા સમયના કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : આશ્વિન શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ દસમ



વ્રજ : આશ્વિન શુક્લ દશમી **ચિત્ર પરિચય** ગુજરાતી : આસો સુદ દસમ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-સૂથન-ઘેરદાર

સાજ : લીલા રંગની ધરતી ઉપર ફૂલ પાનની વેલના સૂરમા સિતારાના-કસીદાના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : રૂપેરી જરીનું સૂથન, ચોલી અને ઘેરદાર વાઘો ધર્યો છે. ઠાડું વસ્ત્ર ઘેરા લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** રૂપેરી જરીની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. સુવર્ણનું જડાવનું ચોકઠું પીઠિકા ઉપર ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબનાં પુષ્પોનાં અને શ્વેત પુષ્પોનાં એમ બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં જડાવ વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજથી અન્નકૂટ મહાયજ્ઞની ઝાંઝની વધાઈ બેસે છે. અન્નકૂટનાં કીર્તન ગવાય છે. અન્નકૂટની સામગ્રીની શરૂઆત માટે ભઠ્ઠીપૂજન થાય છે અને સખડી રસોઈઘરના મુખિયાજીને બીડાં ઝીલાવી આજ્ઞા અપાય છે.

અષાઢ સુદ અગિયારસે તુલસીજીનાં બીજ વાવવામાં આવે છે. તેની અભિવૃદ્ધિ અને રક્ષા માટે પ્રયત્ન કરવામાં આવે છે. કન્યાવત્ તેનું પાલન કરીને કાર્તક સુદ અગિયારસે તેનો વિવાહ પ્રભુ સાથે કરવામાં આવે છે. આ તુલસીપૂજનની અને તુલસી વિવાહની મહત્તા પુરાણોમાં બતાવવામાં આવી છે. તેથી આપણે ત્યાં એવી રીત આવી છે કે આજથી એક મહિના સુધી સમસ્ત પુષ્ટિસૃષ્ટિના વૈષ્ણવોની આડીથી, પ્રત્યેક જીવને કૃતાર્થ કરવા માટે, શ્રીજીના ચરણોમાં સવા લાખ તુલસીદલ સમર્પવામાં આવે છે. ત્યાર પછી સમસ્ત વૈષ્ણવોને અંગીકાર કરાવવાના હેતુથી સવાલક્ષ તુલસીજીની ગોવર્ધનમાળા શ્રીપ્રભુના વક્ષઃસ્થળ ઉપર અંગીકાર થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : નટ બિલાવલ)**

આન ઔર આન કહત ભેચક રહત વ્રજનારી નર ।
કટુ તિકત આમ્લ મધુર ખારે સલોને પ્રકાર ખટરસકો પ્રીતસોં આરોગત સુંદરવર ॥૧॥
ગિરિરાજ બરન બરન શિલા જુ સહસ્રન મોદક ઠોર ઠોર બેસન ગુંજા બાબરન ।
રાજારામકે પ્રભુકો અચવાવન કારન ઈન્દ્ર ઝારી ભર લાયો જલધર ॥૨॥

શ્રીઠાકોરજીને જવારા ધરે ત્યારે : (રાગ : સારંગ/કાન્હરો)

આજ દશહરા સુભ દિન નીકો ।
ગિરિધરલાલ જવારે બાંધત બન્યો હે ભાલ કુંકુમ કો ટીકો ॥૧॥
આરતી કરત દેત ન્યૌછાવર ચિરજીયો લાલ ભામતો જીકો ।
આસકરન પ્રભુ મોહન નાગર ત્રિભુવન કો સુખ લાગત ફીકો ॥૨॥

(શયન દર્શનના કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : આશ્વિન શુક્લ દશમી

દશેરા - વિજયાદશમી

ગુજરાતી : આસો સુદ દસમ



વ્રજ : આશ્વિન શુક્લ દશમી　　ચિત્ર પરિચય　　ગુજરાતી : આસો સુદ દસમ

દશેરા - વિજયાદશમી

(૧) સામેના પાના ઉપર વિજયાદશમીને દિવસે માંડવામાં આવતા દશેરાનું ચિત્ર છે. લાડકાના પાટલા ઉપર ખડીથી દેહરી ચીતરી, તેમાં દસ ખાનામાં ગોબરના દસ ગોળા અથવા થેપલી મૂકવામાં આવે છે. સાંજે ભોગનાં દર્શનમાં શ્રીપ્રભુને જવારા ધરાય ત્યારે સન્મુખમાં તે રાખવામાં આવે છે. પ્રભુને જવારા ધરાયા પછી કુમકુમ-અક્ષત અને જવારાથી તેનું પૂજન થાય છે. ત્યારબાદ ગોબરની આ દશ થેપલી સૂકાવી રાખી, કાળી ચૌદશના દિવસે પ્રભુના સ્નાન માટેનું જળ તેના પર ગરમ કરવામાં આવે છે.

(૨) શ્રીરામચંદ્રજીએ લંકા ઉપર ચઢાઈ કરી, દશેરાના દિવસે રાવણવધ કર્યો હતો તેવી માન્યતા છે. તેથી નવરાત્રિના નવ દિવસ સાંજે ભોગસંધ્યા સમયે કરખાનાં (યુદ્ધગાનનાં-વીરરસનાં) કીર્તન ગવાય છે. દશેરાના દિવસે વિજયની યાદમાં જવારા ધરાય છે અને ઢાલ તલવાર ધરાય છે.

દશેરાના દિવસે જવારા ધરાય છે તેનો રસભાવ પણ છે. પ્રિયા પ્રીતમની રસમય કેલિનો ભાવ છે. આજે શ્યામસુંદર બરસાના પધાર્યા છે અને શ્રીરાધિકાજીને લઈને નંદગામ પધાર્યા છે. અહીં બંનેની સગાઈ થઈ છે તેથી શ્યામસુંદરને ટીકો (તિલક) થયો છે. વિજયાદશમીના પદોમાં આ પ્રથમ સમાગમનું વર્ણન મળે છે. મધુર રસના અધિકારી જીવો આ ભાવ સમજી શકે છે. આજે જવારા ધરાય છે તે શ્રીસ્વામિનજીના ચરણચિહ્ન યવના ભાવથી ધરાતા હોવાથી શ્રીસ્વામિનીજીનો શ્રીઠાકોરજી પર વિજય સૂચવે છે.

(૩) આજથી ૩૫ દિવસ સુધી, દરરોજ સાંજે કમલચોકમાં આકાશદીપ ચડે છે. એવી માન્યતા છે કે આકાશદીપથી બાલકના અનિષ્ટની નિવૃત્તિ થાય છે તેમજ અતુલ સંપત્તિ અને સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. તેથી આજથી ચક્રરાજ સુદર્શનજી સમક્ષ તલના તેલનો દીવો-આકાશદીપ ચડે છે. શ્રીનવનીતપ્રિયજીના મંદિરમાં પણ આકાશદીપ ચડે છે. આકાશદીપની બીજી ભાવના એવી છે કે પ્રભુ રોજ શયન પછી નંદગામથી બરસાના પધારે છે; ત્યારે નંદાલયથી બરસાનાના અંતરનો ખ્યાલ આવે તે માટે અગાસીમાં અધ્ધર આ આકાશદીપ પ્રગટાવાય છે.

કમલચોકમાં માનસીગંગા - તેલના દીવાનું ઝાડ - રચાય છે. અગણિત દીવાઓનું આ સુંદર ઝાડ માનસીગંગાના ભાવથી ગોળાકારમાં બને છે. વૈષ્ણવો આ માનસીગંગાના દીવાઓમાં તેલ-દિવેટ પૂરી, આ દીપકના રૂપે અગ્નિની પરિક્રમા કરે છે. આકાશદીપની જેમ આ માનસીગંગા પણ આજથી ૩૫ દિવસ સુધી દરરોજ સાંજે રચાય છે.

આજે શ્રીગુસાંઈજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીમુરલીધરજીનો ઉત્સવ છે. આપશ્રીનું પ્રાકટ્ય સં. ૧૬૩૦માં ગોકુળમાં થયું હતું. ઉપનયન સંસ્કાર પછી, બાદશાહને કૃતાર્થ કરવા આપશ્રી તેની પાસે પધાર્યા. પોષાક, શૃંગાર, ભાષા વગેરે બધી લીલા બાદશાહ જેવી બતાવવા લાગ્યા.

એકવાર બાદશાહ શિકાર કરવા ગયો. શ્રીમુરલીધરજી પણ પાછળ પધાર્યા. ગરમીના દિવસો હતા. પોતાના રસાલાથી બાદશાહ આગળ નીકળી ગયો. સાથે કોઈ હતું નહિ. તરસથી બાદશાહ બેહોશ જેવો થઈ ગયો ત્યારે શ્રીમુરલીધરજીએ તેને પોતાની પાસેથી જળ પીવડાવ્યું. શ્રીજીનો પ્રસાદ આપ્યો. બાદશાહ સચેત થયો. પ્રસન્ન થઈને કહે છે : ‘માઈતે ખુદા, હું તમારા ઉપર ફિદા છું. જે માગશો તે આપીશ.’

શ્રીવલ્લભવંશજો કદી પોતાના હિતનું નથી ઇચ્છતા પરંતુ પ્રભુનું સુખ ઇચ્છે છે. તે માટે જ બધી લૌકિક લીલાઓ કરે છે. આપશ્રીએ ત્રણ વસ્તુઓ માગી. ૧. આપે સમાજમાં ગાવા-બજાવવાનું બંધ કરાવ્યું છે એ ચાલુ કરાવવું.’ બાદશાહે આજ્ઞા આપી અને તેથી ભગવદ્ મંદિરોમાં સર્વત્ર કીર્તન ગાવાનું અને વાજીંત્રો વગાડવાનું શરૂ થયું. બીજી વસ્તુ છતના ખેંચવાના પંખાની આજ્ઞા માગી અને ત્રીજી આજ્ઞા શરદની સજાવટ ચાંદનીમાં કરવાની લીધી. આમ આ ત્રણ વસ્તુઓ બાદશાહ પાસેથી લઈ આપશ્રી ગોકુળ પધાર્યા. ગોકુળમાં શ્રીગુસાંઈજીને અને શ્રીગિરિધરજીને બાદશાહનાં આ ફરમાનો આપ્યાં. બંનેએ આપશ્રીની યવની વેષભૂષા જોઈને ઘણો ક્ષોભ અનુભવ્યો. પરંતુ શ્રીમુરલીધરજી તરત જ નિત્યલીલા પ્રવેશ કરી ગયા.

લીલાપ્રવેશ સમયે આપશ્રીનો જે પોષાક હતો, છજ્જેદાર પાગ, ઘેરદાર વાઘો અને સૂથન તથા કમર ઉપર કટાર તે જ શૃંગાર આજના દિવસે શ્રીજીબાવા અંગીકાર કરે છે. ઘેરદાર વાઘો, સૂથન અને પાગનો શૃંગાર થાય છે અને કટિ ઉપર કટાર - તલવાર ધરાય છે. બાજુમાં ઢાલ પણ ધરાય છે.

વ્રજ : આશ્વિન શુક્લ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ અગિયારસ



વ્રજ : આશ્વિન શુક્લ એકાદશી ચિત્ર પરિચય ગુજરાતી : આસો સુદ અગિયારસ

પાશાંકુશા એકાદશી

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી ધરી છે.

શૃંગાર : રૂપેરી જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં દહીંની સેવના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : શ્રીનાથજીને, રાસપંચાધ્યાયીના આધાર પર, શરદપૂર્ણિમા રાસોત્સવના મુકુટના પાંચ શૃંગાર થાય છે. મહારાસની સેવા શૃંગારનો ક્રમ આ પ્રમાણે છે.

(૧) આસો સુદ ૮ - પ્રથમ વેણુનાદ - પ્રશ્ન - ઉપદેશ તથા પ્રણયગીત. તેથી રાસની ચિત્રકામની પિછવાઈ - મુકુટનો શૃંગાર થાય. શ્રીભામતીજીની સેવા.

(૨) આસો સુદ ૧૧ - લઘુરાસ - રાસના ચિત્રકામની પિછવાઈ આવે. મુકુટ ધરાય - લલિતાજીના ભાવથી ગુલાબી ઉપરણો ધરાય.

(૩) આસો સુદ ૧૪ - પ્રભુએ બિરાજીને પ્રશ્નોના ઉતરો આપ્યા. જરીની કાછની - રાસના ચિત્રકામની પિછવાઈ - મુકુટ ધરાય. વનમાલાનો શૃંગાર- શ્રીયમુનાજીના ભાવની સેવા - શયનમાં ચૂંદડીનો ઉપરણો ધરાય. ચૂંદડીનું વસ્ત્ર આજે છેલ્લું ધરાય.

(૪) આસો સુદ ૧૫ - શરદનો શૃંગાર - શ્વેત અને સોનેરી જરીનાં વસ્ત્રો - મુકુટ અને આભરણ હીરામોતીનાં - સ્વામિનીજીના ભાવથી ભીતર શરદની સજાવટ - મહારાસની ચિત્રકામની પિછવાઈ.

(૫) આસો વદ ૧ - શરદનો બીજો એવો જ શૃંગાર - શયનમાં સફેદ ઉપરણો શ્રીચંદ્રાવલીજીના ભાવથી ધરાય.

કીર્તન : **મંગલા : (રાગ : બિભાસ)**

માન લાગ્યો ગિરિધર ગાવે ।
તત થૈઈ તતથૈઈ તત તા થેઇ થૈઈ ભેરૌં રાગ મિલ મુરલી બજાવે ॥૧॥
નાચત નવ વૃષભાન દુલારી અવધર ગતિએ ગતિ ઉપજાવે ।
ગિરિધર પિયપ્યારી કી પદ રજ **કૃષ્ણદાસ** લૈ શીશ ચઢાવે ॥૨॥

(મંગળા દર્શન અને શૃંગાર દર્શનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : આશ્વિન શુક્લ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ અગિયારસ



વ્રજ : આશ્વિન શુક્લ એકાદશી ચિત્ર પરિચય ગુજરાતી : આસો સુદ અગિયારસ

આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : 'દ્વૈ દ્વૈ ગોપી બીચ બીચ માધો' આ પ્રકારની, બે ગોપીજન અને વચ્ચે શ્રીકૃષ્ણ એવી રાસલીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની અને રાસપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાનીનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના, પીરોજા તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** સુવર્ણનો રત્નજડિત મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજની સર્વ સેવા લલિતાજીની આડીથી થાય છે. રાસોત્સવનો આ બીજો શૃંગાર છે. વસ્ત્ર અને આભરણ ઐચ્છિક ધરાય છે પણ શૃંગાર મુકુટનો થાય છે. ઠાડું વસ્ત્ર સફેદ જ આવે કારણ કે જ્યારે પણ મુકુટ ધરાય ત્યારે રાસના ભાવથી, ચાંદનીના ભાવથી ઠાડું વસ્ત્ર સફેદ જ આવે છે. આજે શયનનાં દર્શન ગુલાબી ઉપરણા અને પાગના શૃંગારમાં - મંગળા દર્શનની જેમ - થાય છે. આજથી આસો વદ એકમ સુધી આઠે સમામાં રાસનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

બન્યો રાસ મંડલ અહો યુવતિયૂથ મધ્ય નાયક નાચૈ ગાવૈ ।
ઉઘટત શબ્દ તત થેઈ તાથેઇ ગતમે ગત ઉપજાવે ।।૧।।
બની શ્રીરાધા વલ્લભ જોરી ઉપમાકો દીજૈ કોરી લટકત હૈ બાંહ જોરી રીઝ રિઝાવે ।
સુરનર મુનિ મોહે જહાં તહાં થક્તિ ભયે મીઠી મીઠી તાનન લાલન વેણુ બજાવે ।।૨।।
અંગ અંગ ચિત્ર કિયે મોર ચંદા માથૈ દિયે કાછની કાછે પીતાંબર શોભા પાવે ।
ચતુર વિહારી પ્યારી પ્યારે ઉપર વાર ડારી તન મન ધન યહ સુખ કહત ન આવે ।।૩।।

શયન : (રાગ : કાન્હરો)

નૃત્યત રાસરંગા રસિકરસ ભરે હો ।
સુલપ સંચ ગતિ લેત ગ્રગ્રતતતત થેઇ થેઇ બાજત મૃદુંગ ।।૧।।
તાલ ઝાંઝ કિન્નરી કતર ભેદ તૈસીયે મિલી સરસ સુર ઉપંગા ।
ગોવિંદપ્રભુકે રસ માતે યુવતી યુથ મધિ ખસિત કુસુમ શિર મોતીન મંગા ।।૨।।

વ્રજ : આશ્વિન શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ બારસ



વ્રજ : આશ્વિન શુક્લ દ્વાદશી   ચિત્ર પરિચય   ગુજરાતી : આસો સુદ બારસ

વસ્ત્ર : રૂપેરી જરીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : કેસરી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ૠતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : અન્નકૂટ ઉત્સવ સુધી અષ્ટસખીના ભાવથી આઠ શૃંગાર થાય છે. જે સખીનો શૃંગાર હોય તેની અંતરંગ સખીની આડીથી એ શૃંગાર થાય છે. આજનો શૃંગાર વિશાખાજીનો છે. તે તેમની પ્રિય સખી આચ્છાદિકાની આડીથી થયેલો છે. સફેદ રંગના અને સોનેરી ભરતકામવાળા સાજ અને પાગ તથા વસ્ત્રો ધરાય છે. કર્ણફૂલનો આછો શૃંગાર થાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : ભૈરવ)**

નાગરી નંદલાલ સંગ રંગ ભરી રાજે ।
શ્યામ અંસ બાહુ દિયે કુંવરી પુલક પુલક હિયે મંદ મંદ હસન પ્રિયે કોટ મદન લાજે ॥૧॥
તરૂતમાલ શ્યામલાલ લપટી અંગ અંગ વેલિ નિરખ સખી છબિ સુકેલિ નુપૂર કલ બાજે ।
દામોદર હિત સુદેશ શોભિત સુંદર સુવેષ નવલકુંજ ભ્રમરકુંજ કોકિલ કલ ગાજે ॥૨॥

શૃંગાર : (રાગ : ખટ)

નિર્તત રાધા નંદકિશોર ।
તાલ મૃદંગ સહચરી બજાવત બિચબિચ મોહન મુરલી કલઘોર ॥૧॥
ઉરપ તિરપ પગ ધરત ધરણી પર મંડલ ફિરત ભુજન ભુજ ચાર ।
શોભા અમિત વિલોક **ગદાધર** રીઝરીઝ ડારત તૃણતોર ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ દ્વાદશી રાજભોગ દર્શન ગુજરાતી : આસો સુદ બારસ



વ્રજ : આશ્વિન શુક્લ દ્વાદશી **ચિત્ર પરિચય** **ગુજરાતી : આસો સુદ બારસ**

આજના શૃંગાર : પાગ-કતરો-સૂથન-ઘેરદાર

સાજ : શ્વેત રંગની મલમલની, સોનેરી સુરમા-સિતારાના કામની તથા કસીદાના ફૂલવેલના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ રંગની મલમલનાં, દુહેરી રૂપેરી અને સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી તથા ઘેરદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** રૂપેરી જરીની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા જમાવ (નાગફણી)નો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

નાગરી નાગરસો મિલ ગાવત રાસમેં સારંગ રાગ જમ્યો ।
તાન બંધાન તીન મૂર્છના દેખત વૈભવ કામ કમ્યો ॥૧॥
અદ્‌ભુત અવધિ કહા લગિ વરનૌ મોહન મૂરતિ વદન રમ્યો ।
ભજિ **કૃષ્ણદાસ** થકિત નભ ઉડુપતિ ગિરિધર કૌતુક દર્પ દમ્યો ॥૨॥

શયન : (રાગ : ઈમન)

ગ્રગ્ર થુંગ થુંગ તિત કિટ થુંગન એક ચરણ કરસૌ ભલૈ જુ ભલે મૃદંગ બજાવે ।
દુસરે કર ચરણસો કઠતાલ ઝંઝંઝં ઝપતાલમેં અવધર ગતિ ઉપજાવે ॥૧॥
કંઠ સરસ સુરહિ ગાવે મોહન મધુરતાન લાવૈ સકલકલા પૂરણ વૃષભાનનંદિની પિય મન ભાવે ।
ગોવિંદપ્રભુ પિય રીઝિ રહે મુરઝાઈ દશન દશન ધરકે રહસિ ઉરસિ લપટાવૈ ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ ત્રયોદશી **મંગળા દર્શન** ગુજરાતી : આસો સુદ તેરસ



વ્રજ : આશ્વિન શુક્લ ત્રયોદશી ચિત્ર પરિચય ગુજરાતી : આસો સુદ તેરસ

શ્રીબાલકૃષ્ણલાલજી (સુરત)નો પાટોત્સવ

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, રૂપેરી જરીની તુઈલિસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : રૂપેરી જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં કપૂરનાડીની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજનો શૃંગાર શ્રીતુંગવિદ્યાજીના ભાવનો છે. તેમની સખી વૃંદાદેવીજીની આડીનો છે. સુરમા-સિતારાના ભરતકામવાળી પિછવાઈ અને જરીનાં વસ્ત્રો તથા જમાવની ચંદ્રિકાનો મધ્યનો શૃંગાર થાય છે.

આજે શ્રીબાલકૃષ્ણલાલજી (સુરત)નો પાટોત્સવ છે.

નામ ભાવના :

શ્રીકૃષ્ણ સ્વરૂપે ગોકુળમાં પ્રકટ થઈ બાલલીલા કરી વ્રજભક્તોને આનંદ આપ્યો તે શ્રીબાલકૃષ્ણલાલજી.

લીલાભાવના :

પ્રભુએ આ સ્વરૂપે ત્રણ લીલા કરી છે. પૂતનાવધ, શકટભંજન લીલા અને તૃણાવર્તવધ. શ્રીકૃષ્ણ જ્યારે છ દિવસના હતા ત્યારે કંસે મોકલેલી રાક્ષસી પૂતનાના પ્રાણ ચૂસી લઈ ગોકુળના સર્વ બાળકોનું રક્ષણ કર્યું હતું. ત્રણ મહિનાના થયા ત્યારે ગાડા રૂપે આવેલા શકટાસુરને મારી શકટભંજનલીલા કરી. થોડા મોટા થયા પછી તૃણાવર્ત નામનો રાક્ષસ વંટોળિયા રૂપે આવ્યો ત્યારે ભગવાને તેના ગળે લટકી, તેને પછાડ્યો અને તેના પ્રાણ હરી લીધા. આમ આવા રાક્ષસોથી વ્રજવાસીઓનું રક્ષણ કર્યું.

સ્વરૂપભાવના :

આ સ્વરૂપ અત્યંત નાનકડું છે. મુખારવિંદ તથા શ્રીહસ્ત અને ચરણારવિંદના પંજા ગૌર છે તથા શ્રીઅંગ શ્યામ છે. જમણા શ્રીહસ્તમાં માખણ છે. ડાબો શ્રીહસ્ત જમીન પર ટેકવેલો છે. જમણો ચરણ ઘૂંટણમાંથી ઊંચો છે. ડાબો ચરણ પાછળ વળેલો છે. નેત્રોમાં અંજન છે. શ્રીનવનીતપ્રિયાજીના સ્વરૂપ સાથે આ સ્વરૂપનું ઘણું સામ્ય છે.

શ્રીબાલકૃષ્ણલાલજીનું પદ :

નંદ આંગન ક્રીડત સુખરૂપ ।
દ્વિભુજ ગૌર માખન કર લીને, ઘુટુરન ચલત અનૂપ ॥૧॥
વ્રજજુવતીન પ્રતિબંધ નેક નાહિં, સબ દેખત ઉર ભાવે ।
દ્વારકેશ પ્રભુકુ લૈ ગૌપી, તાનકે તાપ શમાવે ॥૨॥

(મંગલા સમયના કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : આશ્વિન શુક્લ ત્રયોદશી **રાજભોગ દર્શન** ગુજરાતી : આસો સુદ તેરસ



વ્રજ : આશ્વિન શુક્લ ત્રયોદશી   ચિત્ર પરિચય   ગુજરાતી : આસો સુદ તેરસ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-સૂથન-ઘેરદાર

સાજ : કથ્થાઈ તથા શ્યામ ધરતી ઉપર સોનેરી સુરમા સિતારાના ભરતકામવાળી તથા ભરતકામના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સોનેરી-રૂપેરી (ગંગા-જમના) જરીનું સૂથન, ચોલી અને ઘેરદાર વાગો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** સોનેરી - રૂપેરી જરીની પાગ ઉપર શિરપેચ તથા રૂપેરી ચમકની ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શૃંગાર : (રાગ : બિલાવલ)**

સુનરી સેન દઇ ગ્વાલન કો મોહનલાલ બજાયો બેન ।
પ્રાતસમે જાગે અનુરાગે વૃંદાવન આનંદ માઈ ચલે ચરાવન ધેન ॥૧॥
બરન બરન બાનિક બનિ આયે પટભૂખન જસુમતિ પહેરાયે ભાલ તિલક દે આંજે નૈંન ।
હરિનારાયન શ્યામદાસકે પ્રભુ માઈ પ્રગટ ભયે, ધરી સીસ ચંદ્રિકા સબ વ્રજજન સુખ દેન ॥૨॥

રાજભોગ : (રાગ : સારંગ)

બૈઠે હરિ રાધા સંગ કુંજભવન અપને રંગ કર મુરલી અધર ધરે સારંગ મુખ ગાઈ ।
મોહન અતિહી સુજાન પરમ ચતુર ગુણનિધાન જાનબુઝ એક તાન ચુક કે બજાઈ ॥૧॥
પ્યારી જબ ગહ્યો બીન સકલ કલા ગુન પ્રવીન અતિ નવિન રુપ સહિત વહી તાન સુનાઈ ।
વલ્લભ ગિરિધરન લાલ રીઝ દઈ અંકમાલ કહત ભલેં ભલેં લાલ સુંદર સુખદાઈ ॥૨॥

શયન : (રાગ : કાન્હરો)

શોભિત નાસિકા ગિરિધર ગજમોતી ।
બોલત બીરા ખાત હસત ડોલત અરુણ અધરકી દીની પોતી ॥૧॥
કુંડલ લોલ કપોલ બિરાજત જગમગાત મુખ મંજુલ જોતી ।
ગોવિંદ પ્રભુકો શ્રીમુખ નિરખત રસના કહા બરનું મતિ બોતી ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ ત્રયોદશી **શ્રીબાલકૃષ્ણલાલજી** ગુજરાતી : આસો સુદ તેરસ



વ્રજ : આશ્વિન શુક્લ ત્રયોદશી ચિત્ર પરિચય ગુજરાતી : આસો સુદ તેરસ

ષષ્ઠ નિધિસ્વરૂપ શ્રીબાલકૃષ્ણલાલજી-સ્વરૂપ પરિચય

સ્વરૂપધ્યાન :

ક્રીડન શ્રીબાલકૃષ્ણ પ્રમુદિત મુદિતઃ પ્રાંગણે નાંદરાયે
શ્રુત્વા સ્વં પ્રોલ્લસન્તં પદકરકરવં કૌતુકં યો વ્યનક્તિ ।
તં નાનામુગ્ધ - ભાવપ્રકટિત - નયન રિંગણ - શ્રાન્તવક્ત્રં
ગોપીચિત્તાપહારં રસમયવપુષં શ્યામલં સંભજેડહમ્ ॥

જે શ્રીબાલકૃષ્ણપ્રભુ ખૂબ જં આનંદથી કિલકિલાટ કરતા શ્રીનંદરાયજીના આંગણામાં ખેલી રહ્યા છે, ખેલતા ખેલતા પોતાના ચરણારવિંદમાં શોભતા નૂપુરનો મધુર ઝણકાર સાંભળી, આ અવાજ ક્યાંથી આવી રહ્યો છે, એવું કૌતુક પ્રગટ કરી રહ્યા છે તથા એ કૌતુકને કારણે નેત્રોથી જાતજાતના મુગ્ધ ભાવો પ્રગટ કરતા, તે અવાજ ક્યાંથી આવે છે તે શોધવા માટે ચોમેર ઘૂંટણિયે ઘૂમવાથી અને ઘૂમવા છતાં અવાજ ક્યાંથી આવે છે, તેનો પત્તો ન મળવાથી, જેમનું મુખારવિંદ ખૂબ જ શ્રમિત થઈ ગયું છે, તેમજ ગોપી એટલે કે શ્રીયશોદાજી અથવા ગોપીજનનું ચિત્ત જેમણે આવી છબીનાં દર્શન કરાવી હરી લીધું છે, એવા રસમય, શ્યામ શ્રીઅંગવાળા, શ્રીબાલકૃષ્ણ પ્રભુને હું ભજું છું.

પ્રાગટ્ય :

એક દિવસ શ્રીયમુનાજીમાં સ્નાન કરવા માટે પધારેલા શ્રીમહાપ્રભુજીની જનોઈ સાથે વીંટળાઈને એક અત્યંત નાનકડું, સુંદર સ્વરૂપ બહાર પધાર્યું. તે સ્વરૂપ તે શ્રીબાલકૃષ્ણલાલજી.

આપશ્રીએ તે સ્વરૂપ સેવા શીખવા અને ખેલવા માટે પોતાના દ્વિતીય કુમાર શ્રીવિઠ્ઠલનાથજીને જેઓ તે સમયે બહુ છોટી વયના હતા, તેમને પધરાવી આપ્યું. શ્રીવિઠ્ઠલનાથજી દરરોજ શ્રીબાલકૃષ્ણલાલજીની સેવા કરે ત્યારે તેમનાં માતુશ્રી ભોગ ધરવા માટે એક નંગ તેમને આપતાં.

એક દિવસ શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીબાલકૃષ્ણલાલજીને એક ઠોરનો ભોગ ધર્યો, ત્યારે શ્રીબાલકૃષ્ણલાલજી એ ઠોર શ્રીહસ્તમાં લઈ આરોગતા હોય તેવાં સાક્ષાત્ દર્શન તેમને થયાં. બાલસ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીને થયું કે શ્રીઠાકોરજી આખું ઠોર આરોગી જશે તો પોતાને પ્રસાદ તરીકે કંઈ મળશે નહિ. તેથી શ્રીગુસાંઈજીએ તે ઠોર ખેંચવા માંડ્યું. બંને વચ્ચે ઠોરની ખેંચાખેંચીનાં દર્શન કરી, તેમજ બંને સ્વરૂપોની બાલલીલાનાં દર્શન કરી શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા. શ્રીઠાકોરજી બધું આરોગે છતાંયે કશું ખૂટે નહિ એવું શ્રીમહાપ્રભુજીએ શ્રીવિઠ્ઠલનાથજીને સમજાવ્યું અને તે દિવસથી ભોગ ધરવા બે નંગ આપવા માંડ્યા.

શ્રીગુસાંઈજીએ જયારે પોતાના સાત લાલજીને સેવા માટે સાત સ્વરૂપો પધરાવી આપ્યા ત્યારે શ્રીબાલકૃષ્ણલાલજીનું આ સ્વરૂપ છઠ્ઠા પુત્ર શ્રીયદુનાથજીને પધરાવી આપ્યું. શ્રીયદુનાથજીને તેમના મોટા ભાઈ શ્રીબાલકૃષ્ણલાલજી સાથે ઘણો સ્નેહ હોવાથી બંને ભાઈઓ સાથે રહેતા, તેથી શ્રીદ્વારકાધીશજી તથા શ્રીબાલકૃષ્ણલાલજી ગોકુલમાં ઘણો સમય સાથે બિરાજ્યા.

ત્યારબાદ પૂ.ગો. શ્રીવ્રજરાયજી મહારાજે શ્રીબાલકૃષ્ણલાલજીને સુરત પધરાવ્યા. આજે પણ સુરતમાં મોટામંદિરમાં શ્રીબાલકૃષ્ણલાલજી બિરાજે છે.

વ્રજ : આશ્વિન શુક્લ ચતુર્દશી **મંગળા દર્શન** ગુજરાતી : આસો સુદ ચૌદસ



વ્રજ : આશ્વિન શુક્લ ચતુર્દશી — **ચિત્ર પરિચય** — **ગુજરાતી : આસો સુદ ચૌદસ**

વસ્ત્ર : સોનેરી જરીનો, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : સોનેરી-રૂપેરી જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે રાસપંચાધ્યાયીના ત્રીજા અધ્યાયનો મુકુટનો શૃંગાર થાય છે. પિછવાઈ - આભરણ ઐચ્છિક આવે છે પરંતુ મુકુટ અને રાસના ચિત્રકામની પિછવાઈ જરૂર આવે છે. શયનમાં ચૌફૂલી ચૂંદડીનો ઉપરણો ધરાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિભાસ)**

મંજુલ કર કુંજદેસ રાધાહરિ વિષદબેસ રાકાનભ કુમુદ સિંહ શરદ જામિની ॥
સાંવલ દુત કનિક અંગ બહરત મિલ એક સંગ નિરદ મનિ નીલ મધ્ય બસત દામિની ॥
પીત બર દુકુલ અનુપમ અનુરાગ મુલ સૈરભ જુત સી અનિલ મંદ ગામની ॥
કસલ યદલ રચન સૈન બોલત પીયપ્યાર બેન માન સહત પ્રતપદ અતિ કુલ કામની ॥
મેહ નમન મધમાર પરસત કુચ અતિ નિહાર વે પથ જુત વદન નેત નેત ભાંમતી ॥
કુંભનદાસ પ્રભુ કેલ ગિરિધર સુખસિંધ ઝેલ સૌરભ ત્રીય લોક નંદી જગત પાવની ॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

આજ નાગરી કિશોર ભાવતી વિચિત્ર જોરી કહા કહો અંગ અંગ પરમ માધુરી ।
કરત કેલ કંઠમેલ બાહુદંડ ગંડમંડલ પરસ સરસ લાસ્યહાસ રાસ મંડલીજુરી ॥૧॥
શ્યામ સુંદરી વિહાર બાંસુરી મૃદંગ તાર અકલઘોષ નૂપુરાદિ કિંકિણી ચુરી ।
દેખત **હરિવંશ** આલિ નૃત્યત સુધંગ તાલ વાર ફેર દેત પ્રાણ દેહ સુંદરી ॥૨॥

વ્રજ : આશ્વિન શુક્લ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ ચૌદસ



આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : રાસલીલાની ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળી જરીનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની તથા રાસપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાનીનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** રૂપેરી જરીનો (શ્વેત) મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

કરત હરિ નૃત્ય નવરંગ રાધા સંગ લેત નવગતિ ભેદ ચરચરી તાલ કે ।
પરસ્પર દરસ રસમતભયે તતથૈઇ થૈઇ ગતિ લેત સંગીત સુરતાલ કે ॥૧॥
ફર હરત બર્હિવર થર હરત ઉપહાર ભરહરત ભ્રમરવર વિમલ વનમાલકે ।
ખસિત સિત કુસુમ શિર હસત કુંતલ માનો લસત કલ ઝલમલત સ્વેદ કણ ભાલકે ॥૨॥
અંગઅંગન લટકમટક ભૃંગન ભ્રોહ પટક પટતાલ કોમલ ચરણ ચાલકે ।
ચમક ચલ કુંડલન દમક દશનાવલી વિવિધ વિધુત ભાવ લોચન વિશાલ કે ॥૩॥
બજત અનુસાર દ્રિમ દ્રિમ મૃદંગ નિનાદ ઝમક ઝંકાર કટિ કિંકણી જાલ કે ।
તરલ તાટક તડ઼િત નીલ નવ જલદમે યૌ બિરાજત પ્રિયા પાસ ગોપાલ કે ॥૪॥
યુવતિ જન યૂથ અગણિત વદન ચંદ્રમા ચંદ ભયો ઉદ્યોત તિહિં કાલકે ।
મુદિત અનુરાગ વશ રાગ રાગિણી તાન ગાન ગત ગર્વ રંભાદિ સુર બાલકે ॥૫॥
ગગનચર સઘન રાસ મગન બરષત ફૂલ વાર ડારત રત્ન જતન ભર થાલકે ।
એક રસના **ગદાધર** ન વર્ણત બનૈ ચરિત્ર અદ્‌ભુત કુંવર ગિરિધરન લાલ કે ॥૬॥

શયન : (રાગ : અડાનો)

મંડલ મધ્ય રંગ ભરે શ્યામા શ્યામ રાજૈરી ઘરરરરરરરરરરર મુરલી ઘોર 'ગાજેરી ॥૧॥
ગાન કરત વ્રજ કી ભામ સપ્તસુરન તીન ગ્રામ અંગ અંગ અભિરામ મન્મથ મન લાજેરી ।
મંદ મંદ હાસ કરે રીઝિ રીઝિ આંકો ભરે નયનન મધ્ય લેત માન અતિ સુદેશ છાજેરી ॥૨॥
યુવતી જન નૃત્ય કરે શ્યામ ગ્રીવ ભુજા ધરૈં શ્યામા સંગીત ઉઘટ રસ હી રસ સાજૈરી ।
ધિડધકિટતા ધિધિકિટતા ધિલાં ધિલાં ધિલાં ધિધિકટ ધિધિકટ થૈઇ થૈઇ ગિડગિડતક બાજૈરી ॥૩॥
રરરરૈંન રીઝ રહી યમુના થકતિ ભઈ ચચચચંદ ગગગગન પપપપપશ્ચિમ રથન ભાજેરી ।
કૃષ્ણદાસ પ્રભુ વિલાસ બરખત નવરુપરાસ વૃંદાવન વર વિલાસ રંગ બઢ્યૌ આજૈરી ॥૪॥

વ્રજ : આશ્વિન શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : આસો સુદ પૂનમ



શરદપૂર્ણિમા - રાસોત્સવ

દેહલી - વંદનમાલ - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : રૂપેરી જરીમાં રૂપેરી બુટ્ટાવાળો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં સક્કરપારા, ચંદ્રકળા, મનોહર, દૂધ, બિલસારૂ, પાટિયાની સેવ ધરાય છે. ***ઉત્સવભોગ***માં ઘેબર, ચોરીઠાનો મગસ, ચોખાની કચોરી, ચંદ્રકળા, મેંદાની પૂરી, છાશવડા, ચણાના ફડફડિયાં, ભુજાણાં, મગની દાળ, સંધાણાં, થપડી, અળવીનું શાક, ખીર, બાસુંદી, બુરાની, લૂણની અને મરીની કટોરીઓ ધરાય છે. ***અનોસરનો ભોગ*** : ઉત્સવભોગમાં જે જે સામગ્રીઓ ધરાય તે બધી જ સામગ્રીઓ અનોસરના ભોગમાં ધરાય છે. તે ઉપરાંત શીતલભોગ, દૂધગરની સામગ્રી, દહીં, મુરબ્બા, બીજ, ઉપરેટા, કચોરી, લીલામેવા, સૂકામેવા, દહીંથરા, ખીરપૂરી, શાક, ભુજાના, રાયતાં વગેરે ધરાય છે. અનોસર ભોગ સાથે પાનનાં બીડાં પણ ધરાય છે.

આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ ત્રણે ભોગમાં સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ. આજે સફેદ રંગની સામગ્રી અવશ્ય ધરાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : ભૈરવ)**

એરી માન લાગ્યો ગિરિધર ગાવૈ ।
તતથૈઈ તતથૈઈ તત તાથૈઈ થૈઈ ભેરોંરાગ મિલ મુરલી બજાવે ॥૧॥
નાચત નવ વૃષભાનદુલારી અબધર ગતિમે ગતિ ઉપજાવે ।
ગિરિધર પિયપ્યારી કી પદરજ **કૃષ્ણદાસ** લૈ શીશ ચઢ઼ાવૈ ॥૨॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

ચલહુ રાધિકે સુજાન તેરે હિત ગુણનિધાન રાસ રચ્યૌ કુંવર કાન્હ તટ કલિંદનંદિની ।
નિર્તત યુવતી સમૂહ રાસ રંગ અતિ કૌતૂહલ બાજત રસમૂર મુરલિકા આનંદિની ॥૧॥
બંસીબટ નિકટ જહાં પરમ રમ્ય ભૂમિ તહાં સકલ સુખદ બહત મલય વાયુ મંદિની ।
જાતી ઈર્ષદવિકાસ કાનન અતિશૈ સુવાસ રાકાનિશિ શરદ માસ વિમલ ચાંદની ॥૨॥
કુંભનદાસ પ્રભુ નિહાર લોચનભર ઘોષનારિ નખશિખ સૌદર્યસીમ દુ:ખ નિકંદિની ।
વિલસૌ ભુજ ગ્રીવ મેલ ભામિની સુખ સિંધુઝેલ ગોવર્ધનધરન કેલિ જગત વંદિની ॥૩॥

વ્રજ : આશ્વિન શુક્લ પૂર્ણિમા

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો સુદ પૂનમ



વ્રજ : આશ્વિન શુક્લ પૂર્ણિમા — **ચિત્ર પરિચય** — ગુજરાતી : આસો સુદ પૂનમ

આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : 'દ્વે દ્વે ગોપી બીચ બીચ માધો' એ રાસના ચિત્રકામવાળી શરદોત્સવની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સોનેરી તથા રૂપેરી જરીનું સૂથન અને કાછની તથા મેઘશ્યામ રંગની, રૂપેરી જરીની તૂઈની કિનારવાળી ચોળી ધરી છે. લાલ રંગનો રેશમી રાસપટુકો ધર્યો છે. સફેદ જામદાનીનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે હીરાનો જડાવ મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીઠિકા ઉપર હીરાનું જડાવ ચોકઠું ધર્યું છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : શ્વેત કમલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે સંધ્યાર્તિ પછી મંદિરમાં રતનચોક, મણિકોઠા, ડોલાતિબારી વગેરે જગ્યાએ સફેદ બિછાવટ થાય છે. દિવાલગિરિ, પડદા, ચંદરવા, બંદનવાર બધું જ સફેદ બંધાય છે. ધ્રુવબારીની નીચે બધાં વાદ્યો પધરાવાય છે.

શયન ભીતર થાય છે. ભીતર પણ રાસલીલાની સુંદર સજાવટ થાય છે. ડોલતિબારીમાં ચાંદની આવે ત્યારે શયન આરતી થાય છે. આજના વસ્ત્ર શૃંગાર સર્વ સખીઓના ભાવથી અદ્‌ભુત પ્રકારે ધરાય છે. મેઘશ્યામ ચોલી શ્રીયમુનાજીના ભાવથી, ઉપરની સોનેરી જરીની કાછની શ્રીસ્વામિનીજીના ભાવથી, નીચેના સફેદ જરીની કાછની શ્રીચંદ્રાવલીજીના ભાવથી, સૂથન કુમારિકાજીના ભાવથી, લાલ પીતાંબર (રાસપટુકો) અનુરાગના ભાવથી, લલિતાજીના ભાવથી ધરાય છે. સામગ્રી પણ શ્વેત રંગની - ખીર - ચંદ્રકળા વગેરે જેવી ધરાય છે. સર્વ સાજ ચાંદીનો શ્વેત આવે છે. પુષ્ટિમાર્ગના મુખ્ય ઉત્સવોમાં આ રાસોત્સવ ગણાય છે. બીજા દિવસે 'દૂસરી શરદ' - બીજો શરદનો ઉત્સવ મનાવાય છે.

રાજભોગ : (રાગ : સારંગ)

બન્યૌ રાસ મંડલ અહો યુવતિ યૂથ મધ્યનાયક નાચે ગાવૈ ।
ઉઘટત શબ્દ તત થેઈ તાથેઈ ગતમે ગત ઉપજાવે ॥૧॥
બની શ્રીરાધાવલ્લભ જોરી ઉપમાકો દીજૈ કોરી, લટકત કૈ બાંહ જોરી રીઝ રિઝાવે ।
સુરનર મુનિ મોહે જહા તહા થકિત ભયે મીઠીમીઠી તાનન લાલન વેણુ બજાવે ॥૨॥
અંગ અંગ ચિત્ર કિયૈં મોરચંદ માથેં દિયૈં કાછિની કાછે પીતાંબર શોભા પાવે ।
ચતુર વિહારી પ્યારી પ્યારા ઉપર ડાર વારી તનમનધન, યહસુખ કહત ન આવે ॥૩॥

(શયન દર્શન અને રાસનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક કૃષ્ણ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ એકમ



વ્રજ : કાર્તિક કૃષ્ણ પ્રતિપદા ચિત્ર પરિચય ગુજરાતી : આસો વદ એકમ

દેહલી - વંદનમાલ

વસ્ત્ર : સફેદ જરીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : સફેદ જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે શરદ પૂર્ણિમાના દિવસે ધરેલાં વસ્ત્ર શૃંગાર જ ધરાય છે. તેથી સામગ્રી પણ નિત્યની સામગ્રી ઉપરાંત રબડી, ચંદ્રકળા જેવી સફેદ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

સાત વરસકો સાંવરો બોલત તુતરાત ।
હસ હસ કાન્હ કહે સુનો મેરી એક બાત ॥૧॥
ઈન્દ્ર ન પૂજા કીજીયે પૂજો ગિરિ તાત ।
તુમ દેખત ભોજન કરે પકવાન અરુ ભાત ॥૨॥
યહ મતો નિરધારકે ગોપ ગૃહકો જાત ।
મૃદુ બાની ગિરિધરનકી સુન **સૂર** બલિ જાત ॥૩॥

શૃંગાર : (રાગ : નટ બિલાવલ)

અપને અપને ટોલ કહત વ્રજવાસિયાં ।
શરદ કુહૂ નિશ જાન દીપમાલિકા જો આઇ, ગોપન મન આનંદ ફિરત ઉનમદ અધિકાઈ ।
એંપન થાપે દીજીયે ઘરઘર મંગલ ચાર, સાત વરસકો સાંવરો ખેલત નંદદુવાર ॥૧॥
બૈઠે નંદ ઉપનંદ બોલ વૃષભાન પઠાયે, સુરપતિ પૂજા જાન તહાં ચલ ગોવિંદ આયે ।
વારવાર હા હા કરે કહોં બાવા યહ બાત, ઘરઘર ગોરસ સંચિયે કોન દેવકી જાત ॥૨॥
કાન્હ તુમારી કુશલ જાન એક મંત્ર ઉપે હૈ, ખટરસ વ્યંજન સાજ ભોગ સુરપતિકો દે હૈ ।
નંદ કહ્યો ચુચકાર કેં જા દામોદર સોય, વરસ ઘોસ કો ઘોસ હૈ મહા મહોત્સવ હોય ॥૩॥
તબ હસ બોલે લાલ મંત્ર બહોર્યો એક કીનો, આદિ પુરૂષ નિજ જાન રેંન સપનો મોહિ દીનો ।
સબ દેવનકો દેવતા ગિરિ ગોવર્ધન રાજ, તાહિ ભોગ કિન દીજીયેં સુરપતિકો કહાં કાજ ॥૪॥

(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક કૃષ્ણ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ એકમ



વ્રજ : કાર્તિક કૃષ્ણ પ્રતિપદા   **ચિત્ર પરિચય**   ગુજરાતી : આસો વદ એકમ

આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : મહારાસલીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. આજે શરદનો જ સાજ આવે છે પણ દીવાલગીરી ચંદરવા વગેરે બિછાત થતી નથી.

વસ્ત્ર : રૂપેરી જરીનું સૂથન, મેઘશ્યામ રંગની ચોલી, સોનેરી તથા રૂપેરી જરીની કાછની તેમજ લાલ રંગનો રેશમી રાસપટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાનીનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** હીરાનો જડાવ મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : શ્વેત કમલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : વ્રજમાં આજથી કારતક મહિનો શરૂ થાય છે. આજથી કાર્તિક સ્નાનનો આરંભ થાય છે. યશોદાજી અને ગોપીજનોએ આજથી વ્રતનો આરંભ કરી, કારતક વદ (ગુજરાતી આસો વદ) સાતમ-આઠમ બે દિવસ માનસીગંગામાં સ્નાન કરી, શ્રીકૃષ્ણ-બલરામને પણ સ્નાન કરાવી, ઈન્દ્રપૂજાની શરૂઆત નોમના દિવસે કરી હતી. તેથી અન્નકૂટ મહાયજ્ઞની સેવાની શરૂઆત આજથી અથવા બીજના દિવસથી થાય છે. રોજ દેહલી મંડાય છે. અન્નકૂટનાં કીર્તન ગવાય છે. શ્રીમસ્તકના શૃંગારમાં વિશેષ શૃંગાર મોરપંખની ચંદ્રિકા અને કતરાના થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

હમારો દેવ ગોવર્ધન પર્વત ગોધન જહાં સુખારો ।
મઘવાકો બલિ ભાગ ન દીજે સુનિયે મતો હમારો ॥૧॥
બડરે બૈઠ બિચાર મતો કર પર્વતકો બલિ દીજે ।
નંદરાયકો કુંવર લાડિલો કાન્હ કહે સોઈ કીજે ॥૨॥
પાવક પવન ચંદ જલ સૂરજ વર્તત આજ્ઞા લીને ।
યા ઈશ્વર કો કિયો હોત હૈ કહા ઈન્દ્ર કે દીને ॥૩॥
જાકે આસપાસ સબ વ્રજકુલ સુખી રહે પશુપારે ।
જોરો શકટ અછુતે લેલે ભલો મતો કો ટારે ॥૪॥
માખન દૂધ દહ્યો ઘૃત ઘૃતપક લેજુ ચલે વ્રજવાસી ।
અદ્‌ભુત રૂપ ધરે બલિ ભુગતત પર્વત સદા નિવાસી ॥૫॥
મિટ્યો ભાગ સુરપતિ જબ જાન્યો મેઘ દીયે મુકરાઈ ।
મેહા પ્રભુ ગિરિ કર ધર રાખ્યો નંદસુવન સુખદાઈ ॥૬॥

(ભોગ-આરતી અને શયનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક કૃષ્ણ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ બીજ



વ્રજ : કાર્તિક કૃષ્ણ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો વદ બીજ

વસ્ત્ર : પીરોજા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. સફેદ રંગની ઓઢણી માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : સફેદ જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ નૂતન સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

ગોકુલ કો કુલદેવતા પ્યારો ગિરિધરલાલ ।
કમલ નયન ઘન સાંવરો વપુ બાહુ વિશાલ ॥૧॥
વેગ કરો મેરે કહેં પકવાન રસાલ ।
બલિ મધવા બલ લેત હૈ કર કર ઘૃત ગાલ ॥૨॥
ઈનકે દીયે બાઢિ હૈ ગૈયા વચ્છ ગ્વાલ ।
સંગ મિલ ભોજન કરત હૈ જેસેં પશુપાલ ॥૩॥
ગિરિ ગોવર્ધન સેવિયેં જીવન ગોપાલ ।
સૂર સદા ડરપત રહે જાતે યમકાલ ॥૪॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

સાત વરસકો સાંવરો બોલત તુતરાત ।
હસ હસ કાન્હ કહે સુનો મેરી એક બાત ॥૧॥
ઈન્દ્ર ન પૂજા કીજિયે પૂજો ગિરિ તાત ।
તુમ દેખત ભોજન કરે પકવાન અરુ ભાત ॥૨॥
યહ મતો નિરધારકે ગોપ ગૃહ કો જાત ।
મુદુ બાની ગિરિધરન કી સુન **સૂર** બલિ જાત ॥૩॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ બીજ



આજના શૃંગાર : ફેંટાનો સાજ અને સૂથન-ચાકદાર

સાજ : ઘેરા ગુલાબી રંગના હાંસિયાવાળી (બોર્ડરવાળી), શ્યામ મલમલની પિછવાઈ ધરી છે. જેમાં ગાયોનું ચિત્રકામ થયું છે. શ્રીનાથજીબાવા જાણે ગાયોની મધ્યમાં બિરાજ્યા છે. ગાદી તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીરોજા રંગના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોલી અને ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા ગુલાબી (રાણી) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. વિશેષ કરીને મોતીનાં તથા હીરા અને સુવર્ણનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** ફેંટાનો સાજ-પીરોજા રંગના ફેંટા ઉપર શિરપેચ, મોરશીખા તથા દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. લોલકબંદી - લર તથા ઝુમખીવાળાં કર્ણફૂલ શ્રીકર્ણમાં ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

સુનિયે તાત હમારો મતો શ્રીગોવર્ધન પૂજા કીજે ।
જો તુમ યજ્ઞ રચ્યો સુરપતિ કો સોઈ યાહિ દે દીજે ॥૧॥
કંદમૂલ ફલ પહોપનકી નિધિ જો માગે સો પાવે ।
યહ ગિરિ વાસ હમારો નિશદિન નિરભય ગાય ચરાવે ॥૨॥
બડરે બૈઠ વિચાર મતોકર પર્વતકો બલિ દીજે ।
વિવિધ ભાંતકો અન્નકૂટ રચિ ષટરસ વ્યંજન લીજે ॥૩॥
યહ નગ નાનારુપ ધરત હૈ વ્રજજનકો રખવારો ।
દેવનમે યહ બડો દેવતા મોહૂકો અતિ પ્યારો ॥૪॥
દૂધ દહી કે માટ ભરાયે વ્યંજન અમિત અપાર ।
મધુમેવા પકવાન મિઠાઈ લાવો ભરભર થાર ॥૫॥
નંદનંદન હી ઔર રૂપધર આપુન ભોજન કીનો ।
કેશવપ્રભુ ગિરિધરન લાડિલે માંગમાંગ કે લીનો ॥૬॥

શયન : (રાગ : કેદાર)

જયતિ જયતિ શ્રીગોવર્ધન ઉદ્ધરણ ધીરે ।
વૃષ્ટિ દુસ્તર તરણ વ્રજકુલ અભયકરણ દેવપતિ દર્પ હરણ શામલ શરીરે ॥૧॥
જયતિ વારિજ વદન રુપ લાવણ્ય સદન સિર શિખંડ ચંદ કટિ સુપટ પીરે ।
મુરલી કલ ગાન વ્રજયુવતી મન આકર્ષ સંગ વિહરત સુભગ યમુના તીરે ॥૨॥
જયતિ રસરાસ સુવિલાસ વૃંદાવિપિન સકલ સુખ પુંજ મલયજ સમીરે ।
ચતુર્ભુજદાસ ગોપાલ નટ વેષ સોઈ રાધિકા કંથ સબ ગુણ ગંભીરે ॥૪॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ ત્રીજ



વ્રજ : કાર્તિક કૃષ્ણ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો વદ ત્રીજ

વસ્ત્ર : સોનેરી જરીનો, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીળા રંગની દત્તુ (લાલ કસવાળી) માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : પીરોજા રંગનો ફેંટો લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી મંગળા દર્શનમાં પીઠિકાની પાછળ દત્તુ ધરાય છે. દત્તુ એટલે રૂ વગરની ગદલ. તે આખા શ્રીઅંગ ઉપર નહિ પણ માત્ર પીઠિકાની પાછળ ધરાય છે. બાંધવાની કસો દેખાય છે તેથી ગદલ છે પણ રૂ વગરનો હોવાથી તેને દત્તુ કહે છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

બોલ લિયે સબ ગ્વાલકન્હાઈ, ટેકો ગિરિગોવર્ધન આઇ ।।૧।।
આજ સબે મિલ હોહુ સહાઈ, હસત દેખ બલરામ કન્હાઈ ।।૨।।
લકુટ લિયે કર ટેકન જાઈ, કહત પરસ્પર લેહુ ઉઠાઈ ।।૩।।
બરખત ઈન્દ્ર મહા ઝર લાઈ, અતિ જલ દેખ સખા ડર પાઈ ।।૪।।
નંદનંદન બિન કો ગિરિ ધારે, એસે બલબિન કોન સંભારે ।।૫।।
નખતેં ગિરે કોન પુન રાખે, વારવાર યહ કહિકહિ ભાખે ।।૬।।
સૂરશ્યામ ગિરિવર કર લીનો, બરખત મેઘ ચકિત મન કીનો ।।૭।।

શૃંગાર : (રાગ : રામકલી)

દેખો દેખૌરી નાગરનટ નિર્તત કાલિંદીતટ ગોપિન કે મધ્ય રાજેં મુકુટ લટક ।
કાછિની કિંકણી કટિ પીતાંબર કી ચટકકુંડલ કિરણ રવિ રથકી અટક ।।૧।।
તત થેઈ તાતા થેઈ શબ્દ સકલ ઘટ ઉરપ તિરપ ગતિ પગકી પટક ।
રાસમેં શ્રીરાધે રાધે મુરલી મેં એક રટ **નંદદાસ** ગાવે તહાં નિપટ નિકટ ।।૨।।

વ્રજ : કાર્તિક કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ ત્રીજ



વ્રજ : કાર્તિક કૃષ્ણ તૃતીયા **ચિત્ર પરિચય** ગુજરાતી : આસો વદ ત્રીજ

આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : ગોચારણ લીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી રંગનાં અને રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, કાછની અને રાસપટુકો તેમજ શ્યામ રંગની ચોલી ધરી છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાનીનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, માણેક તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** સોનાનો જડાવ મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

નટવરગતિ નૃત્યત હૈ ભક્તન ઉર પરસત હૈ, પુલકિત તન હરખત હૈ રાસમેં લાલ બિહારી ।
બાજત તાલ મૃદંગ ઉપંગ બાંસુરી બિના સ્વર તરંગ ગ્રગ્રતા ગ્રગ્રતા થુંગ થુંગ લેત છંદ ભારી ॥૧॥
કટિ કાછિનિ પીત સુરંગ મોર મુકુટ અતિ સુધંગ રંગ રાખ્યૌં અર્ધભાલ લલિત શીશ પેચ સંવારી ।
આરતી વારતિ યશોદામાય લેત કંઠ ઉર લગાય દેખત સુરનર મુનિ ઔર **રામદાસ** બલિહારી ॥૨॥

રાજભોગ દર્શન : (રાગ : સારંગ)

તુમારે ખરિક બતાઈ હૌ વૃષભાન હમારી ગૈયા ।
ચક્રત નયન ચહૂધા ચિતવત સંકર્ષણકો ભૈયા ॥૧॥
સંધ્યા સમય વાગતે વિછુરી અર્ધિરાત્ર સુધિ પૈયા ।
વા વિન મોપે રહ્યો ન પરત હે યોં કહે કુંવર કન્હૈયા ॥૨॥
સુન પ્રિયવચન કિશોરી અટા ચઢ જાલ રંધ્ર વ્હે ઝાંકી ।
પરમાનંદ પ્રભુ કરષિ લિયો ચિત્ત ચંદ્રવદન ભ્રૂવવાંકી ॥૩॥

શયન : (રાગ : બિહાગ)

પિયકો નચવન સિખવત પ્યારી ।
વૃંદાવન મેં રાસ રચ્યો હૈ શરદ રૈન ઉજિયારી ॥૧॥
તાલ મૃદંગ ઉપંગ બજાવત અતિ પ્રવીન લલિતારી ।
રૂપભરી ગુણ ભરી હાથ છડી લિયેં ડરપત લાલ બિહારી ॥૨॥
વીણા બેનુ નૂપુર ધ્વનિ બાજત ખગ મૃગ બુદ્ધિ વિસારી ।
વ્યાસ સ્વામિની કી છબિ નિરખત રીઝ દેત કરતારી ॥૩॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ ચોથ



વ્રજ : કાર્તિક કૃષ્ણ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો વદ ચોથ

વસ્ત્ર : સોનેરી જરીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. લાલ રંગની ચૂંદડીની દત્તુ (લીલી કસવાળી) માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : પીળા રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા :**

નંદમહરસો કહત યશોદા સુરપતિ પૂજા ક્યોં વિસરાઈ ।
જાકી કૃપા વસત વ્રજ ભીતર જાકી દઇ ભઇ ઠકુરાઈ ॥૧॥
જાકી કૃપા અન્ન ધન પૂરણ જાકી કૃપાતે નવ નિધિ આઈ ।
જાકી કૃપા દૂધ દધિ પૂરણ સહસ્ત્ર મથાની મથન સદાઈ ॥૨॥
જાકી કૃપા પુત્ર ભયો મેરે કુશલ રહો બલરામ કન્હાઈ ।
સૂર ઘરની યોં કહત નંદસો દિન આયો અબ કરો સજાઈ ॥૩॥

શૃંગાર : (રાગ : નટ/બિલાવલ)

બોલ લિયે સબ ગ્વાલ કહત ગિરિ પૂજિયે ॥ધ્રુવ॥
દીપમાલિકા આજુ ગોવર્ધન લીલા ગાયે ।
નંદમહોત્સવ હોય ચલો સબ દેખન જાયે ।
કનક થાર મોતિન ભરે દીપક બરે મંઝાર ।
સબ મિલ આઈ ગોપિકા હો ગાવત મંગલચાર ॥કહત॥૧॥
આપ આપુહી રૂપ બની સબ વ્રજકી નારી ।
લેહેગા કંચુકી અંગ બની બહુ ઝુમક સારી ।
કાજર રેખ ટીકો બન્યો ઓર મોતિન કે હાર ।
સબ મીલ ગોપી કરત હૈ અપ અપનો સિંગાર ॥કહત॥૨॥
ગામ ગામતે અહિર બોલિ લિયે રાય નંદજુ ।
ન્યોતો દીનો આજુ બોલિ વૃષભાનચંદજુ ।
વૃદ્ધ તરુણી બાલા સબે બલિ બાલિક સંગલાઈ ।
ગોદ લિયે સુત સાંવરો હો કહત યશોદ માઈ ॥કહત॥૩॥

(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક કૃષ્ણ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ ચોથ



આજના શૃંગાર : ટીપારાનો સાજ અને સૂથન-ચાકદાર

સાજ : શ્યામ રંગની, ગાયોના ચિત્રકામવાળી અને શ્વેત જરીના લેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ગુલાબી જરીનાં અને રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા (લીંબોઈ) રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પીરોજા તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** ટિપારાનો સાજ - ટિપારાની ટોપી ઉપર શીરપેચ, વચ્ચે મોરશીખા તથા બંને બાજુ દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં, સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર શ્રીસ્વામિનીજીના ભાવથી થાય છે. ગાયોના ઘૂમરમાં પ્રભુ બિરાજે છે અને શ્વેત વનમાલાનો શૃંગાર થાય છે. આજથી રોજ સરસલીલાનાં કીર્તન ગવાય છે. સવારે બિલાવલ રાગમાં, રાજભોગ આવે ત્યારે સારંગ રાગમાં અને શયન ભોગ આવે ત્યારે કાન્હરો રાગમાં ગવાય છે. ઓસરામાં બે કે ચાર પદ ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

મદન ગોપાલ ગોવર્ધન પૂજત ।
બાજત તાલ મૃદંગ શંખધ્વનિ મધુર મધુર મુરલી કર કૂજત ॥૧॥
કુંકુમ તિલક લિલાટ દિયે નવ વસન સાજ આઇ ગોપીજન ।
આસપાસ સુન્દરી કનક તન મધ્ય ગોપાલ બને મરકત મન ॥૨॥
આનંદ મગન ગ્વાલ સબ ડોલત હી હી ઘૂમરિ ધૌરી બુલાવત ।
રાતે પીરે બને ટિપારે મોહન અપની ધેનુ ખિલાવત ॥૩॥
છિરકત હરદ દૂધ દધિ અક્ષત દેત અસીસ સકલ લાગત પગ ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ગોકુલ કરો પિય રાજ અખિલ યુગ ॥૪॥

શયન : (રાગ : ગૌરી)

જયતિ જયતિ હરિદાસ વર્ય ધરણે ।
વારિ વૃષ્ટિ નિવાર ઘોષ આરતિ ટાર દેવપતિ અભિમાન ભંગ કરણે ॥૧॥
જયતિ પટપીત દામિનિ રુચિરવર મૃદુલ અંગ સામલ સજલ જલદ વરણે ।
કર અધર વેણુધર ગાન કલરવ શબ્દ સહજ વ્રજયુવતીજન ચિત્ત હરણે ॥૨॥
જયતિ વૃંદાવિપિન ભૂમિ ડોલન અખિલ લોકવંદન અંબુજ અસિત ચરણે ।
તરણિ તનયા તટ વિહાર નંદગોપકુમાર કહત **કુંભનદાસ** ત્વમસિ શરણે ॥૩॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ પાંચમ



વ્રજ : કાર્તિક કૃષ્ણ પંચમી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો વદ પાંચમ

વસ્ત્ર : શ્યામ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીળા રંગની દત્તુ માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : ઘેરા ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

પૂજાવિધિ ગિરિરાજકી નંદલાલ બતાવે ।
ઝુંડન ઝુડન ગોપિકા મિલ મંગલ ગાવે ॥૧॥
ગંગાજલસો ન્હવાય કે દૂધ ધોરીકો નાવે ।
વિવિધ વસન પહેરાય કે ચંદન ચરચાવે ॥૨॥
ધૂપ દીપ કરિ આરતો બહુ ભોગ ધરાવે ।
તિલક કિયો બીરા દિયો માલા પહરાવે ॥૩॥
ખિરક ચલે બહોરે બડ મિલિ ગાય ખિલાવે ।
ફિર ગિરિધર ભોજન કિયો સુખ **સૂર** દિખાવે ॥૪॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

ગોકુલ ગોધન પૂજિયે ગિરિધર નંદરાય ।
નરનારી સબ હુલસ કે પૂજો સુખ પાય ॥૧॥
ગહી દોહની કરલિયે દઇ લાલે જાય ।
હસ હસ દેવ ન્હાવહીં દુહિ દુહિ સબ ગાય ॥૨॥
ખીર હાંડી દધિ ભાત લે પકવાન બનાય ।
કુનવારો ભરલે ચલી શુભ મંગલ ગાય ॥૩॥
ગાય ખિલાવે આપની કૂકેં કિલકાય ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરનકી બલબલ બલજાય ॥૪॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ પાંચમ



વ્રજ : કાર્તિક કૃષ્ણ પંચમી **ચિત્ર પરિચય** ગુજરાતી : આસો વદ પાંચમ

આજના શૃંગાર : પાગ-કતરો-સૂથન-ચાકદાર

સાજ : ગેરુ (કથ્થાઈ) રંગની ધરતી ઉપર ફૂલની ડિઝાઈનના સોનેરી સિતારાના કશીદાના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. પિછવાઈને શ્યામ રંગના કાપડનો હાંસિયો (બોર્ડર) છે જેના ઉપર ફૂલવેલનું કશીદાનું ભરતકામ થયેલું છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થયેલી છે.

વસ્ત્ર : શ્યામ રંગનાં અને શ્વેત જરીની તૂઈલેસની કિનારવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી અને સોનાના આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** શ્યામ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા જમાવ (નાગફણી)નો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

ગોર્વધન પૂજાકો આયે સકલ ગ્વાલ લે સંગ ।
બાજત તાલ મૃદંગ શંખધ્વનિ બીના પટહ ઉપંગ ।।૧।।
નવસત સાજ ચલી વ્રજ તરુણી અપને અપને રંગ ।
ગાવત ગીત મનોહર બાની ઉપજત તાન તરંગ ।।૨।।
અતિ પવિત્ર ગંગાજલ લે કે ડારત આનંદ કંદ ।
તા પાછે લે દૂધ ધોરી કો ઢારત ગોકુલ ચંદ ।।૩।।
રોરી ચંદન ચર્ચન કરકે તુલસી પોહોપ માલ પહરાવત ।
ધૂપદીપ વિચિત્ર ભાંતિનસો પીત વસન ઉપર લે ઉઢાવત ।।૪।।
ભાજન ભર ભરકે કુનવારો લેલે ગિરિકો ભોગ ધરાવત ।
ગાય ખિલાય ગોપાલ તિલક દે પીઠ થાપે શિરપેચ બંધાવત ।।૫।।
યહ વિધિ પૂજા કરકે મોહન સબ વ્રજકો આનંદ બઢાવત ।
જય જય શબ્દ હોત ચહુદિશતે **ગોવિંદ** વિમલ યશ ગાવત ।।૬।।

શયન : (રાગ : કાન્હરો)

લાલમાઈ બૈઠે રાજત હટરી ।
રાનીજુ સાજ સંમ્હાર ધર્યો બલરામ કૃષ્ણ કો બટરી ।।૧।।
લડુવા ગુંજા પકવાન બહુત કર ભર ભર થાર ધરી હૈ મઠરી ।
ગૃહ ગૃહતે ગોપી સબ આઇ ભીર ભઇ તહાં ઠટરી ।।૨।।
તોલ તોલ કે દેત સબન કો ભાવ અટલકર રાખ્યો અટરી ।
રસિકપ્રભુકે નયનન લાગી શ્રીવૃષભાન કુંવરિકી રટરી ।।૩।।

વ્રજ : કાર્તિક કૃષ્ણ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ છઠ



વ્રજ : કાર્તિક કૃષ્ણ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો વદ છઠ

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. લાલ રંગની દત્તુ માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : શ્યામ રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં આજે પ્રભુને ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

નંદાદિક વ્રજ મિલ બૈઠે હૈ કછુ કરત હૈ મતો વિચાર ।
ઈંદ્ર મહોત્સવકો દિન આયો મંગવાયે નાના ઉપહાર ॥૧॥
શ્યામ સુંદિર હસ યોં જુ કહત હૈ તુમ કાહિ ભજત હો તાત ।
કોન યજ્ઞ યહુ કોન દેવતા મોસો કહો કિન બાત ॥૨॥
વરસ વરસ પ્રતિ નેમ સો હમ દેત શક્ર બલિદાન ।
ઘન બરસે ગૌ તૃણ ચરે ઉપજે અધિક ધન ધાન ॥૩॥
શ્રીપતિ શ્રીમુખ યો જુ કહત હૈ વ્રજવાસિન કી ઔરે રીતિ ।
મઘવાકો જુ કહા હે તો તુમ જાહિ ડરત ભય ભીતિ ॥૪॥
કર્મ ધર્મ હૈ શ્રીપુરુષોત્તમ ગોવર્ધન ગિરિરાજ ।
સુરભી વત્સસબ તૃણચરે ઈન ગ્વાલન કે હિતકાજ ॥૫॥
તુમ જો કછુ કહ્યો હમસો ગોકુલ તુમારે સંગ ।
હમ પૂજા વિધિ જાનત નાહી ઔર સકલ સુખ અંગ ॥૬॥
તુમ પૂજો પરબત પ્રેમસો અરપો સબ મિલ ગ્વાલ ।
રૂપધરે બલિ ખાયગો વપુ સુંદર બાહુ વિશાલ ॥૭॥
ખટરસ ભોગ શાક પાકાદિક પૂવા પાયસ પકવાન ।
માંગ માંગ અનુશાનકિયો ચઢ ગોત્ર શિખર ભગવાન ॥૮॥
સુરપતિ ભજતે જન્મ ગયો હૈ હમ કબહુ નહિ દેખ્યો રૂપ ।
તત્કાલ ફલ સિદ્ધિ ભયો હમ પાયો ઈષ્ટ અનૂપ ॥૯॥
શક્ર સહસ્ત્ર મુખ વિલખ્યો બહુત કલા કરન કાછ ।
વિષ્ણુદાસ પ્રભુસો હટ કિયો અર્પિ ન અંજુલી છાછ ॥૧૦॥

(શૃંગાર દર્શનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક કૃષ્ણ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ છઠ



વ્રજ : કાર્તિક કૃષ્ણ ષષ્ઠી — ગુજરાતી : આસો વદ છઠ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-સૂથન-ચાકદાર

સાજ : શ્યામ રંગની ધરતી ઉપર સેવા કરતાં ગોપીજનોના સોનેરી કસીદાના (જરીના) ભરતકામવાળી તથા ફૂલવેલની ડિઝાઈનના કસીદાના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ રંગનાં અને સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો તથા કટિપટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** લાલ રંગની જરીની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ દર્શન : (રાગ : સારંગ)**

ગોપ સમાજ જુરે યમુના તટ સબ મિલ સંમત કીનો ।
સુરપતિ યજ્ઞ મહોત્સવ કીજે વચન પરસ્પર લીનો ॥૧॥
તિહિ અવસર વ્રજપતિ પાઉં ધારે બુઝન લાગે બાત ।
કહો સંમત સબ મિલ કહા કીનો સાંચી કહો મેરે તાત ॥૨॥
યહજુ સોંઝ સિદ્ધ કરકે તુમ કૌન દેવ બલિ દેત ।
હમ તુમ કાનન શૈલ નિબાસી નહિ કાહુ સોં હેત ॥૩॥
હમારો દેવ ગોવર્ધન પર્વત સદા પરમ સુખદાય ।
આન પરે સંકટ વ્રજજન કો તબ ગિરિ હોય સહાય ॥૪॥
બાલવૃદ્ધ નર નારિનકે મન બાત કરત મન ભાય ।
બહુ વિધ પાક સંવારિ મુદિત મન નગ બલિ દાન દિવાય ॥૫॥
યહ સુન ભયો ક્રોધ મઘવાકો મેઘન દિયે પઠાય ।
સાત દ્યોસ જલ ભયો શૈલ લે દારુણ વૃષ્ટિ કરાય ॥૬॥
ગોપી ગોપ ગાય ઔર બચ્છરા સબહિન ચિત્ત હરિ લીનો ।
માનો વૃષ્ટિ ગૃહિ કર ધર રાખ્યો નિર્ભય દાન હરિ દીનો ॥૭॥
મેંટી બડી ઘાત વ્રજ પરતે શચિપતિ ભયો ખિસ્યાનો ।
કામધેનુ આગેંકર આયો એસો બડો સયાનો ॥૮॥
હાથ જોર કે વિનતી કીની મેં મહિમા નહિ જાન્યો ।
કર અભિષેક વિશેષ ઐરાવત કર ગંગા જલ આન્યો ॥૯॥

(આરતી-શયન દર્શનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક કૃષ્ણ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ સાતમ



વ્રજ : કાર્તિક કૃષ્ણ સપ્તમી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો વદ સાતમ

વસ્ત્ર : લીલા રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીરોજા રંગની દત્તુ માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ગોળનાં ગુંજા, (ઘૂઘરા) ગોળના પૂડલા અને સફેદ તેમજ પીળી મેંદાની સુંવાળી ધરાય છે. આપણે ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

હમારી બાત સુનો વ્રજરાજ ।
સુરપતિ કો બલિ ભાગ ન દીજે પૂજો યહ ગિરિરાજ ॥૧॥
બરસે મેહ ગૌ સુખ પાવે વ્હે હૈ વ્રજ સુખ કાજ ।
સૂરદાસ પ્રભુ નંદકુવર કહે બેગહી કીજે સાજ ॥૨॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

ગોકુલ કો કુલ દેવતા પ્યારો ગિરિધરલાલ ।
કમલનયન ઘન સાંવરો વપુ બાહુ વિશાલ ॥૧॥
વેગ કરો મેરે કહે પકવાન રસાલ ।
બલિ મઘવા બલ લૈત હૈ કર કર ઘૃત ગાલ ॥૨॥
ઈન કે દીયે બાઢિ હૈ ગૈયા વચ્છ ગ્વાલ ।
સંગ મિલ ભોજન કરત હૈ જૈસે પશુપાલ ॥૩॥
ગિરિ ગોવર્ધન સેવિએ જીવન ગોપાલ ।
સૂર સદા ડરપત રહે જાતેં યમકાલ ॥૪॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ સાતમ



ધનતેરસનો આગમનો શૃંગાર

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-સૂથન-ચાકદાર

સાજ : ગેરુ (કથ્થાઈ) રંગની ધરતી ઉપર સોનેરી સુરમા સિતારાના કસીદાના (જરીના) ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : લીલા રંગની જરીનાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યા છે. ઠાડું વસ્ત્ર પતંગી (ઘેરા ગુલાબી) રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સુવર્ણનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** લીલા રંગની જરીની પાગ ઉપર શિરપેચ તથા મોરપંખની ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે. પીઠિકા ઉપર જડાવ હીરાનું ચોકઠું ધર્યું છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

યેહી હે કુલદેવ હમારો ।
કાહૂ નહીં ઔર હમ જાને ગોધન હે વ્રજ કો રખવારો ॥૧॥
દીપ માલિકા કે દિન પાંચક ગોપન લેહુ બુલાય ।
બલિ સામ્રગી કરો અબહી તુમ કહી સબન સમુઝાય ॥૨॥
લિયે બુલાય મહરિ મહેરાને સુનત સબે ઉઠિ ધાઈ ।
નંદઘરની યો કહત સખિનસો કિત તુમ રહત ભુલાઈ ॥૩॥
ભૂલી કહા કહત હો હમસો કહત કહા ડરપાઈ ।
સૂરદાસ સૂરપતિ કી સેવા તુમ સબહિન વિસરાઈ ॥૪॥

શયન : (રાગ : કેદાર)

નમો દેવેન્દ્ર દર્પહર શ્રીમુરારી ।
વિદિત અદ્ભુત ચરિત્ર ગિરિરાજ ઉદ્ધરણ ગો ગોપ ગોપીજન તાપહારી ॥૧॥
નમો નવલ બાલ વિનોદ અખિલ ગોધન મોદ વામ ભુજ બલ વારિ વૃષ્ટિ ટારી ।
યુવતી મુખ પદ્મ મકરંદ લંપટ મધુપ કમલ લોચન કંજ માલ ધારી ॥૨॥
નમો સકલ સૌભાગ્ય નિધિ રાધિકા પ્રાણ પતિ ઘોષપતિ મુરલિકા રવવિહારી ।
કૃષ્ણદાસનિ નાથ નંદનંદન કુંવર મદન મોહન દુરિત નાશકારી ॥૩॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ આઠમ



વ્રજ : કાર્તિક કૃષ્ણ અષ્ટમી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો વદ આઠમ

વસ્ત્ર : કેસરી રંગનો જરીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીળા રંગની દત્તુ માત્ર પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : લીલા રંગની જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

સાત વરસકો સાંવરો બોલત તુતરાત ।
હસ હસ કાન્હ કહે સુનો મેરી એક બાત ॥૧॥
ઈન્દ્ર ન પૂજા કીજિયે પૂજો ગિરિ તાત ।
તુમ દેખત ભોજન કરે પકવાન અરુ ભાત ॥૨॥
યહ મતો નિરધાર કે ગોપ ગૃહ કો જાત ।
મૃદુ બાની ગિરિધરન કી સુન **સૂર** બલિ જાત ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

ગોકુલ કો કુલ દેવતા પ્યારો ગિરિધરલાલ ।
કમલ નયન ઘનસાંવરો વપુ બાહુ વિશાલ ॥૧॥
વેગ કરો મેરે કહે પકવાન રસાલ ।
બલિ મઘવા બલ લેત હૈ કરકર ઘૃત ગાલ ॥૨॥
ઈનકે દીયે બાઢિ હૈ ગૈયા વચ્છ ગ્વાલ ।
સંગ મિલ ભોજન કરત હૈ જેસેં પશુ પાલ ॥૩॥
ગિરિ ગોવર્ધન સેવિએ જીવન ગોપાલ ।
સૂર સદા ડરપત રહેં જાતે યમકાલ ॥૪॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ આઠમ



રૂપચૌદસનો આગમનો શૃંગાર

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા સૂથન-ઘેરદાર

સાજ : આછી ચંપાઈ રંગની, સુરમા સિતારાના કસીદાના ભરતકામવાળી અને હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ તથા સોનેરી રંગની જરીનાં સૂથન, ચોલી તથા ઘેરદાર વાઘો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** લાલ તથા સોનેરી રંગની જરીની ગોળ પાગ ઉપર શિરપેચ, મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

ગુડ કે ગુંજા પુઆ સુહારી, ગોધન પૂજત વ્રજકી નારી ॥૧॥
ઘર ઘર ગોમય પ્રતિમા ધારી, બાજત રૂચિર પખાવજ થારી ॥૨॥
ગોદ લીયેં મંગલ ગુન ગાવત, કમલ નયન કોં પાય લગાવત ॥૩॥
હરદ દધિ રોચનકે ટીકે, યહ વ્રજ સુરપુર લાગત ફીકે ॥૪॥
રાતી પીરી ગાય શૃંગારી, બોલત ગ્વાલ દે દે કરતારી ॥૫॥
હરિદાસ પ્રભુ કુંજવિહારી માનત સુખ ત્યોહાર દીવારી ॥૬॥

શયન : (રાગ : કાન્હરો)

માનત પર્વ દિવારી કો સુખ હટરી બૈઠે નંદકુમાર ।
મંગલ બાજે હોત ચહુંદિશ ભીર બહુત અતિ આંગન દ્વાર ॥૧॥
કુંવરિ રાધિકા નવલ વધૂ સબ કર આઈ હૈ રુચિર શૃંગાર ।
સોંધે ભીને કંચુકી સારી ઓર પહેરે ફૂલન કે હાર ॥૨॥
પહેલો સોદા લેહુ હમહીપે તબ લીજો દાઉપે જાય ।
નીકે દેહો જૂઠ ન ખેહો એસેં કહત લાલ મુસિકાય ॥૩॥
હઁસ હઁસ જાત રાય નંદરાની હઁસત ભાન સબ ગોપ ગુવાલ ।
ચુંબત વદન અહો યે બાતે કાપે સીખે હો નંદલાલ ॥૪॥
ઝગરો કરત ભરત આનંદસો ચંદ્રાવલિ વ્રજમંડલ નારિ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરનલાલસો રંગ કરત સબ ગોપકુમારિ ॥૫॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ નોમ



વ્રજ : કાર્તિક કૃષ્ણ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો વદ નોમ

વસ્ત્ર : કેસરી રંગની જરીનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. રૂપેરી જરીની દત્તુ માત્ર પીઠિકાની પાછળ ધરી છે. આજે મંગળામાં ઉપરણો છેલ્લો ધરાય છે. આવતી કાલથી ફક્ત દત્તુ ધરાશે.

શૃંગાર : લાલ તથા સોનેરી રંગની જરીની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ નવીન સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

સુનો હો ગ્વાલ યહ કહત કન્હાઈ ।
સુરપતિ કી પૂજા કો મેટત ગોવર્ધન કી કરત બડાઈ ॥૧॥
ફેલપરી યહ બાત ઘરહી ઘર હરિ કહા જાને દેવ પૂજાઈ ।
હલધર કહત સુનો ભૈયા ગ્વાલો યહ પૂજા હમ કરત સદાઈ ॥૨॥
કોઉ કોઉ કહત કરો એસૈઈ કોઉ કહત કાહેકો ભાઈ ।
સૂરશ્યામ કોઉ સુન સચુપાવે બર્જત સુરપતિહિ ડરાઈ ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

(આ કીર્તનની ૨૦ ટૂક શૃંગાર દર્શન સમયે અને ૨૦ ટૂક રાજભોગ દર્શન સમયે ગવાય છે.)

ગોદ બૈઠ ગોપાલ કહત વ્રજરાજસોં ।
અહો તાત એક બાત શ્રવણ દે સુનોજો મેરી, ભવનમાંજ હોં ગયો ધરી જહાં સોજ ઘનેરી ।
મેં હંસ માંગ્યો માયપેં ભોજન દેરી મોહી, કર લકુટી લે યોં કહ્યો યહ ક્યોં દેહોં તોહી ॥૧॥

(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧ - ગુજરાતી : આસો વદ એકમ)

વ્રજ : કાર્તિક કૃષ્ણ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ નોમ



દિવાળીનો આગમનો શૃંગાર

આજના શૃંગાર : કુલ્હે-જોડ સૂથન-ચાકદાર

સાજ : લાલ રંગની ધરતી ઉપર સુરમા સિતારાના કશીદાના ભરતકામવાળી, જેમાં ચંદ્ર, સૂર્ય અને ગાય તથા ફૂલ વગેરેનું ભરતકામ થયું છે. તેવી પિછવાઈ ધરી છે. તકિયા ઉપર મેઘશ્યામ રંગની અને ગાદી તથા ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : શ્વેત જરીનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોલી તથા ચાકદાર વાઘો ધર્યા છે. ઠાડું વસ્ત્ર ચંપાઈ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** શ્વેત જરીની કુલ્હે ઉપર શિરપેચ તથા પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. પીઠિકા ઉપર જડાવ હીરાનું ચોકઠું ધર્યું છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શયન : (રાગ : કાન્હરો)**

યહ પૂજા મોહિ કાન્હ બતાઈ ।
ભૂલ્યો ફિરત દ્વાર દેવન કે ત્રિભુવનપતિ તુમકો વિસરાઈ ॥૧॥
આપહી કૃપા કરી સ્વપ્નાંતર બાલક કો જો દઈ દિખાઈ ।
ઐસે પ્રભુ કૃપાલ કરુણામય બાલક કી અતિ કરી બડાઈ ॥૨॥
ગિરિ પાયન હરિ કો લે ડારત હલધરકો પાયન તરલાઈ ।
સૂરશ્યામ બલરામ તિહારે ઈનપે કૃપા કરો ગિરિરાઈ ॥૩॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ દસમ



વ્રજ : કાર્તિક કૃષ્ણ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો વદ દસમ

વસ્ત્ર : રૂપેરી જરીનું લાલ કસોવાળું દત્તુ ધર્યું છે. (રૂ વગરનો ગદલ) તકિયા ઉપર મેઘશ્યામ રંગની અને ગાદી ઉપર સફેદ બિછાવટ કરી છે. આજથી મંગળામાં ફક્ત મુખારવિંદનાં દર્શન થાય તે રીતે દત્તુ ધરાય છે.

શૃંગાર : રૂપેરી જરીની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં મનોહરની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

પૂજા વિધિ ગિરિરાજ કી નંદલાલ બતાવે ।
ઝૂંડન ઝૂંડન ગોપિકા મિલ મંગલ ગાવે ॥૧॥
ગંગા જલસો ન્હવાય કે દૂધ ધોરીકો નાવે ।
વિવિધ વસન પહેરાય કે ચંદન ચરચાવે ॥૨॥
ધૂપ દીપ કરિ આરતી બહુ ભોગ ધરાવે ।
તિલક કિયો બીરા દિયો માલા પહરાવે ॥૩॥
ખિરક ચલે બહોરે બડે મિલ ગાય ખિલાવે ।
ફિર ગિરિધર ભોજન કિયો સુખ **સૂર** દિખાવે ॥૪॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

ગોકુલ ગોધન પૂજિયે ગિરિધર નંદરાય ।
નર નારી સબ હુલસ કે પૂજો સુખ પાય ॥૧॥
ગહી દોહની કરલિયે દઈ લાલે જાય ।
હસહસ દેવ ન્હવાવહી દુહિ દુહિ સબ ગાય ॥૨॥
ખીર હાંડી દધિ ભાત લે પકવાન બનાય ।
કુનવારો ભર લે ચલી શુભ મંગલ ગાય ॥૩॥
ગાય ખિલાવે આપની કૂકે કિલકાય ।
શ્રીવિઠ્ઠલગિરિધરનકી બલબલ બલ જાય ॥૪॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ દસમ



વ્રજ : કાર્તિક કૃષ્ણ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : આસો વદ દસમ

આજના શૃંગાર : પાગ-કતરો સૂથન-ઘેરદાર

સાજ : સફેદ રંગની પિછવાઈ ઉપર સોનેરી જરીની તૂઈલેસનો હાંસિયો અને ભરતકામ થયેલાં છે. તકિયા ઉપર મેઘશ્યામ, ગાદી ઉપર લાલ અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : શ્વેત જરીનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં, સૂથન ચોળી અને ઘેરદાર વાઘો તથા ઉર્ધ્વભુજા તરફ કટિ પટુકો ધરાયો છે. ઠાડું વસ્ત્ર ઘેરા ગુલાબી (રાણી) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** સફેદ રંગની પાગ ઉપર શિરપેચ અને જમાવનો (નાગફણીનો) કતરો તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર વિશાખાજીના ભાવથી થાય છે. શ્રીવિશાખાજી વીજળીના જેવાં ગૌર શ્રીઅંગવાળાં તેથી આપની આડીથી આજે શ્વેત વસ્ત્રો, સોનેરી ટીપકીવાળાં અને સોનેરી કિનારીવાળાં ધરાય છે. આજથી દિવાળીની રોશની થાય છે. ભોગ આરતીમાં ગૌક્રીડનના પદ અને રાજભોગમાં ગોવર્ધનપૂજાના પદ ગવાય છે. શયનમાં રોશની, દીપદાનનાં અને હટડીના પદ ગવાય છે. મંદિરના દ્વાર ઉપર નોબત-નગારાં વાગે છે. પ્રભુએ સાત દિવસ ગોવર્ધન પર્વત ધારણ કર્યો છે એ ભાવનાથી આજથી સાત દિવસ ગોવર્ધનપૂજનના પદ ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

બડડેનકો આગેં દે ગિરિધર શ્રીગોવર્ધન પૂજન આવત ।
માનસી ગંગા જલ ન્હવાયકે પાછેં દૂધ ધોરી કો નાવત ।।૧।।
બહોરિ પખાર અરગજા ચરચિત ધૂપ દીપ બહુ ભોગ ધરાવત ।
દે બીરા આરતી કરત હૈ બ્રજ ભામિન મિલ મંગલ ગાવત ।।૨।।
ટેર ગ્વાલ ભાજન ભર દે કે પીઠ થાપે શિરપેચ બંધાવત ।
ચત્રભુજ પ્રભુ ગિરિધર અબ યહ વ્રજ યુગ યુગ રાજ કરો મનભાવત ।।૩।।

શયન : (રાગ : કાન્હરો)

સુરભી કાન જગાય ખરિક બલ મોહન બૈઠે રાજત હટરી ।
પિસ્તા દ્રાખ બદામ છુઆરે ખુરમા ખાજા ગૂંજા મઠરી ।।૧।।
ઘરઘર તે નરનારિ મુદિત મન ગોપીગ્વાલ જુરે બહુ ઠઠરી ।
ટેર ટેર લે દેત સબનકો લેલે નામ બુલાય નિકટરી ।।૨।।
દેત અસીસ સકલ ગોપીજન યશોમતિ દેત હરખ બહુ પટરી ।
સૂર રસિક ગિરિધર ચિરજીયો નંદમહરકો નાગર નટરી ।।૩।।

વ્રજ : કાર્તિક કૃષ્ણ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ અગિયારસ



રમા એકાદશી

વસ્ત્ર : સોનેરી જરીની, લાલ કસોવાળી દત્તુ ધરી છે. તકિયા ઉપર મેઘશ્યામ રંગની અને ગાદી ઉપર લાલ બિછાવટ કરી છે.

શૃંગાર : સફેદ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં ઘેબર તેમજ સેવના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી આરોગાવી શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

ગોકુલ ગોધન પૂજિયે ગિરિધર નંદરાય ।
નરનારી સબ હુલસકે પૂજો સુખ પાય ॥૧॥
ગહી દોહની કરલિયે દઈ લાલે જાય ।
હસ હસ દેવ ન્હવાવહી દુહિદુહિ સબ ગાય ॥૨॥
ખીર હાંડી દધિ ભાત લે પકવાન બનાય ।
કુનવારો ભર લે ચલી શુભ મંગલ ગાય ॥૩॥
ગાય ખિલાવે આપની કૂકેં કિલકાય ।
શ્રીવિઠ્ઠલગિરિધરનકી બલબલ બલ જાય ॥૪॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

પૂજા વિધિ ગિરિરાજકી નંદલાલ બતાવે ।
ઝૂંડન ઝૂંડન ગોપીકા મિલ મંગલ ગાવેં ॥૧॥
ગંગા જલસોં ન્હાવાયકેં દૂધ ધોરીકો નાવેં ।
વિવિધ વસન પહેરાયકે ચંદન ચરચાવેં ॥૨॥
ધૂપ દીપ કરી આરતો બહુ ભોગ ધરાવેં ।
તિલક કીયો બીરા દીયો માલા પહેરાવેં ॥૩॥
ખિરક ચલે બહોરે બડે મિલિ ગાય ખિલાવેં ।
ફિર ગિરધર ભોજન કીયો સુખ **સૂર** દિખાવેં ॥૪॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ અગિયારસ



વ્રજ : કાર્તિક કૃષ્ણ એકાદશી ચિત્ર પરિચય ગુજરાતી : આસો વદ અગિયારસ

આજના શૃંગાર : પાગ-કતરો સૂથન-ચાકદાર

સાજ : ગેરુ (કથ્થાઈ) રંગની ધરતી ઉપર વૃક્ષ, ફૂલ, પાનના સુરમા સિતારાના કશીદાના ભરતકામવાળી અને ભરતકામના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી ઉપર લાલ રંગની, તકિયા ઉપર મેઘશ્યામ રંગની અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : શ્વેત જરીનાં સૂથન, ચોલી અને ચાકદાર વાઘો ધર્યો છે. બધાં વસ્ત્રોને ઝીણી શ્યામ રંગની ગોટ મૂકેલી છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે શ્વેત જરીની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા જમાવ (નાગફણી)નો કતરો તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજની સેવા ચંપકલતાજીની આડીની છે. આજનો શૃંગાર નિશ્ચિત છે.

આજની એકાદશી રમા એકાદશી કહેવાય છે. આજના દિવસે રમા નામે વ્રજગોપીએ જશોદાજીને નંદાલયમાં દિવાળીની વધાઈ આપી હતી. તેથી નંદાલયમાં નગારખાનાં વાગે છે. આ પ્રણાલિકા પ્રમાણે નિધિ સ્વરૂપો બિરાજે છે તે સર્વ મંદિરોમાં નગારખાનાં વાગે છે અને રાત્રે રોશની થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

ગોવર્ધન પૂજન ચલેરી ગોપાલ ।
મત્ત ગયંદ દેખ જિય લજ્જિત નિરખ મંદગતિ ચાલ ॥૧॥
વ્રજ નારિન પકવાન બહુત કર ભર ભર લીને થાલ ।
અંગ સુગંધ પહર પટ ભૂષણ ગાવત ગીત રસાલ ॥૨॥
બાજે અનેક વેણુ રવસો મિલિ ચલત વિવિધ સૂર તાલ ।
ધ્વજા પતાકા છત્ર ચમર ધર કરત કુલાહલ ગ્વાલ ॥૩॥
બાલક વૃંદ ચંહૂદિશ સોહત માનો કમલ અલિમાલ ।
કુંભનદાસ પ્રભુ ત્રિભુવન મોહન ગોવર્ધનધર લાલ ॥૪॥

શયન : (રાગ : કાન્હરો)

દીપદાન દે હટરી બૈઠે નવલલાલ ગોવર્ધનધારી ।
દોહરી પાંત બની દીપનકી વ્રજશોભા લાગત અતિ ભારી ॥૧॥
તૈસેહી બને નંદ કે નંદન તૈસી બની રાધિકા રાની ।
ગૃહ ગૃહ તે આઈ વ્રજ સુંદરી માત યશોદા દેખ સિરાની ॥૨॥
ભાંત ભાંત પકવાન મિઠાઈ લેલે ગોદ સબનકો નાવત ।
આરતી કરત દેત ન્યોછાવર ફિર ફિર મંગલ ગીત ગવાવત ॥૩॥
ઉઠકર લાલ ખરિકમે આયે ટેર ટેર સબ સખા બુલાયે ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન લાલને સબ ગાયનકે કાન જગાયે ॥૪॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ બારસ



વ્રજ : કાર્તિક કૃષ્ણ દ્વાદશી ચિત્ર પરિચય ગુજરાતી : આસો વદ બારસ

વત્સ બારસ

વસ્ત્ર : સોનેરી જરીની, લાલ કસોવાળી દત્તુ ધરી છે. તકિયા ઉપર મેઘશ્યામ રંગની અને ગાદી ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે. (સફેદી વડી થઈ છે.)

શૃંગાર : રૂપેરી જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મેવાતીની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

નંદમહરસો કહત યશોદા સુરપતિ પૂજા કયોં વિસરાઈ ।
જાકી કૃપા વસત વ્રજ ભીતર જાકી દઇ ભઈ ઠકુરાઈ ॥૧॥
જાકી કૃપા અન્નધન પૂરણ જાકી કૃપાતે નવ નિધિ આઈ ।
જાકી કૃપા દૂધ દધિ પૂરણ સહસ્ત્ર મથાની મથન સદાઈ ॥૨॥
જાકી કૃપા પુત્ર ભયો મેરે કુશલ રહો બલરામ કન્હાઈ ।
સૂર ઘરની યોં કહત નંદસો દિન આયો અબ કરો સજાઈ ॥૩॥

શૃંગાર : (રાગ : નટ/બિલાવલ)

બોલ લિયે સબ ગ્વાલ કહત ગિરિ પૂજિયે ॥ધ્રુવ॥
દીપમાલિકા આજુ ગોવર્ધન લીલા ગાયે ।
નંદમહોત્સવ હોય ચલો સબ દેખન જાયે ।
કનક થાર મોતિન ભરે દીપક બરે મંઝાર ।
સબ મિલ આઈ ગોપિકા હો ગાવત મંગલચાર ॥કહત॥૧॥

(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧ - ગુજરાતી : આસો વદ ચોથ)

વ્રજ : કાર્તિક કૃષ્ણ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ બારસ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા સૂથન-ઘેરદાર

સાજ : લાલ રંગની મખમલની ધરતી ઉપર સોનેરી સુરમા સિતારાના કશીદાના ભરતકામવાળી અને હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે. (સફેદી સંપૂર્ણ વડી થઈ છે.)

વસ્ત્ર : પીળી જરીનાં સૂથન, ચોલી અને ઘેરદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** સોનેરી જરીની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ચમકની ચંદ્રિકા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજની સેવા તુંગવિદ્યાજીના ભાવની છે. આજનો શૃંગાર નિશ્ચિત છે. આજના દિવસને વત્સ અથવા વચ્છબારસ કહેવાય છે. પ્રભુ બચ્છવનમાં ગોચારણ કરતા હતા, ત્યારે બ્રહ્માજી ગોપબાળકો અને વાછરડાંઓનું અપહરણ કરી લઈ ગયા હતા અને એક વર્ષ પછી તેમણે તે જ સ્થળે વાછરડાં-ગાયો-ગોપ બધાંને વિહાર કરતા કૃષ્ણરૂપે જોયાં; ત્યારે તેમનો મોહ દૂર થયો અને ગોપબાળકો તથા વાછરડાંને પાછા આપ્યાં. તેથી વચ્છબારસ કહેવાય છે. દિવાળીના પર્વની ઉજવણી આજથી શરૂ થાય છે. રાત્રે મંદિરમાં રોશની થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

મદન ગોપાલ ગોવર્ધન પૂજત ।
બાજત તાલ મૃદંગ શંખધ્વનિ મધુર મધુર મુરલી કલ કૂજત ॥૧॥
કુંકુમ તિલક લિલાટ દિયે નવ વસન સાજ આઇ ગોપીજન ।
આસપાસ સુન્દરી કનક તન મધ્ય ગોપાલ બને મરકત મન ॥૨॥
આનંદ મગન ગ્વાલ સબ ડોલત હી હી ઘૂમરિ ધૌરી બુલાવત ।
રાતે પીરે બને ટિપારે મોહન અપની ધેનુ ખિલાવત ॥૩॥
છિરકત હરદ દૂધ દધિ અક્ષત દેત અસીસ સકલ લાગત પગ ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ગોકુલ કરો પિય રાજ અખિલ યુગ ॥૪॥

શયન : (રાગ : બિહાગ)

જયતિ જયતિ હરિદાસવર્ય ધરણે ।
વારિ વૃષ્ટિ નિવાર ઘોષ આરતિટાર દેવપતિ અભિમાન ભંગ કરણે ॥૧॥
જયતિ પટપીત દામિનિ રુચિરવર મૃદુલ અંગ સામલ સજલ જલદ વરણે ।
કર અધર વેણુધર ગાનકલરવ શબ્દ સહજ વ્રજયુવતીજન ચિત્ત હરણે ॥૨॥
જયતિ વૃંદાવિપિન ભૂમિ ડોલન અખિલ લોકવંદન અંબુજ અસિત ચરણે ।
તરણિ તનયા તટ વિહાર નંદગોપકુમાર કહત **કુંભનદાસ** ત્વમસિ શરણે ॥૩॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ તેરસ



ધનતેરસ

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : લીલા રંગની જરીની, લાલ કસોવાળી દત્તુ ધરી છે. ગાદી તકિયા ઉપર લાલ મખમલની બિછાવટ છે.

શૃંગાર : સોનેરી જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ચંદ્રકળા, સૂતરફેણી અને છાશવડાંની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ. ધનતેરસ, રૂપચતુર્દશી અને દિવાળી એમ ત્રણે દિવસ સખડીની ઉત્સવની સામગ્રી એકસરખી થાય છે. વિશેષમાં સંજાબની ખીર ધરાય છે.

નોંધ : આજે મંદિરમાં સર્વત્ર આસોપાલવનાં તોરણો બંધાય છે. ઉંબરા ઉપર હળદરથી ચોક પૂરાય છે અને રંગોળી પૂરાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

ગોકુલ ગોધન પૂજિયે ગિરિધર નંદરાય ।
નરનારી સબ હુલસ કે પૂજો સુખ પાય ॥૧॥
ગહી દોહની કર લિયે દઈ લાલે જાય ।
હસ હસ દેવ ન્હવાવહી દુહિ દુહિ સબ ગાય ॥૨॥
ખીર હાંડી દધિ ભાત લે પકવાન બનાય ।
કુનવારો ભર લે ચલી શુભ મંગલ ગાય ॥૩॥
ગાય ખિલાવે આપની કૂકે કિલકાય ।
શ્રીવિઠ્ઠલગિરિધરનકી બલબલ બલ જાય ॥૪॥

શૃંગાર : (રાગ : દેવગંધાર)

ધનતેરસ દિન અતિ સુખદાઈ ।
રાધા મન અતિ મોદ બઢ્યો હૈ મનમોહન ધન પાઈ ॥૧॥
રાખત પ્રીતિ સહિત હૃદય મેં ગુરૂજન લાજ વહાઈ ।
દ્વારકેશ પ્રભુ રસિક લાડિલી નિરખ નિરખ મન ભાઈ ॥૨॥

(શૃંગારનાં અન્ય કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક કૃષ્ણ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ તેરસ



વ્રજ : કાર્તિક કૃષ્ણ ત્રયોદશી ચિત્ર પરિચય ગુજરાતી : આસો વદ તેરસ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા સૂથન-ચાકદાર

સાજ : લાલ રંગની મખમલ ઉપર સુરમા સિતારાના કશીદાના ભરતકામવાળી, ફૂલની ભાતની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લીલા રંગની જરીનું સૂથન, ચોળી તથા ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** લીલા રંગની જરીની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સુવર્ણનું હીરાજડિત ચોકઠું પીઠિકા ઉપર ધર્યું છે. શ્વેત પુષ્પોનાં રંગબેરંગી થાકવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજની સેવા શ્રીલલિતાજીની મનાય છે. વ્રજમાં ગાયો એ જ ધન છે; તેથી શ્રીઠાકોરજી અને વ્રજવાસીઓ ગાયોને શૃંગાર કરે છે. ગાયોની પૂજા કરે છે. ગાયોને થૂલી ખવડાવે છે. આજથી ચાર દિવસ દીપદાનનું મહત્વ છે. તેથી વ્રજમાં સર્વત્ર દીપદાન અને રોશની થાય છે. સાંજે પ્રભુ બંગલામાં બિરાજે છે.

આજની તેરસને ધનતેરસ કહે છે. નંદરાની - વ્રજરાની ભૌતિક લક્ષ્મીજીને ધોઈ, સજાવીને પ્રભુ સન્મુખ રાખે છે અને બાળકને પહેરાવવાના આભૂષણ ધુએ છે તેથી 'ધન ધોવત વ્રજરાની' જેવાં પદ ગવાય છે. શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને પોતાનું સર્વસ્વ માની ધન રૂપે પ્રાપ્ત કર્યા છે એવો ભાવ પણ છે. 'રાધા મન અતિ મોદ બઢ્યો હૈ, મનમોહન ધન પાઈ.'

અન્નકૂટ માટે આજે શ્રીનાથજીના મંદિરમાં ગાડાં ભરી ભરીને ભાજી આવે છે નાથદ્વારાની આસપાસનાં ગામોના ભીલ લોકો આ ભાજી લાવવાની સેવા કરે છે. ચૌદશના દિવસે આખો દિવસ ભાજીની સેવા થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

ગોધન પૂજા કરકે ગોવિન્દ સબ ગ્વાલન પહેરાવત ।
આવો સુબાહુ સુબલ શ્રીદામા ઉંચે લેલે નામ બુલાવત ॥૧॥
અપને હાથ તિલક દે માથે ચંદન ઔર બંદન લપટાવત ।
વસન વિચિત્ર સબન કે માથેં વિધિસો પાઘ બંધાવત ॥૨॥
ભાજન ભર ભર લે કુનવારો તાકો તાહિ ગહાવત ।
ચત્રભુજપ્રભુ ગિરિધર તા પાછે ધોરી ધેનુ ખિલાવત ॥૩॥

શયન : (રાગ : કાન્હરો)

દીપદાન કે હટરી બૈઠે નંદબાવા કે સાથ ।
નાના વિધ કે મેવા આને બાંટત અપને હાથ ॥૧॥
શોભિત સબે શૃંગાર બનાવત ઔર ચંદન દીયે માથ ।
નંદદાસ પ્રભુ સગરિન આગેં ગિરિગોવર્ધનનાથ ॥૨॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ ચૌદસ



વ્રજ : કાર્તિક કૃષ્ણ ચતુર્દશી **ચિત્ર પરિચય** ગુજરાતી : આસો વદ ચૌદસ

રૂપચતુર્દશી

દેહલી-વંદનમાલ

વસ્ત્ર : કેસરી રંગની જરીની, લાલ કસોવાળી દત્તુ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે.

શૃંગાર : લીલા રંગની જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ગોળના માલપૂવા, છાશવડાં તેમજ ઉત્સવની સખડીની સર્વ સામગ્રી, શાક ભુજાનાં વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે શ્રીઠાકોરજીને સૂર્યોદય પહેલાં (મંગલાદર્શન પછી) અભ્યંગ સ્નાન થાય છે. દશેરાના દિવસે સ્થાપના થયેલી ગોબરની દસ થેપલીને સૂકવી રાખી હોય છે, તે સળગાવી તેના પર જળ ગરમ થાય છે અને એ જળથી શ્રીપ્રભુને સ્નાન કરાવવામાં આવે છે. સૂર્યોદય પહેલાં હળદરથી ચોક પૂરી, (રંગોળી પૂરી) તેના ઉપર પાટલો બિછાવી, ચારે તરફ દીવા પ્રગટાવી શ્રીઠાકોરજીને પાટલા ઉપર પધરાવી, તિલક, અક્ષત, આરતી કરી અભ્યંગ સ્નાન કરાવવામાં આવે છે. સ્નાન પછી સુંદર વસ્ત્રાભૂષણ ધરાય છે. આ રીતે શ્રીઠાકોરજીનું રૂપ ખીલી ઊઠે છે તેથી આજના ઉત્સવને રૂપચતુર્દશી કહેવાય છે.

વળી એમ કહેવાય છે કે આજે આ રીતે શાસ્ત્રવિધિ પ્રમાણે સ્નાન કરવાથી નરકયાતના થતી નથી તેથી આજના દિવસને નરકચતુર્દશી પણ કહેવાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

પૂજાવિધિ ગિરિરાજકી નંદલાલ બતાવે ।
ઝૂંડન ઝૂંડન ગોપિકા મિલ મંગલ ગાવે ॥૧॥
ગંગાજલસો ન્હવાય કે દૂધ ધોરી કો નાવે ।
વિવિધ વસન પહેરાય કે ચંદન ચરચાવે ॥૨॥
ધૂપ દીપ કરિ આરતી બહુ ભોગ ધરાવે ।
તિલક કિયો બીરા દિયો માલા પહરાવે ॥૩॥
ખિરક ચલે બહોરે બડે મિલિ ગાય ખિલાવે ।
ફિર ગિરિધર ભોજન કિયો સુખ **સૂર** દિખાવે ॥૪॥

(અભ્યંગ અને શૃંગાર દર્શનનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક કૃષ્ણ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ ચૌદસ



વ્રજ : કાર્તિક કૃષ્ણ ચતુર્દશી   ચિત્ર પરિચય   ગુજરાતી : આસો વદ ચૌદસ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા સૂથન-ઘેરદાર

સાજ : ચંપાઈ રંગની ધરતી ઉપર સુરમા સિતારાના કશીદાના ભરતકામવાળી તથા લાલ રંગના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ અને સોનેરી જરીનાં સૂથન, ચોલી અને ઘેરદાર વાઘો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** સોનેરી જરીની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે રાજભોગમાં પ્રભુ હટડીમાં બિરાજે છે. ગંગા જમની-સોનાચાંદીની કાચવાળી હટડી (બંગલો) હોય છે. સાંજે શ્રીનવનીતપ્રિયાજી ચોતરા ઉપર હટડીમાં બિરાજે છે. રોશનીમાં હટડીમાં બિરાજે ત્યારે પ્રભુની અલૌકિક ઝાંખી થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

બડડેનકો આગેં દે ગિરિધર શ્રીગોવર્ધન પૂજન આવત ।
માનસી ગંગા જલ ન્હવાય કે પાછે દૂધ ધોરીકો નાવત ॥૧॥
બહોરિ પખાર અરગજા ચરચિત ધૂપદીપ બહુ ભોગ ધરાવત ।
દે બીરા આરતી કરત હૈ વ્રજભામિન મિલ મંગલ ગાવત ॥૨॥
ટેર ગ્વાલ ભાજન ભર દેકે પીઠ થાપે શિરપેચ બંધાવત ।
ચત્રભુજ પ્રભુ ગિરિધર અબ યહ વ્રજ યુગ યુગ રાજ કરો મનભાવત ॥૩॥

ભોગ દર્શન : (રાગ : સારંગ)

સબ ગાયનમે ઘુમર ખેલી ।
શ્રવણ પૂંછ ઉંચકાઈ સૂધી વ્હૈ ગ્વાલ ભજાવત ફિરત અકેલી ॥૧॥
પકર લઈ ગોપાલ આપહી કંઈ બનાવત સેલી ।
ચુંબત મુખ આંકો ભર ભેટી ટેરત કહત લાઓ ગુર ભેલી ॥૨॥
આપ ગોપાલ ખવાય ખિલાવત સબ ગાયન કી હેલી ।
પરમાનંદ દેખે બનિ આવે જબ ધૌરી કી બછિયા ઝેલી ॥૩॥

(શયનદર્શનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક કૃષ્ણ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : આસો વદ ચૌદસ



વ્રજ : કાર્તિક કૃષ્ણ ચતુર્દશી   **ચિત્ર પરિચય**   ગુજરાતી : આસો વદ ચૌદસ

હટડી

આજે શ્રીગોવર્ધનધર પ્રભુ રાજભોગમાં સોના-ચાંદીના કાચવાળા બંગલામાં બિરાજે છે, જેને હટડી કહેવાય છે. સાંજે ઉત્થાપનથી શયન સુધીનાં દર્શન વૈષ્ણવોને કરાવાતાં નથી. ભીતર ડોલતિબારીમાં ધ્રુવબારીની નીચે સોનાનો બંગલો, ગાદી તકિયા, શૈયાજીનો સાજ, સામગ્રી વગેરે પધરાવીને સુંદર સજાવટ થાય છે. શ્રીનવનીતપ્રિયાજી પણ ભીતર રતનચોકમાંથી પધારી શ્રીજીબાવાની સાથે બિરાજે છે. નવ આરતી થાય છે. સાત બાળકોની, શ્રીગુસાંઈજીની અને કાકા ગિરધરજીની - શ્રીનવનીતપ્રિયાજી રાત્રે શ્રીજીબાવાની સાથે જ પોઢે છે અને સવારે મંગલા પૂર્વે પાછા પોતાના મંદિરમાં પધારે છે.

દિવાળીના દિવસે પણ રાજભોગ સુધીનાં જ શ્રીજીબાવાના દર્શન થાય છે. પછી ફરીથી ડોલ તિબારીમાં હટડીની સજાવટ થાય છે. સાંજે શ્રીનવનીતપ્રિયાજીનાં હટડીમાં દર્શન થાય છે. રતનચોકમાં બાર દ્વારવાળી સુંદર કાચની હટડીમાં શ્રીનવનીતપ્રિયાજી બિરાજે છે. એ સમયે ત્યાં સુંદર રોશની થાય છે. હટડીમાં નવ આરતી થાય છે. રાત્રિભર શ્રીનવનીતપ્રિયાજી હટડીમાં જ બિરાજે છે.

હટડી એટલે હાટ, બજાર. આ હટડીનો સંબંધ શ્રીપ્રભુની સારસ્વતકલ્પની લીલા સાથે છે. શ્રીગોવર્ધનપૂજન માટે શ્રીઠાકોરજી સમસ્ત વ્રજજનોને લઈને શ્રીગોવર્ધનની તળેટીમાં પધાર્યા હતા. દિવાળીની રાત્રે શ્રીગિરિરાજજીની ચોમેર અગણિત દીવાઓ પ્રગટાવી અદ્‌ભુત રોશની કરી હતી. બધા કુંડના પગથિયાં ઉપર, માનસીગંગા અને સુરભીકુંડમાં કોડિયામાં કપૂરમિશ્રિત ઘી ભરી, દીવાઓ તરતા મૂકી સૌએ દીપદાન કર્યું હતું. બધા કુંડ સોનાના બની ગયા હોય તેવું લાગતું હતું. આકાશમાં જાણે વીજળીઓ ચમકતી હોય તેવું દૃશ્ય બન્યું હતું. દીપમાલિકાની સુંદરતા જોવા સૌ નીકળી પડ્યાં હતાં.

તે સમયે શ્યામસુંદરે પોતાના સખાઓને બોલાવી આજ્ઞા કરી : 'ભૈયા, આપણે અહીં હટડી - દુકાન - આનંદબજાર માંડીએ. સૌ પોતપોતાની સુંદર ચીજવસ્તુઓ - મેવા-મીઠાઈ, પકવાન, ખિલૌના, વસ્ત્રો વગેરે લઈ આવો. સરસ દુકાનો સજાવો. ગોપીઓ ખરીદી કરવા આવશે. તેમને એ વસ્તુઓ વેચીશું. બહુ મઝા આવશે.'

સખાઓને વાત ગમી ગઈ. રાત્રે રોશનીના ઝગમગાટમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં સુંદર બજાર સજાવાયું. શ્રીઠાકોરજી પણ પોતાની હટરીમાં બિરાજી ગયા. વ્રજમાં નાની દુકાનને હટરી કહે છે. આ કોઈ સામાન્ય મનુષ્યની દુકાન ન હતી. આ તો સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમની હટરી હતી. તેથી બધી હટરી સોના ચાંદીની અને રત્નજડિત હતી. તેમાં અગણિત દીવાઓ પ્રકાશતા હતા. સુંદર ચીજવસ્તુઓ સજાવેલી હતી. ગોપીજનો આ બજાર જોઈ ત્યાં ખરીદી કરવા આવે છે. શ્રીનંદનંદન સાથે ભાવની રકઝક કરે છે. અરસ-પરસ કટાક્ષ વચનો કહેવાય છે. સૌ આનંદ-સાગરમાં ડૂબી જાય છે.

આ ભાવથી આજે પણ દરેક મંદિરમાં રાત્રે હટડી સજાવાય છે. મેવા-મીઠાઈ, તેજાના, પકવાન, અત્તર વગેરે શય્યાજીની બાજુમાં ધરાય છે. સોનાનાં ત્રાજવા અને ચાંદીનાં કાટલાં મૂકાય છે. શ્રીઠાકોરજી બધી વસ્તુઓ વજન કરીને વેચે છે તેવો ભાવ છે. આ મિષે પ્રભુએ દરેક ભક્તના ભાવ પ્રમાણે ચીજવસ્તુઓ તેને આપી, તેનો ભાવ અંગીકાર કર્યો છે.

વ્રજમાં દિવાળીની રાત્રે ચોપાટ ખેલવાનો પણ ભારે મહિમા છે. શ્યામસુંદર રાતભર શ્રીરાધિકાજી સાથે ચોપાટ ખેલ્યા છે અને પોતાના બધાં વસ્ત્ર-શૃંગાર હારી ગયા છે. તેથી હટરીની સાથે આજે ચોપાટ પણ બિછાવાય છે. ચોપાટની ચારે બાજુ ગાદી તકિયા બિછાવાય છે. પ્રભુ ગોપસખાઓ અને શ્રીસ્વામિનીજી સાથે ચોપાટ ખેલે છે. તેવી ભાવાત્મક સજાવટ થાય છે. રાત્રે આ સજાવટના સ્થળે શય્યામંદિરમાં અખંડ દીવો રહે છે. સિંહાસનથી શય્યામંદિર સુધી પેંડો બિછાવાય છે.

આ પ્રસંગનાં દર્શન અષ્ટસખાઓને શ્રીઠાકોરજીની કૃપાથી થયાં છે અને તેમણે એનાં સુંદર કીર્તન ગાયાં છે.

વ્રજ : કાર્તિક કૃષ્ણ અમાવાસ્યા

મંગળા દર્શન

ગુજરાતી : આસો વદ અમાસ



દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : રૂપેરી જરીની, લાલ કસોવાળી દત્તુ ધરી છે. ગાદી, તકિયા ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે.

શૃંગાર : સોનેરી રંગની જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા અને નખભૂષણ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ, ચમેલી, કદમ, કેવડો, બોરસલી વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે આખા દિવસના બધા ભોગમાં મેંદા-ચોરીઠાનો મનોહર ધરાય છે. તેમજ રાજભોગમાં સેવ, દીવડાની સામગ્રી, છાશવડાં, ચણાનાં ફડફડિયાં, તળેલી ચણાની દાળ, ભુજાનાં, શાક, સંધાણાં, ખીર, દહીં વગેરે ઉત્સવની સખડી-અન સખડીની સર્વ સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સર્વ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

હટડીની સામગ્રી - રાત્રે શયન પછી ભીતર હટડી સજાય છે. તેમાં નીચેની સામગ્રી સજાય છે. ગુંજા, સેવના લાડુ, સકરપારા, છૂટી બુંદી, સફેદ અને કેસરી સૂતરફેણી, ઘેબર, બાબર, ઠોર, ચંદ્રકળા, મોહનઠાર, ઉપરેટા, જલેબી, મનોહર, ખરમંડા, કપૂરનાડી, મેવાતી, ઈન્દરસા, ચાર જાતના મગસ, બુંદીના લાડુ, ખાજાં, માલપુઆ, સેવ, થુલી, ખીર, મેંદાની ચાર જાતની પૂરી, ફડફડિયા, ફીકાની સામગ્રી, પપચી, સુંવાળી, ઝારાની સેવ, કાંજીવડાં, શીખરનવડી વગેરે. આ ઉપરાંત દૂધગરની સામગ્રીમાં સાદી અને કેસરી બરફી, પેંડા, મેવાતી, કેસરી પેંડા, મવાના ગુંજા, મલાઈના બટેરાં, દૂધપૂરી, અઘોટાં દૂધ, માખણ મીસરી, રસખોટા, કેસરી અને સફેદ બાસુંદી, કપૂરનારી, ખરમંડા વગેરે આવે છે. હટરીમાં ખાંડઘરની સામગ્રી પણ સજાય છે. તેમાં ખાંડનાં રમકડાં, ગજક, રેવડી, પતાસાં, ગુલાબકતરી, પાયેલો સૂકોમેવો, એલચીદાણા, પાયેલા તલ, સૂકામેવાની કાતરી, બીજ અને ચારોળીના લાડુ, કોપરાના ખમણના લાડુ, બિલસારુ, મુરબ્બા, સૂકામેવામાં મિસરી, બદામ, દ્રાક્ષ, પીસ્તા, કોપરાના ટૂક, અંજીર, ખજૂર તેમજ તળેલા સૂકામેવામાં બદામ, પીસ્તા ચારોળી, અખરોટ, મખાના, કાજુ, મગફળી, તેમજ કોળુ અને ટેટીનાં બીજ વગેરે સજાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

ગોકુલ કો કુલ દેવતા પ્યારો ગિરિધર લાલ ।
કમલ નયન ઘન સાંવરો વપુ બાહુ વિશાલ ॥૧॥
વેગ કરો મેરે કહે પકવાન રસાલ ।
બલ મધવા બલિ લેત હૈ કર કર ઘૃત ગાલ ॥૨॥
ઈન કે દીયે બાઢિ હૈ ગૈયા વચ્છ ગ્વાલ ।
સંગ મિલ ભોજન કરત હૈ જૈસૈ પશુપાલ ॥૩॥
ગિરિ ગોવર્ધન સેવિએ જીવન ગોપાલ ।
સૂર સદા ડરપત રહે જાતે યમકાલ ॥૪॥

વ્રજ : કાર્તિક કૃષ્ણ અમાવાસ્યા **રાજભોગ દર્શન** ગુજરાતી : આસો વદ અમાસ



વ્રજ : કાર્તિક કૃષ્ણ અમાવાસ્યા   ચિત્ર પરિચય   ગુજરાતી : આસો વદ અમાસ

આજના શૃંગાર : કુલ્હે-જોડ સૂથન-ચાકદાર

સાજ : ગો.તિ.શ્રીદાઉજી મહારાજ નિર્મિત જડાવની, શ્યામરંગની ધરતી ઉપર કૂંડામાં વૃક્ષાવલી અને ફૂલવેલનું મોતીનું સુંદર ભરતકામ કરેલી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ તેમજ શ્વેત જરીનાં સૂથન, ચોલી અને ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ચંપાઈ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** રૂપેરી જરીની કુલ્હે ઉપર શિરપેચ તથા પાંચ મોરપંખની ચંદ્રિકાની જોડ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીઠિકા ઉપર સુવર્ણનું રત્નજડિત પ્રાચીન ચોકઠું ધર્યું છે. મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. ગુલાબી અને શ્વેત પુષ્પોનાં બે સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે આસો વદ અમાસ, વર્ષનો છેલ્લો દિવસ. દિવાળીનો દિવસ. દિવાળી અને અન્નકૂટ એ આપણા સૌથી મોટા અને આનંદના ઉત્સવો. આજે શ્રીઠાકોરજી વહેલા જાગી, સુગંધી પદાર્થોથી અભ્યંગ કરી, શૃંગાર સજી ખિરકમાં પધારે છે. ગાયોને શણગારે છે. ગાયોને ખૂબ ખેલાવે છે.

સાંજે શ્રીજીબાવાના મંદિરમાં આખો ગોવર્ધન ચોક ભરાઈ જાય તેટલી ગાયો આવે છે. ગાયોને સુંદર રીતે શણગારેલી હોય છે. તેમના મસ્તક ઉપર મોરપીચ્છ શોભતાં હોય છે. ગળામાં ઘંટડીઓ બાંધેલી હોય છે. શરીર ઉપર લાલ કંકુના થાપા લગાવેલા હોય છે. રંગબેરંગી વસ્ત્રો સજીને તેમની સાથે ગ્વાલો પણ આવે છે અને ગાયોને ગોવર્ધન ચોકમાં ખૂબ ખેલાવે છે. વૈષ્ણવોની ભારે ભીડ ગાયોનાં દર્શન કરવા એકઠી થાય છે.

સાંજે દીપમાલાઓ પ્રગટે છે. શયનનાં દર્શન સમયે કાનજગાઈ થાય છે. કાનજગાઈ એટલે ગાયોને બીજા દિવસે અન્નકૂટ ઉત્સવમાં આવવાનું આમંત્રણ. રાત્રે શય્યામંદિરમાં હટડી સજાય છે. દિવાળીની રાત્રે પ્રભુ હટડીમાં બિરાજે છે. હટડીમાં વિવિધ સામગ્રી સજાય છે. રાત્રે આ સજાવટના સ્થળે અખંડ દીવો રહે છે. પ્રભુ હટડીમાં આખી રાત બિરાજે છે એ ભાવનાથી શૃંગાર વડા થતાં નથી. વળી પ્રભુ રાત્રે પાસાં-ચોપાટ ખેલે છે. તેની પણ ભાવાત્મક સજાવટ થાય છે. આનંદ મંગલપૂર્વક આજનો ઉત્સવ ઉજવાય છે. સમગ્ર મંદિર આસોપાલવનાં તોરણો અને રોશનીથી શોભાયમાન હોય છે.

કીર્તન : **અભ્યંગ, શૃંગાર, રાજભોગ, ગાય ખેલાવવાનાં, દીપમાલિકનાં, પાસા ખેલનાં અને હટડીનાં પદ માટે જુઓ પરિશિષ્ટ-૧**

વ્રજ : કાર્તિક કૃષ્ણ અમાવાસ્યા

કાનજગાઈ

ગુજરાતી : આસો વદ અમાસ



કાનજગાઈ

દિવાળીના દિવસે સાંજે શયનના દર્શન સમયે કાનજગાઈ થાય છે. શ્રીનવનીતપ્રિયજી સુખપાલમાં બિરાજી, સૂરજપોળ ઉપર વાજતે ગાજતે પધારે છે. શ્રીઠાકોરજીને દૂધની હાંડી અને સામગ્રીનો ભોગ આવે છે. પછી બીડાં ધરાય છે. આ સમયે સૂરજપોળના ગોવર્ધનચોકમાં બધા પગથિયાં ઉપર સુંદર રંગોથી રંગોળી પૂરાયેલી હોય છે. ઝાલરઘંટા વાગે છે. કીર્તન થાય છે. ગાયો આવે છે. પૂ.શ્રી તિલકાયત મહારાજશ્રી ગાયોનું પૂજન કરી, તિલક-અક્ષત કરી તેને લાડવા-પ્રસાદ ખવડાવે છે. ગ્વાલને પણ પ્રસાદ આપે છે. ત્યાર પછી ગાયના કાનમાં કહે છે : ‘કાલે સવારે ગોવર્ધનપૂજાના સમયે આપ વહેલાં પધારજો.’ આમ કાનજગાઈ એટલે ગાયોને ગોવર્ધનપૂજન સમયે પધારવાનું આમંત્રણ આપવાનો ઉત્સવ. ગાયોના કાનમાં આમંત્રણ અપાતું હોવાથી તેને કાનજગાઈ કહેવાય છે. શ્રીઠાકોરજી સ્વયં ગાયોને આમંત્રણ આપે છે તેવો ભાવ છે. દરેક પુષ્ટિમાર્ગીય મંદિરમાં અન્નકૂટના આગલા દિવસે આ રીતે કાનજગાઈ થાય છે.

સારસ્વતકલ્પમાં શ્રીઠાકોરજીએ શ્રીગિરિરાજજીને અન્નકૂટ આરોગાવ્યો હતો ત્યારે પણ આ જ રીતે કાનજગાઈ થઈ હતી. શ્રીઠાકોરજી, નંદરાયજી, સર્વ ગ્વાલબાલો વગેરે પોતાની ગાયોને શણગારીને વાજતે ગાજતે શ્રીગિરિરાજજીની સન્મુખ લઈ આવ્યા હતા. શ્રીનંદનંદને આજ્ઞા કરી તે પ્રમાણે પહેલાં શ્રીગિરિરાજજીને દૂધની મોટી હાંડીનો ભોગ ધરાયો. પછી બીડાં આરોગાવ્યાં. ગર્ગાચાર્યજીએ નંદબાવા પાસે બ્રાહ્મણો અને ગાયોનું પૂજન કરાવ્યું. શ્રીઠાકોરજીએ અને નંદબાવાએ એક-એક ગાયના કાનમાં કાલે સવારે ગોવર્ધનપૂજા સમયે પધારવાનું આમંત્રણ આપ્યું. સૌ બ્રાહ્મણોને પણ બે હાથ જોડી પૂજન સમયે પધારવા વિનંતી કરી.

આ પ્રસંગના અષ્ટસખાઓએ દર્શન કરી સુંદર કીર્તન ગાયાં છે.

કીર્તન : **શયન દર્શન : (રાગ : કાન્હરો)**

કાન જગાવત ચલે કન્હાઈ ।
ગિરિધર સિંઘદ્વાર ચઢ ટેરત સુન સબ સખા મંડલી આઈ ॥૧॥
વિવિધ સિંગાર પહેરે પટભૂષણ, પ્રફુલ્લિત ઉર આનંદ ન સમાઈ ।
રૂચિર ગેલ ગિરિ ગોવર્ધનકી કિલકત હઁસત સબે સુખદાઈ ॥૨॥
ટેરત ગાંગ બુલાઈ ધૂમર શ્રવણ સુનત આતુર ઊઠિ ધાઈ ।
મેલી ડાઢ ભયો મન આનંદ **ચત્રભુજદાસ** ચલે શિર નાઈ ॥૩॥

(રાગ : કાન્હરો)

દીપદાન દે શ્યામ મનોહર સબ ગાયનકે કાન જગાવત ।
ગાંગ બુલાઈ ધૂમર ધોરી ઊંચે લે લે નામ બુલાવત ॥૧॥
હોઉ સચેત ભોરખેલનકો દોરી આવત નેક સુનાવત ।
સન્મુખ જાય કૂંક મારત હૈ મુખ પર ફેર પિછોરી ધાવત ॥૨॥
મુદિત ગોપાલ ઔર ગ્વાલ મિલ જાકો બછરા તાહિ મિલાવત ।
ચત્રભુજ પ્રભુ ગિરિધરન ડાઢ સુન હંસ ગાવત કરતાલ બજાવત ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ એકમ



અન્નકૂટોત્સવ

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર-શૃંગાર : આજે મંગળાનાં દર્શન દિવાળીના દિવસે ધરેલાં વસ્ત્ર શૃંગારમાં જ થાય છે. દિવાળીની રાત્રે પ્રભુ હટડીમાં બિરાજે છે. વળી ચોપાટ પણ ખેલે છે. આ ભાવનાથી વસ્ત્ર-શૃંગાર દિવાળીના દિવસે રાત્રે વડાં થતાં નથી.

અન્નકૂટ ઉત્સવના દિવસે મંગળાદર્શનમાં પિછવાઈ, સાજ વગેરે દિવાળીના દિવસનાં જ રહે છે. આ આજનાં મંગળા દર્શનની વિશેષતા છે. રોજ મંગળાનાં દર્શનમાં પિછવાઈ ધરાતી નથી, જ્યારે આજે પિછવાઈ ધરેલી છે.

દિવાળીના દિવસે રાત્રે, શ્રીઠાકોરજી ગોપસખાઓ સહિત અને શ્રીસ્વામિનીજી સખીજનો સહિત અરસપરસ ચોપાટ ખેલે છે એ ભાવનાથી, અખંડ દીવા ચાલુ રહે છે. ચોપાટ ખેલવાની અતિ આકર્ષક અને સુંદર ભાવાત્મક સજાવટ થાય છે. દીવા પ્રભુના શ્રીમુખ ઉપર અજવાળું ન આવે તે રીતે પ્રગટાવાય છે. બંને તરફ ભેટ પધરાવાય છે. આ સુંદર, ભાવાત્મક સજાવટનાં દર્શન વહેલી સવારે મંગળાનાં દર્શન પહેલાં થાય છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે હીનો, કેસર, કસ્તુરી, અંબર, ગુલાબ, કમળ, સોંધો વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ગોપીવલ્લભ ભોગમાં અને રાજભોગમાં ઘાંસના લાડુ (અડદના લોટના લાડુ), સખડી, મગની દાળ, વડીનું શાક, તીનકુડા, પાપડ, કચરિયા, સેવ, બિલસારુ વગેરે ઉત્સવની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર યથાશક્તિ, યથા મનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે ફક્ત મંગળાનાં જ દર્શન થાય છે, જે લગભગ બે કલાક સુધી ખુલ્લાં રહે છે. અન્ય સમાનાં દર્શન ભીતર થાય છે. અંદર સેવાનો ક્રમ ચાલુ રહે છે. વહેલી સવારે થયેલાં મંગળાનાં દર્શન પછી છેક રાત્રે લગભગ દસ વાગે અન્નકૂટનાં દર્શન થાય છે. મંગળાનાં દર્શન પછી અન્નકૂટના ભોગ સજાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

ગોકુલ ગોધન પૂજિયે ગિરિધર નંદરાય, નરનારી સબ હુલસકે પૂજો સુખ પાય ॥૧॥
ગહી દોહની કરલિયે દઈ લાલે જાય, હસ હસ દેવ ન્હવાવહી દૂહિ દૂહિ સબ ગાય ॥૨॥
ખીર હાંડી દધિ ભાત લે પકવાન બનાય, કુનવારો ભર લે ચલી શુભ મંગલ ગાય ॥૩॥
ગાય ખિલાવે આપની કૂકેં કિલકાય, **શ્રીવિઠ્ઠલ ગિરિધરન** કી બલબલ બલજાય ॥૪॥

વ્રજ : કાર્તિક શુક્લ પ્રતિપદા

અન્નકૂટ શૃંગાર

ગુજરાતી : કારતક સુદ એકમ



વ્રજ : કાર્તિક શુક્લ પ્રતિપદા ચિત્ર પરિચય ગુજરાતી : કારતક સુદ એકમ

આજના શૃંગાર : કુલ્હે-જોડ-ગોકર્ણ; સૂથન-ચાકદાર-પીતાંબર

સાજ : દિવાળીના દિવસે ધરેલો સાજ સંપૂર્ણ રીતે આજે ધરેલો છે.

વસ્ત્ર : દિવાળીના દિવસે ધરેલાં લાલ તેમજ શ્વેત જરીનાં વસ્ત્રો ધરેલાં છે. પરંતુ વધારામાં ઊર્ધ્વભુજા તરફ લાલ રંગનું જરીની તૂઈ કે કિનાર વગરનું, પીતાંબર ધરાયું છે. તેના બે છેડા બંને તરફ ચોકઠા ઉપર રહે તે રીતે આ પીતાંબર ધરેલું છે. આવું પીતાંબર વર્ષમાં બે વાર ધરાય છે. એક આજે અન્નકૂટના ઉત્સવમાં અને એક જન્માષ્ટમી અને નંદમહોત્સવના ઉત્સવમાં; પરંતુ જન્માષ્ટમીના ઉત્સવમાં પીતાંબર માત્ર ચોકઠા ઉપર જ ધરાય છે, જ્યારે આજે પ્રભુ શ્રીહસ્તમાં પણ પીતાંબર ધરે છે, તેમજ ગાયો, ગ્વાલો અને નિજજનો પર પીતાંબર ફેરવે છે; જેથી સૌને નજર ન લાગે. ચતુર્ભુજદાસજીએ આ ભાવનું એક પદ ગાયું છે.

ખેલી બહુ ખેલી ગાય, બુલાઈ ધુમર ધોરી ।
બછરા ઉપર 'ઉપરના ફેરત' ડાઢ મેલ કે દોરી ॥
આપ ગોપાલ ફૂક મારત હે ગૌ સુત ભરત અંકોરી ।
ધોં ધોં કરત લકુટ કર લીને 'મુખ ફેરિ પિછોરી' ॥

શૃંગાર : આજે અભ્યંગ થતું નથી. સર્વ શૃંગાર દિવાળીના દિવસના જ રહે છે. માત્ર શ્રીમસ્તક ઉપર લાલ રંગના, જરીની તૂઈની કિનારીવાળા ગોકર્ણ ધરાય છે. તેમજ કુલ્હે ઉપરથી શિરપેચ વડો થઈ જાય છે અને એને બદલે જડાવ પાન ધરાય છે.

કમલછડી અને ફૂલનાં માળાજી દિવાળીના દિવસે ધર્યાં હોય તે દિવાળીની રાત્રે વડાં થઈ જાય છે અને બે સુંદર પુષ્પમાળા તથા કમલછડી નવાં ધરાય છે. ટૂંકમાં તાજાં ફૂલોનાં શૃંગાર બદલાય છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં જડાઉ બંસી, છડી અને કમલછડી ધર્યાં છે.

કીર્તન : **અન્નકૂટ ભોગ આવે ત્યારે : (રાગ : સારંગ)**

અન્નકૂટ કોટિક ભાંતનસો ભોજન કરત ગોપાલ ।
આપહી કહત તાત અપનેસોં ગિરિ મૂરતિ દેખો તત્કાલ ॥૧॥
સુરપતિ સે સેવક ઈનહી કે શિવ વિરંચી ગુણ ગાવે ।
ઈનહીતે અષ્ટ મહા સિદ્ધિ નવનિધિ પરમ પદારથ પાવે ॥૨॥
હમ ગૃહ બસત ગોધન બન ચારત ગોધન હી કુલદેવ ।
ઈને છાંડ જો કરત યજ્ઞ વિધિ માનો ભીંતકો લેવ ॥૩॥
યહ સુન આનંદે વ્રજવાસી આનંદ દુદુંભી બાજે ।
ઘરઘર ગોપી મંગલ ગાવે ગોકુલ આન બિરાજે ॥૪॥

(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક શુક્લ પ્રતિપ્રદા

ગોવર્ધનપૂજા

ગુજરાતી : કારતક સુદ એકમ



વ્રજ : કાર્તિક શુક્લ પ્રતિપ્રદા ચિત્ર પરિચય ગુજરાતી : કારતક સુદ એકમ

ગોવર્ધનપૂજા

ગોવર્ધનપૂજા એટલે શ્રીગિરિરાજજીનું પૂજન - શ્રીકૃષ્ણે વ્રજવાસીઓ પાસે શ્રીગિરિરાજજીને અન્નકૂટનો ભોગ ધરતાં પહેલાં શ્રીગિરિરાજજીનું પૂજન કરાવ્યું હતું. તે ભાવનાથી આજે પણ અન્નકૂટનો ભોગ ધરતાં પહેલાં શ્રીગિરિરાજજીનું પૂજન થાય છે.

ઈશાન તથા નૈઋત્યદિશાએ લાંબી જગ્યામાં ગોબરના ગિરિરાજજી સિદ્ધ કરવામાં આવે છે. તેના ઉપર વૃક્ષોની ભાવનાથી વૃક્ષની ડાળીઓ સજાવાય છે. શ્રીગિરિરાજજીનું મુખ ઉત્તર દિશામાં અને પુચ્છ દક્ષિણ દિશામાં રખાય છે. કરણ, મધુમાલતીની ડાળીઓ, કેળનાં પાન, કપાસ અને ધજાઓ તેની ઉપર રોપાય છે.

શ્રીગિરિરાજજીનું સ્વરૂપ પધરાવવા માટે ગોબરના ગિરિરાજજીમાં પશ્ચિમ દિશામાં એક ગોખલો કરવામાં આવે છે. ચારે બાજુ દીવા પ્રગટાવાય છે. અબીલ-ગુલાલથી, રંગોથી ચારણીથી ચોક પુરાય છે. સફેદ ચંદરવા, ટેરા, પિછવાઈ બંધાય છે. શ્રીગિરિરાજજીના પૂજન માટે જળ, દૂધ, દહીં, પલાળેલી હળદર, કંકુ, પીળા ચોખા, અરગજાની કટોરી, ચોવા, ચંદન, અબીલ, ચાર બીડાં, બે માળા, તુલસી, શંખ, મુખવસ્ત્ર, શ્રીયમુના જળનાં ઝારી, ધૂપ, દીપ, આરતી, માનસી ગંગાનું જળ, ઝાલર, ઘંટા, કુનવારાનો ભોગ (ભોગમાં હળદરથી રંગેલા વીસ મોટા કુલડામાં દરેકમાં બે સેવૈયાના લાડુ અને બે બે મઠડી આવે) વગેરે સર્વ સામગ્રી તૈયાર રખાય છે.

શ્રીગોવર્ધનપૂજન માટે શ્રીનવનીતપ્રિયજી પધારે છે. તેમને પધરાવવા જતાં પહેલાં શ્રીજી સન્મુખ આજ્ઞા લેવામાં આવે છે. પછી શ્રીગિરિરાજજીનું સ્વરૂપ અને શ્રીયમુનાજળનાં ઝારીજી લઈ, શ્રીનવનીતપ્રિયાજીના મંદિરમાં જઈ શ્રીનવનીતપ્રિયાજીને સુખપાલમાં પધરાવવામાં આવે છે. સુરજ પોળના પાવન પગથિયાં ઉપર શ્રીનવનીતપ્રિયાજી ખુલ્લા સુખપાલમાં બિરાજે છે. ત્યાં કઢિયેલ દૂધનો ભોગ આવે છે. બીડાં આરોગાવાય છે. ગાયોને બોલાવાય છે.

ત્યાર પછી ગોબરના ગિરિરાજજીમાં બનાવેલા ગોખલામાં બેવડું રેશમી વસ્ત્ર પાથરી શ્રીગિરિરાજજીનું સ્વરૂપ પધરાવવામાં આવે છે. શ્રીગિરિરાજજીને દંડવત કરી તિલક, અક્ષત કરી, તુલસી સમર્પી, આચમન પ્રાણાયામ કરી ગોવર્ધનપૂજાનો સંકલ્પ કરવામાં આવે છે.

સંકલ્પ કરી, જળ-અક્ષત છોડી, ઝાલર, ઘંટા, શંખનાદ સાથે શ્રીગિરિરાજજીને માનસી ગંગાના જળથી સ્નાન કરાવવામાં આવે છે. પછી શંખમાં દૂધ લઈ દૂધથી સ્નાન થાય છે. પછી દહીંથી, છેલ્લે જળથી સ્નાન કરાવી, અંગવસ્ત્ર કરાવી, એક નાની પાટલી ઉપર વસ્ત્ર બિછાવી, તે ઉપર શ્રીગિરિરાજજીને પધરાવી, અરગજા છીરકી, પીતાંબર ઓઢાડવામાં આવે છે. કંકુનું તિલક અને કમલપત્ર કરી, માળાજી ધરાય છે.

ત્યારબાદ ગોબરના ગિરિરાજજીને એક ઉપરણો ઓઢાડી, તેના પર કંકુ છાંટી, હળદર, કંકુ અને અરગજાના થાપા લગાવાય છે. પછી શ્રીગિરિરાજજીને કુનવારાનો ભોગ ધરાય છે.

સમય થયે ભોગ સરાવી, આચમન, મુખવસ્ત્ર કરી બીડાં ધરાય છે. શ્રીગોવર્ધનલીલા ચીતરેલી થાળીની આરતી થાય છે. શ્રીગિરિરાજજીના ઉપરણો અને માળાજી વડાં થાય છે.

પૂજન થઈ ગયા બાદ શ્રીનાથજીના દૂધગર અને ગૌશાળાની મુખ્ય વ્યક્તિઓ તેમજ સાત ઘરનાં ગ્વાલ, મંદિરના સેવકો તથા વૈષ્ણવોને તિલકાયતશ્રી 'ટોના' બાંધે છે. 'ટોના' એટલે લાલ, પીળા, લીલા બધા રંગના ઉપરણા. એ વ્રજભક્તોના ભાવથી બંધાય છે.

ત્યારપછી સૌને તિલક અક્ષત કરી, હળદર કંકુના થાપા લગાવી, કુનવારાના પ્રસાદનાં કુલડાં અપાય છે. મંદિરના સેવકો અને વૈષ્ણવોને શ્રીગોવર્ધનનાથજીના પ્રસાદી ઉપરણા અપાય છે. પછી શ્રીગિરિરાજજીને શ્રીઠાકોરજી પાસે પધરાવી ગાયો ખેલાવાય છે. ગાયને તિલક-અક્ષત કરી, પ્રસાદી લાડવા ખવરાવી, ઉપરણો ઓઢાડાય છે અને ગ્વાલને માથે ઉપરણો બાંધી તેને પણ પ્રસાદનો કુલડો અપાય છે. આ આભૂષણ વસ્ત્રયુક્ત ગાયની પ્રદક્ષિણા કરવામાં આવે છે. આ પૂજન લગભગ એક કલાક સુધી ચાલે છે.

(રાગ : સારંગ)

બડડેન કોં આગે દે ગિરિધર, શ્રીગોવર્ધન પૂજન આવત, માનસી ગંગા જલ ન્હવાયકે, પાછેં દૂધ ધોરીકો નાવત ॥૧॥
બહોરી પખાર અરગજા ચરચિત, ધૂપ દીપ બહુ ભોગ ધરાવત, દે બીરા આરતિ કરત હેં, વ્રજ ભામિનિ મિલ મંગલ ગાવત ॥૨॥
ટેર ગ્વાલ ભાજન ભર દે કેં, પીઠ થાપ શિર પેચ બંધાવત,
'ચત્રભુજ' પ્રભુ ગિરિધર અબ યહ બ્રજ, યુગ યુગ રાજ કરો મન ભાવત ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ પ્રતિપ્રદા

અન્નકૂટ દર્શન

ગુજરાતી : કારતક સુદ એકમ



વ્રજ : કાર્તિક શુક્લ પ્રતિપ્રદા ચિત્ર પરિચય ગુજરાતી : કારતક સુદ એકમ

અન્નકૂટ ઉત્સવ

અવતારકાળમાં શ્રીકૃષ્ણે ઈન્દ્રયાગને ગોવર્ધનયાગમાં પરિવર્તિત કરી મહાયજ્ઞરૂપ જે અન્નકૂટ મહોત્સવ કર્યો તેને જ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ સેવાક્રમમાં યોજી, શ્રીગોવર્ધનધરપ્રભુને અન્નકૂટ આરોગાવી, આધિદૈવિક મહાયજ્ઞનો આરંભ કર્યો. અન્નકૂટના પ્રકારમાં યજ્ઞની ભાવના શ્રીમહાપ્રભુજીએ દર્શાવી અને શ્રીગુસાંઈજીએ તેને વિસ્તારી.

ચાતુર્માસની પરિસમાપ્તિમાં, ભાગવત આદિના આધારે આપશ્રીએ અન્નકૂટને યજ્ઞનું રૂપ આપ્યું. આ મહાયજ્ઞ પુષ્ટિ પુરુષોત્તમની પ્રસન્નતા અર્થે, વર્ષ ભરના દોષ નિવારણ અર્થે કરાય છે.

શ્રીરઘુનાથજીએ શ્રીગુસાંઈજીના અષ્ટોત્તરશત નામમાં એક નામ કહ્યું છે : 'ગોવર્ધનાદિમખકૃત્.' આ નામની ટીકામાં શ્રીદેવકીનંદનજી સ્પષ્ટતા કરે છે કે 'શ્રીગુસાંઈજી શ્રીગોવર્ધન શ્રીગિરિરાજજી સંબંધી 'ગોસવ' નામના યજ્ઞને અન્નકૂટ સ્વરૂપે પ્રતિવર્ષ, તે જ દિવસે, તે જ પ્રકારે કરે છે; જે દિવસે, જે પ્રકારે ભગવાને અવતારકાળમાં કર્યો હતો.' આ 'ગોસવ' યજ્ઞ એ જ ગોવર્ધનયાગ. અન્નકૂટ મહામહોત્સવ યજ્ઞ.

આમ અન્નકૂટ એ પુષ્ટિમાર્ગીય યજ્ઞ છે. દિવાળીની રાત્રે કાનજગાઈ વખતે તિલકાયતશ્રી ગાયને આમંત્રણ આપતાં કાનમાં કહે છે : કલ બેગી આઈઓ (કાલે જલ્દી આવજો.) કલ અન્નકૂટ મહાયજ્ઞ હૈ ।

રાત્રે રતનચોકમાં શ્રીનવનીતપ્રિયાજી કાચની મોટી હટડીમાં બિરાજે છે. આ કાચની હટડી બાર દ્વારની આવે છે. એમાં બાર રાશીની ભાવના છે. ઉપર મેઘમંડલ આવે નવ ખંડનો, એમાં નવગ્રહ સ્થાપનની ભાવના છે. હટડીમાં નોમેલામાં બિરાજવાનું સ્થાન યજ્ઞવેદી છે. એટલે પ્રભુ સિંહાસનમાં ન બિરાજતાં, તેમાં બિરાજે છે. હટડીની ચારે દિશાએ, પ્રભુની ચારે બાજુએ ઋત્વિક લોક બેસે. યજ્ઞસ્વરૂપ નિધિ પ્રભુ બિરાજે. પશુ, પક્ષી, ખિલૌના આદિ ધરાય એ મુનિઓ છે. ગંધર્વ વગેરે કીર્તનકાર છે. કિન્નર વગેરે છડીદાર છે. યજ્ઞના રક્ષણના ભાવથી મંદિરનો સેવક વર્ગ આખી રાત જાગરણ કરે છે.

આ અન્નકૂટ મહાયજ્ઞ દર વર્ષે કારતક સુદ એકમના રોજ બેસતા વર્ષે મનાવાય છે. મંદિરો ઉપરાંત વૈષ્ણવોના ઘેર પણ આ ઉત્સવ થાય છે. પ્રભુને અન્નકૂટનો ભોગ ધરાવવામાં આવે છે. દિવાળીના બીજા દિવસે અન્નકૂટનો આ ઉત્સવ ન મનાવી શકાય તો કારતક સુદ પૂનમ સુધીમાં મનાવાય છે. કોઈક કારણસર તેમ ન બને તો મહા સુદ ચોથ સુધીમાં કરવાની પણ પરંપરા છે.

આ અન્નકૂટ મહાયજ્ઞ એ ભગવાન છે. તેથી સર્વ સેવક વર્ગ સુરક્ષા માટે આખી રાત તે તે સેવામાં વ્યસ્ત રહે છે. પ્રધાન દેવ શ્રીગોવર્ધનનાથજી છે. એમની પ્રથમ પૂજા થાય છે. સાતે નિધિસ્વરૂપ શ્રીમથુરાનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારિકાનાથજી, શ્રીગોકુળનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીમદનમોહનજી પ્રધાન પ્રતિષ્ઠિત દેવતારૂપે છે. યજમાન-યજમાન પત્ની શ્રીમહાપ્રભુજીના વંશના બાલકો છે. બ્રહ્મા મોટા મુખિયાજી છે. અન્ય સેવક વર્ગ આચાર્ય તથા ઋત્વિક તેમજ ઉદ્‌ગાતા, અધ્વર્યુ છે.

નંદરાયજી અને વ્રજભક્તો ઈન્દ્રયાગ કરતા હતા. નંદરાજકુમારે પોતાની સમક્ષ થતો આ અન્યાશ્રય બંધ કરાવ્યો. યુક્તિપૂર્વક નંદરાયજી અને ગોપ-ગોપીઓને સમજાવ્યું કે ઈન્દ્રયાગ બંધ કરી ગો, બ્રાહ્મણ અને ગિરિરાજજીનો યજ્ઞ કરો. ગિરિરાજજીને ભોગ ધરો. શ્રીગિરિરાજજીની પરિક્રમા કરો. પ્રભુની આ આજ્ઞાને આધારે શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ ગાયોનું પ્રાધાન્ય રાખી, ગોવર્ધનની પૂજા કરી, અન્નકૂટ મહામહોત્સવ યજ્ઞ શરૂ કર્યો.

યજ્ઞસ્થળની શુદ્ધિરૂપે મંદિરમાં ખાસાભંડારથી લઈ રસોઈ, બાલભોગ વગેરે સ્થાનોમાં પોતાઈ (સાફસૂફી) થાય છે. પછી વસ્તુસંગ્રહ થાય છે. સુમુહૂર્તમાં કાષ્ઠ સંગ્રહ થાય છે. નાંદ, બટોરા, ઝાલ, ટોકરા વગેરે લવાય છે. ધાનની સેવા થાય છે. દશેરાના સુમુહૂર્તમાં પ્રભુને જ્વારા ધરાવી બાલભોગમાં ભઠ્ઠીપૂજન થાય છે. રૂપચતુર્દશીના મંગલ દિવસે સખડીનું ભઠ્ઠીપૂજન થાય. બડી સેવા આસો વદ ૧૧ પછી બારસ કે તેરસે અનુકૂળતા પ્રમાણે થાય.

ગોવર્ધનપૂજા પછી શ્રીનવનીતપ્રિયાજી શ્રીનાથજીના મંદિરમાં શ્રીજીની ગોદમાં અન્નકૂટ આરોગવા પધારે છે. શ્રીવિઠ્ઠલનાથજી પણ અન્નકૂટ આરોગવા શ્રીજીને ત્યાં પધારે છે. પ્રાચીન સમયમાં સાતે નિધિસ્વરૂપ એકસાથે શ્રીજી સાથે અન્નકૂટ આરોગવા પધારેલ છે.

ભાતના કોટ પર મધ્યમાં ધરવાનું શિખર



અન્નકૂટના ભોગ સાજવાની રીત

શ્રીયમુનાજળનાં બે ઝારીજી ભરીને ધરવા. બંને બાજુ જળની બે મથની તેના પર વસ્ત્ર ઢાંકીને ધરવી. મથની (માટલા)માં કટોરી તરતી રાખવી.

ભોગ સાજતાં પહેલાં ભોગ સાજવાની જગ્યા તથા ચોકીઓ ખાસા કરવી. ચોકી ન હોય તો તમામ ભોગ ધરતી પર ખાસા કરી (જલથી ધોઈ), પાતળ બિછાવી, તેના ઉપર પણ સાજી શકાય. છાબમાં પણ સામગ્રી સાજતાં પહેલાં પાતળ બિછાવવી. અન્નકૂટના ભોગમાં કોઈ ધાતુનાં વાસણ કે ચમચા આવતા નથી. પાતળ, પડિયા, કુલડાં, છાબ વગેરેમાં સર્વ સામગ્રી સજાય છે. સજાવટ કલાત્મક રીતે સુંદર કરવી. દરેક સામગ્રીના બે-બે દોના અથવા ડબરા સજાવીને ધરવા. દૂધગર, અનસખડી અને સખડીની સામગ્રી વચ્ચે હળદરથી મેંડ અવશ્ય કરવી.

પ્રથમ હરોળમાં સર્વ લીલા મેવા, બીજી હરોળમાં સર્વ સૂકા મેવા, ત્રીજી હરોળમાં સર્વ તળેલા સૂકા મેવા, ચોથી હરોળમાં સર્વ પ્રકારના બિલસારુ, પાંચમી હરોળમાં ખાંડના ખિલૌના અને ખાંડઘરની સામગ્રી, છઠ્ઠી હરોળમાં દૂધઘરની સર્વ સામગ્રી, સાતમી હરોળમાં સર્વ પ્રકારનાં સંધાણાં (અથાણાં) વગેરે ધરવા. આટલી સામગ્રી શ્રીઠાકોરજીના સિંહાસનથી લઈ ખંડપાટ સુધી ધરવી. ત્યારબાદ હળદરથી મેંડ કરવી (હળદરની લાઈન કરવી.)

આઠમી હરોળમાં અનસખડીમાં બુંદી, મોહનઠાર, જલેબી, સેવૈયાના લાડુ વગેરે ધરવા. નવમી હારમાં સર્વ પ્રકારનાં કચરિયાં - ગુવાર, ભીંડા, કારેલા, બટાકા, મખાણાં, કમલકાકડી વગેરે તળીને ધરવાં. દસમી હરોળમાં અનસખડીનાં શાક, રાયતાં, ભુજાનાં (ભજીયાં) કચોરી વગેરે ધરવાં. ત્યારબાદ હળદરથી મેંડ કરવી.

હવે વચ્ચે સખડી (ભાત) સાજી, આજુબાજુ સખડીનાં શાક, કઠોળ, દાળ, કઢી વગેરે સર્વ સામગ્રીઓ સજાય છે. સખડીના કોટમાં ઉપર એક મોટું શિખર-ચક્ર ચીતરેલો ગૂંજો-ચિત્ર શ્રીઠાકોરજીની સામે રહે તે રીતે પધરાવાય છે. ચારે બાજુ ચાર ગૂંજા(ઘૂઘરા) - શંખ, ચક્ર, ગદા અને પદ્મ ચિતરેલાં ધરાય છે. તુલસીનાં માળાજી સખડી ઉપર ધરાય છે.

શ્રીનાથજીમાં અન્નકૂટની સામગ્રીથી આખો રત્નચોક તથા ડોલતિબારી ભરાઈ જાય છે. દૂધઘર અને બાલભોગની સામગ્રી નિજમંદિર, મણિકોઠા, છઠ્ઠીવાલા કોઠા વગેરે જગ્યાએ ટોપલાઓ ભરી ભરીને એકબીજાના ઉપર ગોઠવવામાં આવે છે.

યજ્ઞ ભગવાન જેમ યજ્ઞકુંડમાંથી પ્રગટ થઈ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપે છે; તેમ આ અન્નકૂટ મહાયજ્ઞમાં પણ સખડીના કોટ (ભાતના ઢગલા)ની ઉપર મુખારવિંદ સ્વરૂપ ગોળ ગૂંજો ધારણ કરે છે. ચાર દિશામાં ચાર શ્રીહસ્તની ભાવનાથી, ચતુર્ભુજ સ્વરૂપની ભાવનાથી ચાર ગૂંજા - જેમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ચીતરેલાં હોય છે તે ધારણ કરે છે. શ્રીકંઠમાં તુલસીનાં માળાજી બિરાજે છે. આવા સ્વરૂપે પ્રભુ દર્શન આપે છે.

સખડી સાજવાની રીત

અબીલ, ગુલાલ, હળદરથી કલાત્મક મેંડ કરી. પ્રભુની સન્મુખ અષ્ટદલ કમલ અબીલ-ગુલાલ-હળદરથી કલાત્મક રીતે દોરી, તેના ઉપર ઘાસનું ગોળ બીડું મૂકાય છે. તેમાં પાતળ પાથરી, તેના ઉપર નવું કોરું સફેદ વસ્ત્ર ભીંજવીને બિછાવાય છે. તેમાં વચ્ચે પાટિયાની સેવનો બટેરો મૂકી તેના ઉપર સખડી પધરાવાય છે. આ સખડીના (ભાત)ના ઢગ ઉપર વચ્ચે શિખર જેમ ચક્રવાળો ગોળ ગૂંજો, શંખવાળો ગૂંજો ડાબી બાજુ, ચક્રવાળો ગૂંજો પાછળ, પદ્મવાળો ગૂંજો સામે અને ગદાવાળો ગૂંજો જમણી બાજુ ધરાય છે. ગૂંજા ઉપરનાં ચિત્રો કેસરથી કલાત્મક રીતે ચિતરાય છે. આ પાંચ ગૂંજા સિદ્ધ કરવાની સેવાને ‘બડી સેવા’ કહેવાય છે.

ત્યારબાદ સખડીના ઢગલાની ચારે બાજુ તુલસીનાં માળાજી ધરાય છે. દૂધમાં કેસર ઘોળી સખડીના ઢગલા ઉપર ચારેબાજુ કલાત્મક રીતે છિરકાય છે. સુંદર શોભા થાય છે. સખડીના કોટ ઉપર ઘીનું બટેરું ધરાય છે. આસપાસ શાક, કઠોળ, દાળ, કઢી વગેરે સર્વ સખડીની સામગ્રી સજાય છે. પછી તુલસી, શંખોદક, ધૂપદીપ કરી, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની કાનિ દઈ આરોગવાની વિનંતી કરવામાં આવે છે.

ત્યારબાદ કીર્તનીયાઓ અને વૈષ્ણવો મોટેથી ગોવર્ધનલીલા ગાતાં ગાતાં મંદિરની પરિક્રમા કરે છે. આ પરિક્રમાનો આનંદ શ્રીજીદ્વારમાં ખૂબ આવે છે. પૂ. તિલકાયતશ્રી પણ મોટો જામો પહેરી મંદિરની પરિક્રમા કરે છે. તે આનંદ અવર્ણનીય હોય છે. વૈષ્ણવોએ જીવનમાં એકવાર તો શ્રીજીદ્વારમાં આ અન્નકૂટ મહોત્સવનાં દર્શન કરવા અચૂક જવું.

આડો ગુંજો શંખનો



આડો ગુંજો ચક્રનો



ઉભો ગુંજો ગદાનો



ઉભો ગુંજો પદ્મનો



વ્રજ : કાર્તિક શુક્લ પ્રતિપ્રદા ચિત્ર પરિચય ગુજરાતી : કારતક સુદ એકમ

અન્નકૂટ દર્શન

એકથી દોઢ કલાક વ્યતીત થયા પછી ભોગ સરાવી, આચમન મુખવસ્ત્ર કરાવી, વિશેષ પ્રમાણમાં બીડાં ધરવામાં આવે છે. ત્યારબાદ દર્શન ખૂલે છે. આજે પ્રભુ સૌને ભોગ આરોગતાં દર્શન આપે છે. ચાંદીની થાળીમાં દીવડાની, મુક્તાફળની આરતી થાય છે. રાઈ-લોન ન્યોછાવર થાય છે. શ્રીગુસાંઈજી, આપના સાત બાળકો અને શ્રીકાકા વલ્લભજીના ભાવથી નાથદ્વારામાં અન્નકૂટ દર્શનમાં સમયાંતરે કુલ નવ આરતી થાય છે. ચોથી આરતી પછી ભીલ લોકો સખડી લૂંટવાની શરૂઆત કરે છે. પાંચમી આરતી પછી શ્રીવિઠ્ઠલનાથજી નિજ મંદિરમાં પધારી જાય છે. નવમી આરતી પછી શ્રીનવનીતપ્રિયાજી નિજ મંદિરમાં પધારે છે. ત્યાર પછી શ્રીનાથજીને અનોસર થઈ મહાપ્રસાદનું વિતરણ થાય છે. સાંજની સેવાનો પ્રકાર-ઉત્થાપન ભોગ અને સંધ્યાભોગ સાથે આવે છે. શયનભોગ પછી પ્રભુ પોઢે છે. આ બધા સમયનાં દર્શન ભીતર થાય છે.

અન્નકૂટમાં ધરાતી સામગ્રીના પ્રકારો

૧. દૂધગરની સામગ્રી :

સાદી અને કેસરી બરફી, અઘોટા (કઢિયેલ) દૂધ, માવાના ગૂંજા, પેંડા, મેવાતી, માવાની ગોળી, છૂટો માવો, દૂધપુરી, મલાઈનાં બટેરાં, માવાની કપૂરનાડી, ખરમંડા, મઠડી, સક્કરપારા વગેરે.

૨. ખાંડઘરની સામગ્રી :

ખાંડનાં રમકડાં, ગજક, રેવડી, પતાસાં, ગુલાબકતરી, પાયેલા ઈલાયસી દાણા, પીસ્તા, ચારોળી, બદામ, કાજુ, વગેરે; ચારોળી અને કોપરાના ખમણનાં નંગ, બીલસારુ અને મુરબ્બા વિવિધ પ્રકારના અને સૂકા અને લીલા મેવા બની આવે તેટલા.

૩. અનસખડીની સામગ્રી :

ગૂંજા (ઘૂઘરા) સેવના લાડુ (સેવૈયા) છૂટી બુંદી, સફેદ તથા કેસરી સૂતરફેણી, ચંદ્રકળા, ઉપરેટા, મઠડી, બાબર, ઘેબર, જલેબી, દહીંનો મનોહર, ખરમંડા, છાશવડા, કપૂરનાડી, મેવાતી, ઈન્દરસા, મગના લોટનો મગસ, બેસણ (ચણાના લોટ)નો મગસ, મેંદાનો મગસ, ચોરીઠા (ચોખાના લોટ)નો મગસ, મોહનથાળ, ઠોર, સક્કરપારા, બુંદીના લાડુ, ગોળના પૂડલા, માલપુઆ, માનભોગ (ઘઉંના લોટનો શીરો) થૂલી (લાપસી) ચોખાની ખીર, સંજાબની (ઘઉંના ફાડાની) ખીર, સેવની ખીર, મણકાની ખીર, શિખરન (શિખંડ) વડી, મેંદાની પૂરી, આઠ પ્રકારનાં સંધાણાં, ઘઉંના લોટની પૂરી, ફડફડિયાં (પલાળીને તળેલા ચણા અને વિવિધ દાળો) ચણાના લોટની પીળી સુંવાળી, મેંદાના લોટની સફેદ સુંવાળી, ચાર પ્રકારની થપડી, ઝારાની ઝીણી સેવ, આઠ જાતનાં રાયતાં, કાંજીવડાં, બીલસારુ વગેરે.

૪. સખડીની સામગ્રી :

વિશેષ પ્રમાણમાં સખડી, પાંચ જાતના ભાત, સોળ જાતનાં ભુજાણાં, સોળ જાતનાં શાક, પાટિયાની સેવ, તીલવડી ઢેબરી, મગ, ચાર જાતની કઢી, તીનકુડા, ચણાની દાળ, મગની દાળ, અડદની વડી, મગની વડી, કચરિયાં, ઢોકળાં, પાપડ, મીરચવડી, લવિંગવડી, વિવિધ પ્રકારની ભાજીના શાક વગેરે. નાથદ્વારામાં ૧૫૯ મણ ચોખાની સખડી અવશ્ય ધરાય છે.

આમાંથી આપણે યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવા.

વ્રજ : કાર્તિક શુક્લ પ્રતિપ્રદા **અન્નકૂટની સખડી** ગુજરાતી : કારતક સુદ એકમ



અન્નકૂટ ભોગ આવે ત્યારે : (રાગ : સારંગ)
અન્નકૂટ કોટિક ભાંતનસો ભોજન કરત ગોપાલ ।
આપહી કહત તાત અપનેસોં ગિરિ મૂરતિ દેખો તત્કાલ ।।૧।।
સુરપતિ સે સેવક ઈનહી કે શિવ વિરંચી ગુણ ગાવે ।
ઈનહીતે અષ્ટ મહા સિદ્ધિ નવનિધિ પરમ પદારથ પાવે ।।૨।।
હમ ગૃહ બસત ગોધન બન ચારત ગોધન હી કુલદેવ ।
ઈને છાંડ જો કરત યજ્ઞ વિધિ માનો ભીંતકો લેવ ।।૩।।
યહ સુન આનંદે વ્રજવાસી આનંદ દુદુંભી બાજે ।
ઘરઘર ગોપી મંગલ ગાવે ગોકુલ આન બિરાજે ।।૪।।
એક નાચત એક કરત કુલાહલ એક દેત કરતારી ।
બનિતા વૃંદ બાંયનો બાંટત ગુંજા પૂઆ સુહારી ।।૫।।
તબહિં ઈન્દ્ર આયુસ દીયો મેઘન જાય પ્રલયકે બરખો ।
યહ અપમાન કિયો ધોં કોને તાહિ પ્રકટ વ્હૈ પરખો ।।૬।।
સાત ઘોસ જલ શિલા સહસ્ત્રન મહા ઉપદ્રવ કીનો ।
નંદાદિક વિસ્મિત ચિતવત સબ તબ ગિરિવર કર લીનો ।।૭।।
શક્ર સકુચ સુરભી સંગ લાયો તજી અપની ટેક ।
ગહે ચરણ ગોવિંદ નામ કહિ કિયો આપ અભિષેક ।।૮।।
મહેરિ મુદિત વર વસન મગાયે બોલબોલ સબ ગ્વાલિન દીને ।
પ્રભુ **કલ્યાણ** ગિરિધર યુગયુગ યોં ભક્ત અભય પદકીને ।।૯।।

નોંધ : અન્નકૂટનાં દર્શન સમયે ઝાંઝ-મૃદંગ વગર ઈન્દ્રમાન ભંગનાં પદ ગવાય છે. તેમજ ભોગ-આરતી અને શયનદર્શન સુધી પણ ઈન્દ્રમાનભંગનાં કીર્તન ગવાય છે.

અન્નકૂટ દર્શન : (રાગ : બિલાવલ)
આવો રે આવોરે ભૈયા ગ્વાલો યા પર્વતકી છૈયા ।
નાચો ગાવો કરો વધાઈ સુખે ચરાવો ગૈયા ।।૧।।
જિન તુમારો પકવાન જો ખાયો સોઇ રક્ષા કરિ હૈ ।
પરમાનંદદાસકો ઠાકુર ગિરિ ગોવર્ધન ધરિ હૈ ।।૨।।

(રાગ : માલવ)
જય જય લાલ ગોવર્ધનધારી ઈન્દ્ર માન ભંગ કીનો ।
વામ ભુજા રાખ્યો ગિરિ નાયક ભક્તનકો સુખ દીનો ।।૧।।
સાત ઘોસ મઘવા પચિ હાર્યો ગો સુત શૃંગ ન ભીનો ।
કૃષ્ણદાસ ગિરિધર પિય આગેં પાંય પર્યો બલહીનો ।।૨।।

વ્રજ : કાર્તિક શુક્લ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ બીજ



ભાઈબીજ

દેહલી, વંદનમાલ, હાંડી - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : લાલ રંગનો કિનખાબનો સુંદર ગદલ ધર્યો છે. ફક્ત મુખારવિંદનાં દર્શન થાય છે. શ્રીઅંગનાં દર્શન થતાં નથી. આજથી આ રીતે ગદલ ધરવાની શરૂઆત થાય છે. ગાદી-તકિયા ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે. સફેદ વડી થયેલી છે.

શૃંગાર : સફેદ જરીની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે ધરેલાં છે. બાકીનાં શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : ગોપીવલ્લભ ભોગમાં ખીચડી, પાપડ, કચરિયાં, શાક, ગોળની કટોરી, દહીં ભાત, સંધાણાં, પૂરી વગેરે.

રાજભોગમાં ઉત્સવની સામગ્રી, મગની દાળનાં વડાં, છાશવડાં, દહીંભાત, પાટિયાની સેવ, કાંજીની હાંડી, દહીં, દહીંની સેવના લાડુ, સંજાબની ખીર, તીનકુડા, છડીયલ દાળ, કચરિયાં, ભુજાનાં વગેરે સામગ્રી ધરાય છે.

આપણે ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

ગિરિપર કોપિકે ઉઠચો ઇન્દ્ર રિસ્યાય ।।ધ્રુ।।
અપને જુ વ્રત કે કાજ કારન મનમે અતિ અકુલાય ।
પઠયે જો સુરપતિ દૂત તબ તહાં ગયે દોરે ધાય ।
દેખકે વ્રજરાજ લીલા કહો હમસોં આય ।।૧।।
એક સાંવરો સો નંદ ઢોટા કછુ કહી ન જાય ।
ઉન મેટકે પૂજા તિહારી દઇ ગિરિ હિં લુટાય ।
શ્રવણ સુન સુરરાજ કોપ્યો ભયો અપને ભાય ।।૨।।
કાટ બંધન દેઉ સબકે લગો ગિરિ સોં જાય ।
ઉમડે જુ મઘવા ચહૂ દિશ તે વ્રજે દોઉ બહાય ।
દેખકે પરમાણ ઉનકો કહો હમસો આય ।।૩।।

(અપૂર્ણ - જુઓ પરિશિષ્ટ-૧)

નોંધ : મંગલા, શૃંગાર, રાજભોગ અને શયનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧

વ્રજ : કાર્તિક શુક્લ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ બીજ



આજના શૃંગાર : સૂથન-ઘેરદાર, પાગ-ચંદ્રિકા

સાજ : લાલ મખમલની, સુરમા સિતારાના જરીકામની, વૃક્ષાવલીના ભરતકામવાળી સુંદર પિછવાઈ ધરી છે. તકિયા ઉપર મેઘશ્યામ રંગની અને ગાદી તેમજ ચરણચોકી ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગનાં કિનખાબનાં સૂથન, ચોલી અને ઘેરદાર વાઘો ધર્યો છે. ઉર્ધ્વભુજા તરફ કટિ ઉપર સોનેરી જરીની કિનારવાળો લાલ કટિપટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર સફેદ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. આજે હંમેશા આવો છોટો શૃંગાર જ થાય છે.

શ્રીમસ્તકે સોનેરી જરીની પાગ (ચીરા) ઉપર શિરપેચ, પન્નાની લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, રંગબેરંગી થાકવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના ઉત્સવને ભાઈબીજ તેમજ યમદ્વિતીયા પણ કહેવાય છે. એમ કહેવાય છે કે આજે બહેન શ્રીયમુનાએ ભાઈ યમને જમાડ્યા હતા તેથી આજે બહેન ભાઈને જમાડે છે, એ ભાવથી શ્રીઠાકોરજીને રાજભોગનો થાળ ધરીને તિલક થાય છે. આરતી થાય છે, પછી બીજી બધી સામગ્રી સજાય છે અને રાજભોગ આવે છે. બહેનને ઘેર શ્રીઠાકોરજી આરોગે છે એ ભાવથી રાજભોગ ધરાય છે. આ પ્રમાણે કરવાથી ભાઈ સુખસમૃદ્ધિથી યુક્ત બને છે અને બહેનને મનવાંછિત ફળ પ્રાપ્ત થાય છે એવી માન્યતા છે. રાજભોગનો થાળ ધરાયા પછી તિલક આરતી થાય ત્યારે આશકરણદાસજીનું નીચેનું કીર્તન ગવાય છે.

આજ દૂજ ભૈયાકી કહિયત, કર લિયે કંચન થાલ કે ।
કરો તિલક તુમ બહિન સુભદ્રા, બલ અરુ શ્રીગોપાલ કે ॥૧॥
આરતી કરત દેત ન્યોછાવર, વારત મુક્તા માલ કે ।
આશકરણ પ્રભુ મોહન નાગર, પ્રેમ પુંજ બ્રજબાલ કે ॥૨॥

કીર્તન : **રાજભોગ આયે : (રાગ : આસાવરી)**

જેંવત નંદ કાન્હ એક ઠોરે ।
કછુક ખાત લપટાત દુહૂકર બાલકેલિ રસ ભોરે ॥૧॥
બરા વદન મેં મેલ્યો જબહી મિરચદશન ટક ટોરે ।
તીક્ષ્ણ લગે નયન ભર આયે ખીજત બાહિર દોરે ॥૨॥
ફૂંક કપોલ દેત રોહિણી લિયે લગાય અંકોરે ।
સૂરશ્યામ કો મધુરે કોર દે કીને તાત નિહોરે ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ ત્રીજ



વ્રજ : કાર્તિક શુક્લ તૃતીયા — ચિત્ર પરિચય — ગુજરાતી : કારતક સુદ ત્રીજ

વસ્ત્ર : કેસરી રંગનો, લીલી કસોવાળો સુંદર ગદલ ધર્યો છે. તકિયા ઉપર મેઘશ્યામ અને ગાદી ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે.

શૃંગાર : સોનેરી જરીની પાઘ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે ધરેલાં છે. અન્ય શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

યાતે જિય ભાવે સદા ગોવર્ધનધારી ।
ઇંદ્ર કોપતે નંદકી આપદા નિવારી ॥૧॥
જો દેવતા આરાધિયે સો હરિકો ભિખારી ।
અન્ય દેવ કિત સેઇએ બિગરે અપકારી ॥૨॥
દુશાસન કે ક્રોધ તે દ્રૌપદી ઉબારી ।
પરમાનંદ પ્રભુ સાંવરો ભક્તન હિતકારી ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

સબ મિલ પૂછે ગોવર્ધન કયોં ધર્યો ।
કહો કૃષ્ણ એસો ડર કાકો કયોં મધવા પાયન પર્યો ॥૧॥
સોઇ મંત્ર કિન હમહિ શિખાવો હમ કરે તુમ્હારી સેવા ।
પરમાનંદ ઐસો ઠાકુર તજ કિત આરાધત દેવા ॥૨॥

રાજભોગ આવે ત્યારે (રાગ : આસાવરી)

લાલકો મીઠી ખીર જો ભાવે ।
બેલા ભર ભર લાવે યશોદા બુરો અધિક મિલાવે ॥૧॥
કનિયા લીયે યશોદા ઠાડી રુચિકર કોર બનાવે ।
ગ્વાલબાલ વન ચરન કે આગે જૂઠે હાથ દિખાવે ॥૨॥
વ્રજરાની જો ચહુધા ચિતવત તનમન મોદ બઢાવે ।
પરમાનંદદાસકો ઠાકુર હસ હસ કંઠ લગાવે ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ ત્રીજ



વ્રજ : કાર્તિક શુક્લ તૃતીયા ચિત્ર પરિચય ગુજરાતી : કારતક સુદ ત્રીજ

આજના શૃંગાર : સૂથન-ઘેરદાર; પાગ-ચંદ્રિકા

સાજ : પીળા રંગની જરીની, રૂપેરી જરીની કિનારાના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. તકિયા ઉપર મેઘશ્યામ, ગાદી ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલા રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગનાં અને રૂપેરી જરીની તૂઈની કિનારીવાળાં સૂથન, ચોળી અને ઘેરદાર વાઘો ધર્યાં છે. તેમજ પીળા રંગનો સોનેરી કિનારવાળો કટિપટુકો ઉર્ધ્વભુજા તરફ કટિ ઉપર ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે પીળા રંગની છોરવાળી પાગ ઉપર શિરપેચ તથા ગોળચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં અને ગુલાબનાં એમ બે, સુંદર થાકવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી અને સુવર્ણનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. પરંતુ ઘેરદાર વાઘો અને ગોળ ચંદ્રિકા ધરાય છે. આજથી અક્ષયનવમી સુધી ઈંદ્રમાનભંગનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

વ્રજજન લોચન હી કો તારો ।
સુન યશોમતિ તેરો પુત સપુતો કુલ દીપક ઉજિયારો ॥૧॥
ધેનુ ચરાવત જાત દૂર તબ હોત ભવન અતિ ભારો ।
ઘોષ સજીવન મુર હમારો છિન ઈત ઉત જિન ટારો ॥૨॥
સાત દ્યોસ ગિરિરાજ ધર્યો કર સાત વરસકો બારો ।
ગોવિંદ પ્રભુ ચિરજીયો રાની તેરો સુત ગોપ વંશ રખવારો ॥૩॥

શયન : (રાગ : અડાનો)

સુરરાજ આજ પાયન પર્યો ગિરિધરન આપુનો કર્યો ।
તજ ગજ વ્રજ રજ લોટત આયો સુરભી ઉપહાર લાયો
વદન નિરખ મગન ભયો કનક દંડલો ધરની ઢર્યો ॥૧॥
તબ ગોપાલ ભયે કૃપાલ પીતાંબર પહરાયો કાન્હ અભય કર શીશ ધર્યો ।
હરિનારાયણ શ્યામદાસકે પ્રભુ કે ચરણ શરણ રહેત સદાહી સબ વિધિ અનુસર્યો ॥૨॥

વ્રજ : કાર્તિક શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ ચોથ



વ્રજ : કાર્તિક શુક્લ ચતુર્થી   ચિત્ર પરિચય   ગુજરાતી : કારતક સુદ ચોથ

વસ્ત્ર : ગુલાબી રંગનો કિનખાબનો, મેઘશ્યામ કસોવાળો સુંદર ગદલ ધર્યો છે. તકિયા ઉપર મેઘશ્યામ અને ગાદી ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે.

શૃંગાર : પીળા રંગની છોરવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

વૃજપતિ અપુનેં ન વિસારેગો ।
આરત કોપ ઈન્દ્ર જલ વરસ્યો ગિરિધર કાન્હ ઉબારેગો ॥૧॥
દાવાનલ તે જરત ઉબારે જલ પ્રવાહ તે ટારેગો ।
ગોપી ગ્વાલ બાલ મુખ ચાહત સુરભી ગોપ સંભારેગો ॥૨॥
બિખ જલ પીવત મરત ઉબારે સુરપતિ સોચ નિવારેગો ।
મેંહા પ્રભુકી સરન સકલ વ્રજ કયોં અનાથ કર ડારેગો ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

કરત હૈ ભક્તન કી જો સહાય ।
દીનદયાલ દેવકી નંદન સમરથ જાદો રાઈ ॥૧॥
હસ્ત કમલ છાયા નિસ્તારત મુદિત નિશાન બજાય ।
દ્રિષ્ટ ભવન મેં હરખ ઘોખ ગોવર્ધન લાયો હૈ ઉઠાય ॥૨॥
કૃપા પયોધર ચતુર ચિંતામની ઐસો બિરદ કહાય ।
પરમાનંદદાસ પશુપાલક વેદ વિમલ જશ ગાય ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ ચોથ



આજના શૃંગાર : સૂથન-ચાકદાર-ફેંટાનો સાજ.

સાજ : ઘેર ગુલાબી રંગની ધરતી ઉપર રેશમના ફૂલ-પાનના ભરતકામવાળી અતિ સુશોભિત પિછવાઈ ધરી છે. ગાદી તકિયા ઉપર લાલ મખમલની અને ચરણચોકી ઉપર લીલા રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ઘેરા ગુલાબી રંગની જરીનાં, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ગુલાબી રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા પીરોજાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ફેંટાનો સાજ ધર્યો છે. ઘેરા ગુલાબી રંગની જરીના ફેંટા ઉપર શિરપેચ, મોરશીખા તેમજ દોહરા કતરા ધર્યા છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, સુંદર રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે પરંતુ ગુલાબી જરીનો ચાકદાર વાઘો ધરાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : ધનાશ્રી)**

માધોજુ રાખો અપની ઓટ ।
વે દેખો ગોવર્ધન ઉપર ઊઠે હૈ મેઘ કે કોટ ॥૧॥
તુમ જો શક્રકી પૂજા મેટી વેર કિયો ઉન મોટ ।
નાહિન નાથ મહાતમ જાન્યો ભયો હૈ ખરે તે ખોટ ॥૨॥
સાત દ્યોસ જલ વર્ષ સિરાનો અચયો એક હી ઘોટ ।
લિયો ઉઠાય ગરુવો ગિરિ કરપર કીનો નિપટ નિઘોટ ॥૩॥
ગિરિધાર્યો તૃણાવર્ત માર્યો જીયો નંદકો ઢોટ ।
પરમાનંદ પ્રભુ ઇન્દ્ર ખિસ્યાનો મુકુટ ચરણતર લોટ ॥૪॥

શયન : (રાગ : કાન્હરો)

અબ નેંક હમહિ દેહુ કાન્હ ગિરિવર ।
તુમે લિયે બડી વાર ભઈ હૈ દુ:ખ ઉઠે કોમલ કર ॥૧॥
મતિ ડિગપરે દબે સબ વ્રજજન ભયો હૈ હાથ પર અતિહી ભર ।
તબ કૈસે યહ વદન દેખ હૈ તાતે જીયમેં બડો હી ડર ॥૨॥
જાન સખન કો હેત મોહનરાય દીયો નવાય નેંક અપનો કર ।
નંદદાસ પ્રભુ ભુજા લટકિ ગઈ તબ હસે નાગર નગધર ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ પાંચમ



વ્રજ : કાર્તિક શુક્લ પંચમી   ચિત્ર પરિચય   ગુજરાતી : કારતક સુદ પાંચમ

લાભપાંચમ

વસ્ત્ર : લાલ રંગનો, જરીના બુટ્ટાવાળો સુંદર ગદલ ધર્યો છે. ગાદીતકિયા ઉપર લાલ મખમલની બિછાવટ થઈ છે.

શૃંગાર : ઘેરા ગુલાબી રંગનો ફેંટો, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

લીલા લાલ ગોવર્ધનધરકી ।
ગાવત સુનત અધિક રુચિ ઉપજત રસિકકુંવર શ્રીરાધાવરકી ॥૧॥
સાત ઘોસ ગિરિવર કર ધાર્યો મેટી તૃષા પુરંદર દરકી ।
વ્રજજન મુદિત પ્રતાપ ચરણ તે ખેલત હસત નિસંક નિડરકી ॥૨॥
ગાવત શુક શારદ મુનિ નારદ રટત ઉમાપતિ બલબલ કરકી ।
કૃષ્ણદાસ દ્વારે દુલરાવત માંગત જૂઠન નંદજુકે ઘરકી ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

આવો રે આવો રે ભૈયા ગ્વાલો યા પર્વત કી છૈયા ।
નાચો ગાવો કરો વધાઈ સુખે ચરાવો ગૈયા ॥૧॥
જિન તુમારો પકવાન જો ખાયો સોઈ રક્ષા કરિ હૈ ।
પરમાનંદદાસકો ઠાકુર ગિરિ ગોવર્ધન ધરિ હૈ ॥૨॥

રાજભોગ આવે ત્યારે (રાગ : આસાવરી)

ભોજન કરત હૈ ગોપાલ ।
ષટરસ ધરે બનાય જસોદા સાજે કંચન થાલ ॥૧॥
કરત વિચાર નિહારત સુત મુખ ચંચલ નયન વિશાલ ।
જો ભાવેસો લેહો મેરે મોહન માધુરી મધુર રસાલ ॥૨॥
જો સુખ સનકાદિક કો દુર્લભ દૂર દેખત વ્રજબાલ ।
પરમાનંદદાસકો ઠાકુર ચિરજીયો નંદલાલ ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ પાંચમ



વ્રજ : કાર્તિક શુક્લ પંચમી ગુજરાતી : કારતક સુદ પાંચમ

આજના શૃંગાર : સૂથન-ચાકદાર-ટિપારાનો સાજ.

સાજ : ગોવર્ધનધારણલીલાના ચિત્રકામવાળી સુંદર પિછવાઈ ધરી છે. મલ્લકાછ ટિપારાના શૃંગારમાં કૃષ્ણ-બલરામ, નંદયશોદા, ગોપીજનો તથા શ્રીગિરિરાજજી ઉપર વરસતો વરસાદ સુંદર રીતે પિછવાઈમાં દર્શાવાયાં છે. તકિયા ઉપર મેઘશ્યામ, ગાદી ઉપર લાલ તેમજ ચરણચોકી ઉપર લીલા રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની જરીનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા (લીંબોઈ) રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લાલ રંગની ટિપારાની ટોપી ઉપર વચ્ચે મોરચંદ્રિકા અને બંને બાજુ મોરપંખના દોહરા કતરા ધર્યા છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ગુલાબનાં પુષ્પોનાં અને શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે પરંતુ ટિપારો ધરાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : ધનાશ્રી)**

મહાબલ કીનો હો વ્રજનાથ ।
ઈત મુરલી ઉત ગોપિન સો રતિ ઈત ગોવર્ધન હાથ ॥૧॥
ઉત બાલક પય પાન કરાવત ઈત સુરભી તૃણખાત ।
ઉતહિ ચરત વછરા અપને રસ ગ્વાલ બજાવત પાત ॥૨॥
કોપ્યો ઈંદ્ર મહાપ્રલય કો ઝર લાયો દિન સાત ।
પરમાનંદ પ્રભુ રાખ લિયો વ્રજ મેટ ઈંદ્ર કી ઘાત ॥૩॥

શયન : (રાગ : કાન્હરો)

રાજે ગિરિરાજ આજ ગાય ગોપ જા કે તર બાનિક વિચિત્ર બની ધરે ભેખ નટવર ।
લિયો હૈ ઉઠાય વ્રજરાજ કે કુંવરવર અરગ થરગ રાખ્યો મુરલીકી ફૂંક પર ॥૧॥
બરસે પ્રલયકે પાની બુંદ ન જાત બખાની વ્રજહુતે અતિભારી તારે ટૂટે તરતર ।
તાપર કે ખગમૃગ ચાતક ચકોર મોર બુંદ ન કાહૂ પે પરી ભયો હૈ કૌતુક ભર ॥૨॥
પ્રભુજુકી પ્રભુતાઈ ઈન્દ્રહુકી જડતાઈ મુનિ હસે હેર હેર હરિ હસે હર હર ।
નંદદાસ પ્રભુ ગિરિધારી જુ કો હાંસી ખેલ, ઈન્દ્ર કો ગર્વ ગાર્યો ભયો હૈ દૂવરધર ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ છઠ



વ્રજ : કાર્તિક શુક્લ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક સુદ છઠ

વસ્ત્ર : આછા પીળા રંગનો ગદલ ધર્યો છે. તકિયા ઉપર મેઘશ્યામ અને ગાદી ઉપર લાલ બિછાવટ થઈ છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

સબ મિલ પૂછેં ગોવર્ધન ક્યોં ધર્યો ।
કહો કૃષ્ણ ઐસો ડર કાકો મઘવા પાયન પર્યો ॥૧॥
સોઈ મંત્ર કિન હમહિ સિખાવો હમ કરે તુમારી સેવા ।
પરમાનંદ ઐસૌ ઠાકુર તજ કિત આરાધત દેવા ॥૨॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

ગોવિંદ ગોકુલ કી મણી મેરે ।
પહિલ ગાય રહી હો ન રસો દુજ બીસરત મુ બહેરે ॥૧॥
જાકે ગરલ બઢનો અત સુરપત સાત હનો સરયો ઘેરે ।
વ્રજહીત કાન ગોવર્ધન ધાર્યો એ ધર્મજાલ બડેરે ॥૨॥
જાકો જસ મુની ગર્ગ બખાનત નીગમ કરત નેત ટેરે ।
સોઈ અબ **સૂર** સંત સંકર્ષન પાયે જતન ઘનેરે ॥૩॥

રાજભોગ : (રાગ : સારંગ)

અબ ન છાંડો ચરણ કમલ મહિમા મેં જાની ।
સુરપતિ મેરો નામ ધર્યો લોક અભિમાની ॥૧॥
અબલો મેં નહીં જાનત ઠાકુર વ્હૈ કોઈ ।
ગોપી ગ્વાલ રાખ લિયે મેરી પત ખોઈ ॥૨॥
એરાવત કામધેનુ ગંગાજલ આની ।
હરિકો અભિષેક કિયો જય જય સુરવાની ॥૩॥
વારંવાર પ્રણામ કરત ગોવર્ધન ધારી ।
પરમાનંદ ગોપ ભેખ લીલા અવતારી ॥૪॥

વ્રજ : કાર્તિક શુક્લ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ છઠ



આજના શૃંગાર : સૂથન-ઘેરદાર, પાગ-ચંદ્રિકા

સાજ : લાલ જરીની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ જરીનાં, સોનેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને કટિપટુકો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. પન્ના મોતી તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. પન્નાનો હમેલ ધર્યો છે.

શ્રીમસ્તકે લાલ જરીની પાગ ઉપર શિરપેચ તથા ઘુમાવદાર ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને લાલ પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે પરંતુ ઘેરદાર વાઘો અને પાગ ધરાય છે. છોટો શૃંગાર થાય છે. પન્ના અને મોતીનાં આભરણ ધરાય છે.

કીર્તન : **શયન : (રાગ : કાન્હરો)**

કાન્હકુંવર કે કર પલ્લવ પર માનો ગોવર્ધન નૃત્ય કરે ।
જ્યોં જ્યોં તાન ઉઠત મુરલી મે ત્યોં ત્યોં લાલન અધર ધરે ॥૧॥
મેઘ મૃદંગી મૃદંગ બજાવત દામિની દમક માનો દીપ જરે ।
ગ્વાલ તાલ દે નીકે ગાવે ગાયન કે સંગ સ્વરજુ ભરે ॥૨॥
દેત અસીસ સકલ ગોપીજન બરષાકો જલ અમિત ઝરે ।
યહ અદ્‌ભૂત અવસર ગિરિધરકો **નંદદાસ** કે દુઃખ હરે ॥૩॥

પોઢવાનું પદ : (રાગ : બિહાગ)

યહ ઋતુ નીકી લાગત સીતકી ।
અંકન દે પિયપ્યારી પોઢે બાત કરત રસ રીતકી ॥૧॥
બન ગઈ એક રજાઈ ભીતર હોત પરસ્પર જીતકી ।
ગદાધર પ્રભુ હેમંત મનાવત ચાહ બઢી નવ પ્રીતકી ॥૨॥

વ્રજ : કાર્તિક શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ સાતમ



વ્રજ : કાર્તિક શુક્લ સપ્તમી ચિત્ર પરિચય ગુજરાતી : કારતક સુદ સાતમ

વસ્ત્ર : કેસરી રંગનો, લીલી કસોવાળો સુંદર ગદલ ધર્યો છે. ગાદી અને તકિયા ઉપર લાલ બિછાવટ થઈ છે.

શૃંગાર : લાલ રંગની જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં દહીંવડાની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

બલહારી ગોપાલ કી ગોવર્ધન ધાર્યો ।
ઇંદ્ર ઢીઠ મદમત કો જિન ગર્વ પ્રહાર્યો ॥૧॥
બહુત યત્ન મઘવા કીયે પાછો ન સંભાર્યો ।
બૈર કિયો વ્રજનાથસોં આપુન હી હાર્યો ॥૨॥
લે સુરભી પાંયન પર્યો અપરાધ નિવાર્યો ।
કૃષ્ણદાસ કે પ્રાણકો હસ વદન નિહાર્યો ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

ગોવર્ધન કર પર ધર્યો મેરે બારે કન્હૈયા ।
દધિ અક્ષત ફલ ફૂલ લે ભુજ પૂજત મૈયા ॥૧॥
વિપ્ર બોલ વરણી કરી દીની બહુ ગૈયા ।
ગ્વાલ બાલ પાંયન પરે ગોપી લેત બલૈયા ॥૨॥
નંદ મુદિત મન ફૂલહી કીરતિ યુગ મૈયા ।
પરમાનંદ વ્રજ રાખિ લિયો ખેલત લરકૈયા ॥૩॥

રાજભોગ : (રાગ : સારંગ)

હાહા હઠીલે હરિ જનની કો કહ્યો કર મેહ તો બરષ ગયો અબ ગિરિ ધરની ધર ।
દેખોરી પિરાઈ બાંહ સાત દ્યોસ કીની છાંહ અતિહી કઠિન કુટ છતના જ્યોં રાખ્યો ધર ॥૧॥
શ્રમિત યશોદા માય બૈયાં ચૂંમત ધાય કરોરે સહાય સબે આંકો લેત ભરભર ।
કુલ કે દેવ મનાવે દાનકો દ્વિજ બુલાવે જોઇ માગે દેહિ તાહિ ઓર રહે પાય પર ॥૨॥
આનંદે સબ ગ્વાલ ગોપ ઇંદ્ર કહા કિયો કોપ જિયોરી કન્હૈયા તેરો જાકે રાજ સ્થિર કર ।
માનદાસ સુરપતિ જિન કીની એસી મતિ કામધેનુ આગે લાય રહ્યો ચરણન તર ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ સાતમ



વ્રજ : કાર્તિક શુક્લ સપ્તમી **ચિત્ર પરિચય** **ગુજરાતી : કારતક સુદ સાતમ**

આજના શૃંગાર : સૂથન-ચાકદાર, ગ્વાલપગો-મોરશીખા

સાજ : ગોચારણલીલાના ચિત્રકામવાળી સુંદર પિછવાઈ ધરી છે. તકિયા ઉપર મેઘશ્યામ, ગાદી ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : રૂપેરી જરીનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી તથા ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા ગુલાબી રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે રૂપેરી જરીની ગ્વાલપાગ (પગો) ઉપર મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી - લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. મધ્યનો શૃંગાર થાય છે. ચાકદાર વાઘો ધરાય છે.

કીર્તન : **શયન (રાગ : અડાનો)**

સુરરાજ આજ પાયન પર્યો ગિરિધરન આપુનો કર્યો ।
તજ ગજ વ્રજરજ લોટત આયો સુરભી ઉપહાર લાયો
વદન નિરખ મગન ભયો કનક દંડલો ધરની ઢર્યો ॥૧॥
તબ ગોપાલ ભયે કૃપાલ પીતાંબર પહરાયો કાન્હ અભય કર શીશ ધર્યો ।
હરિનારાયણ શ્યામદાસ કે પ્રભુ કે ચરણ શરણ રહેત સદાહી સબ વિધિ અનુસર્યો ॥૨॥

પોઢવાનું પદ (રાગ : બિહાગ)

ચાંપત ચરન મોહનલાલ ।
પલકા પોઢી કુંવરિ રાધે સુંદરી નવબાલ ॥૧॥
કબહૂ કર ગહિ નયન મિલવત, કબહુ છુવાવત ભાલ ।
નંદદાસ પ્રભુ છબિ નિરખત પ્રીત કે પ્રતિપાલ ॥૨॥

વ્રજ : કાર્તિક શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ આઠમ



ગોપાષ્ટમી

દેહલી - વંદનમાલ - હાંડી - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : રૂપેરી જરીનો, લાલ કસોવાળો સુંદર ગદલ ધર્યો છે. તકિયા ઉપર મેઘશ્યામ અને ગાદી ઉપર લાલ બિછાવટ થઈ છે.

શૃંગાર : રૂપેરી જરીનો ગ્વાલપગો, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં નિત્યની સામગ્રી ઉપરાંત ખાસ સામગ્રીમાં દહીંની સેવના લાડુ, દહીંભાત, બિલસારુ, પકોડીની કઢી, પાપડ, કચરિયાં, છડિયલ દાળ વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે પ્રભુ નંદરાજકુમાર પ્રથમ વાર ગોચારણ માટે વનમાં પધાર્યા છે. એ ભાવથી આજના ઉત્સવને ગોપાષ્ટમી કહેવાય છે. ગોપગણ ગાયોની અષ્ટાંગ યોગથી સેવા કરે છે તેથી આઠમની તિથિએ ગૌપૂજન કરીને પ્રભુ ગાયો ચરાવવા પધાર્યા છે.

પુષ્ટિમાર્ગ જ એવો એક માર્ગ છે કે જેમાં ગાયોનું પાલન, લાલન, ગોક્રીડન, ગૌસંવર્ધન વગેરે થાય છે. ગાયોની સેવા ભગવાનની સેવાની જેમ થાય છે. વ્રજમાં શ્રીકૃષ્ણની સમસ્ત જીવનક્રિયા ગોચારણમાં જ થઈ. તેથી જ આપનું નામ 'ગોપાલ' પડ્યું. શ્રીમહાપ્રભુજીએ પણ જ્યારે શ્રીજીબાવાએ ગાય માગી ત્યારે પોતાના છલ્લા વેચીને પ્રભુને ગાય લાવી દીધી. આજે પણ શ્રીનાથજીમાં હજારો ગાયોનું લાલન-પાલન થાય છે. પ્રભુ ગાયો વગર એક ક્ષણ પણ રહેતા નથી. વૈષ્ણવો આજે ગાયોને ઘાસ, લાડવા વગેરે ખવડાવે છે.

આજે શ્રીનાથદ્વારા સિવાય અન્ય ઘરોમાં પ્રભુને કુનવારાનો ભોગ ધરાય છે. જેમાં દહીંભાત, માનભોગ, પાટીયાની ખીર, સંજાબની ખીર, સેવના લાડુ અને મઠડીના બે બે કુલડાં ધરાય છે. શૃંગાર પછી કુનવારાનો ભોગ આવે છે. ગોપીવલ્લભ ભોગ પણ સાથે જ આવે છે. નંદાલયની ભાવનાથી, પ્રભુ ગોચારણ કરવા પધારે ત્યારે સર્વ ગ્વાલ-બાલ સાથે ભોગ આરોગીને પછી ગોચારણ માટે પધારે છે એ ભાવનાથી કુનવારાનો ભોગ આવે છે. નિકુંજનાયક શ્રીનાથજીને ત્યાં ગોલોકની લીલા છે. બીજા બધા ઘરોમાં નંદાલયની ભાવના છે તેથી સેવાપ્રકારમાં થોડો ફરક પડે છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

પ્રથમ ગૌચારણકો દિન આજ ।
પ્રાતકાલ ઉઠ યશોદા મૈયા કીનો હૈ સબ સાજ ॥૧॥
વિવિધ ભાંત બાજે બાજત હૈ રહ્યો ઘોષ સબ ગાજ ।
ગાવત ગીત મનોહર બાની તજ ગુરુજનકી લાજ ॥૨॥
લરિકા સકલ સંગ સંકર્ષણ વેણુ બજાય રસાલ ।
આગે ધેનુ ચલે **ગોવિંદ**પ્રભુ નામ ભયો ગોપાલ ॥૩॥

(શૃંગારના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ આઠમ



ગોપાષ્ટમી

દેહલી - વંદનમાલ - હાંડી - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : રૂપેરી જરીનો, લાલ કસોવાળો સુંદર ગદલ ધર્યો છે. તકિયા ઉપર મેઘશ્યામ અને ગાદી ઉપર લાલ બિછાવટ થઈ છે.

શૃંગાર : રૂપેરી જરીનો ગ્વાલપગો, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે રાજભોગમાં નિત્યની સામગ્રી ઉપરાંત ખાસ સામગ્રીમાં દહીંની સેવના લાડુ, દહીંભાત, બિલસારુ, પકોડીની કઢી, પાપડ, કચરિયાં, છડિયલ દાળ વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે પ્રભુ નંદરાજકુમાર પ્રથમ વાર ગોચારણ માટે વનમાં પધાર્યા છે. એ ભાવથી આજના ઉત્સવને ગોપાષ્ટમી કહેવાય છે. ગોપગણ ગાયોની અષ્ટાંગ યોગથી સેવા કરે છે તેથી આઠમની તિથિએ ગૌપૂજન કરીને પ્રભુ ગાયો ચરાવવા પધાર્યા છે.

પુષ્ટિમાર્ગ જ એવો એક માર્ગ છે કે જેમાં ગાયોનું પાલન, લાલન, ગોક્રીડન, ગૌસંવર્ધન વગેરે થાય છે. ગાયોની સેવા ભગવાનની સેવાની જેમ થાય છે. વ્રજમાં શ્રીકૃષ્ણની સમસ્ત જીવનક્રિયા ગોચારણમાં જ થઈ. તેથી જ આપનું નામ 'ગોપાલ' પડ્યું. શ્રીમહાપ્રભુજીએ પણ જ્યારે શ્રીજીબાવાએ ગાય માગી ત્યારે પોતાના છલ્લા વેચીને પ્રભુને ગાય લાવી દીધી. આજે પણ શ્રીનાથજીમાં હજારો ગાયોનું લાલન-પાલન થાય છે. પ્રભુ ગાયો વગર એક ક્ષણ પણ રહેતા નથી. વૈષ્ણવો આજે ગાયોને ઘાસ, લાડવા વગેરે ખવડાવે છે.

આજે શ્રીનાથદ્વારા સિવાય અન્ય ઘરોમાં પ્રભુને કુનવારાનો ભોગ ધરાય છે. જેમાં દહીંભાત, માનભોગ, પાટીયાની ખીર, સંજાબની ખીર, સેવના લાડુ અને મઠડીના બે બે કુલડાં ધરાય છે. શૃંગાર પછી કુનવારાનો ભોગ આવે છે. ગોપીવલ્લભ ભોગ પણ સાથે જ આવે છે. નંદાલયની ભાવનાથી, પ્રભુ ગોચારણ કરવા પધારે ત્યારે સર્વ ગ્વાલ-બાલ સાથે ભોગ આરોગીને પછી ગોચારણ માટે પધારે છે એ ભાવનાથી કુનવારાનો ભોગ આવે છે. નિકુંજનાયક શ્રીનાથજીને ત્યાં ગોલોકની લીલા છે. બીજા બધા ઘરોમાં નંદાલયની ભાવના છે તેથી સેવાપ્રકારમાં થોડો ફરક પડે છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

પ્રથમ ગૌચારણકો દિન આજ ।
પ્રાતકાલ ઉઠ યશોદા મૈયા કીનો હૈ સબ સાજ ॥૧॥
વિવિધ ભાંત બાજે બાજત હૈ રહ્યો ઘોષ સબ ગાજ ।
ગાવત ગીત મનોહર બાની તજ ગુરુજનકી લાજ ॥૨॥
લરિકા સકલ સંગ સંકર્ષણ વેણુ બજાય રસાલ ।
આગે ધેનુ ચલે **ગોવિંદ**પ્રભુ નામ ભયો ગોપાલ ॥૩॥

(શૃંગારના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ આઠમ



વ્રજ : કાર્તિક શુક્લ અષ્ટમી **ચિત્ર પરિચય** ગુજરાતી : કારતક સુદ આઠમ

આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : શ્યામ ધરતી ઉપર ગાયોના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગનું રેશમી સૂથન, મેઘશ્યામ રંગની ચોળી, લીલા અને લાલ રંગની કાછની ધરી છે. બધાં વસ્ત્રો ઉપર સોનેરી અને રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. લાલ રંગનું રેશમી પીતાંબર (રાસપટુકો) ધર્યો છે. સફેદ જામદાની (ચીકન)નું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મીલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સુવર્ણનો જડાવ મુકુટ ધર્યો છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. પીળાં અને લાલ પુષ્પોનાં બે સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે મુકુટનો શૃંગાર છેલ્લો થાય છે. શીતકાળમાં માન વગેરે લીલાઓ થાય છે પરંતુ રાસલીલા થતી નથી તેથી મુકુટ ધરાતો નથી. આજથી ત્રણ દિવસ આઠે સમામાં ગોચારણ લીલાનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

ગોપાલ માઈ કાનન ચલે સવારે ।
છીકે કાંધ બાંધ દધિ ઓદન ગોધન કે રખવારે ॥૧॥
પ્રાતસમય ગોરંભન સુન કે ગોપન પુરે શૃંગ ।
બજાવત પત્ર કમલદલ લોચન માનો ઉડ ચલે ભૃંગ ॥૨॥
કરતલ વેણુ લકુટિયા લીને મોરપંખ શિર સોહે ।
નટવર ભેષ બન્યો નંદનંદન દેખત સુરનર મોહે ॥૩॥
ખગમૃગ તરુપંછી સચુપાયો ગોપવધુ વિલખાની ।
વિછુરત કૃષ્ણ પ્રેમ કી વેદન કછુ **પરમાનંદ** જાની ॥૪॥

ભોગ દર્શન : (રાગ : પૂર્વી)

આગે ગાય પાછેં ગાય ઈત ગાય ઉત ગાય ગોવિંદકો ગાયન મેં બસવો હી ભાવે ।
ગાયનકે સંગ ધાવે ગાયનમેં સચુપાવે ગાયનકી ખુરરેન લે અંગ લપટાવે ॥૧॥
ગાયનસો વ્રજ છાયો વૈકુંઠ બિસરાયો ગાયન કે હેત ગિરિ કર લે ઉઠાવે ।
છીતસ્વામી ગિરિધારી વિઠ્ઠલેશ વપુધારી ગ્વારિયાકો ભેષ કીયે ગાયનમેં આવે ॥૨॥

(શયન અને પોઢવાના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ નોમ



અક્ષયનવમી

વસ્ત્ર : કેસરી રંગનો સુંદર ગદલ ધર્યો છે. ગાદી તકિયા ઉપર લાલ બિછાવટ કરી છે.

શૃંગાર : લાલ રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં રાજભોગમાં બુંદીના લાડુ, પેઠાનો બિલસારુ, પેઠાનું શાક અને વડી મેળવેલું શાક ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે ત્રેતાયુગનો પ્રારંભ દિવસ હોવાથી પેઠાની સામગ્રી ધરાય છે અને પેઠાનું દાન કરવામાં આવે છે. (પેઠા = સફેદ કોળું)

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

પ્રથમ ગોચારન ચલે ગોપાલ ।
જનની યશોદા કરત આરતી મોતિન પૂરે થાલ ॥૧॥
મંગલશબ્દ હોત તિહિં ઓસર ગાવત મિલિ વ્રજબાલ ।
વિવિધ ભાંત પટ ભૂષન પહેરે રોરી તિલક દીયો ભાલ ॥૨॥
સબ સમાજ લે ચલે વૃંદાવન આગે લીની ગાય ।
રાઈ લોન ઉતારત યશોદા **ગોવિંદ** બલબલ જાય ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

સુનરી સૈન દઈ ગ્વાલન કૌ મોહનલાલ બજાયો બૈનુ ।
પ્રાતસમે જાગે અનુરાગે વૃંદાવન આનંદ ભયો ગાઈ ચલે ચરાવત ધૈનુ ॥૧॥
બરન બરન બાનિક બન આયે પટભૂષન જસુમતિ પહરાયે ભાલતિલક દે આંજે નૈનુ ।
હરિનારાયણ શ્યામદાસ કે પ્રભુ માઈ પ્રગટ ભયે ધરિ ચંદ્રિકા સીસ સબ વ્રજજન સુખદૈનુ ॥૨॥

રાજભોગ : (રાગ : સારંગ)

કુમુદવન ભલી પહુંચી આય ।
સુફલ ભઈ હૈ છાકતિહારી લાલ કદમ તરપાય ॥૧॥
હ્યા તે ચલે ઉઠ માન સરોવર સંગ સખા સબ લાય ।
બૈઠે તાકે ઠૌર ગિરિ ઉપર ચરત ચહુ દિસ ગાય ॥૨॥
ખેલત સખા હસત પરસ્પર બાતેં કરત બનાય ।
પરમાનંદ બલબલ બુઝન પર કહા કહા બિંજન લાય ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ નોમ



વ્રજ : કાર્તિક શુક્લ નવમી ચિત્ર પરિચય ગુજરાતી : કારતક સુદ નોમ

આજના શૃંગાર : સૂથન-ચાકદાર; કુલ્હે-જોડ-ગોકર્ણ

સાજ : ગાયોના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર લાલ રંગની અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : રૂપેરી જરીનાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર અમરસી રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે રૂપેરી જરીની કુલ્હે ઉપર શિરપેચ, ગોકર્ણ અને પાંચ ચંદ્રિકાનો જોડ તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. (ચિત્રજીમાં ત્રણની જોડનાં દર્શન થાય છે કારણ કે બે પંખ ગોકર્ણ નીચે દબાઈ ગયાં છે.) શ્રીકર્ણમાં મકરાકૃત કુંડલ ધર્યાં છે. મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. સુવર્ણનું જડાવ ચોકઠું ધર્યું છે. ગુલાબી અને શ્વેત પુષ્પોનાં બે સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે અન્નકૂટનો શૃંગાર થાય છે અને પિછવાઈ ગાયોના ચિત્રકામવાળી આવે છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

સોહત લાલ લકુટી કર રાતી ।
સૂથન કટિ ચોલના અરુન રંગ પીતાંબરકી ગાતી ॥૧॥
ઐસે ગોપ સબ બન આયે જો સબ શ્યામ સંગાતી ।
પ્રથમ ગુપાલ ચલે જુ વચ્છ લે અસીસ પઢત દ્વિજ જાતી ॥૨॥
નિકટ નિહારત રોહિની જસોદા આનંદ ઉપજ્યો છાતી ।
પરમાનંદ નંદ આનંદિત દાન દેત બહુ ભાંતિ ॥૩॥

શયન : (રાગ : અડાનો)

કૈસે કૈસે ગાય ચરાઈ ગિરિધર ।
ગોરજ મુખતે ઝાર જસોદા લેત બલૈયા ફેર કર ॥૧॥
કહાં રહે તુમ ધામ છાંહ મધ્ય ઘન બરખ્યો બલ સમેત સુંદર વર ।
નંદદાસ પ્રભુ કહત જનનીસો હમ ન ડરે દેખિ બાદર ॥૨॥

વ્રજ : કાર્તિક શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ દસમ



વ્રજ : કાર્તિક શુક્લ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક સુદ દસમ

વસ્ત્ર : લાલ રંગનો, શ્વેત જરીના બુટ્ટાવાળો અને લીલી કસોવાળો સુંદર ગદલ ધર્યો છે. ગાદી તકિયા ઉપર લાલ બિછાવટ થઈ છે.

શૃંગાર : રૂપેરી જરીની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

ગોવિંદ ચલે ચરાવન ગૈયા ।
હરખિ હરખિ કે આજુ ભલો દિન કહત યશોદા મૈયા ॥૧॥
ઉબટ ન્હવાય વસન ભૂષણ સજ વ્રિપન દેત વધૈયા ।
કરિ ભાલ તિલક આરતી વારત ફિર ફિર લેત બલૈયા ॥૨॥
ચત્રભુજદાસ છાક છીંકે સજ સખન સહિત બલભૈયા ।
ગિરિધર ગમન દેખિ અંક ભરિ મુખ ચુમ્યો નંદરૈયા ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

મૈયારી મૈં ગાય ચરાવન જેહોં ।
તુ કહિ મહરિ નંદબાબા સો બડો ભયો હૈ ન ડરે હોં ॥૧॥
શ્રીદામા દે આદિ સખા સબ ઔર હલધર સંગ લેહોં ।
દહ્યો ભાત કાંવરિ ભરિ લેહો ભૂખ લગે તબ ખૈહોં ॥૨॥
બંસી બટ કી સીતલ છૈયા ખેલત મેં સુખ પેહોં ।
પરમાનંદદાસ સંગ ખેલો જાય જમુના મેં નેહોં ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ દસમ



વ્રજ : કાર્તિક શુક્લ દશમી   **ચિત્ર પરિચય**   ગુજરાતી : કારતક સુદ દસમ

આજના શૃંગાર : સૂથન-ઘેરદાર, પાગ-ચંદ્રિકા

સાજ : ઘેરા ગુલાબી રંગની ધરતી ઉપર શ્વેત ગુલાબના ગોટાના ચિત્રકામવાળી તથા મેઘશ્યામ ધરતી ઉપર ચિત્રકામના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર લાલ અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની જરીનાં સૂથન, ચોલી, ઘેરદાર વાઘો અને કટિપટ્કો ધર્યો છે. બધાં વસ્ત્રો ઉપર સોનેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. પીળા (લિંબોઈ) રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** લાલ રંગની જરીની પાગ ઉપર શિરપેચ તથા મોરપંખની સાદી ચંદ્રિકા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, સુવર્ણનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજથી શીતકાલીન સેવાની શરૂઆત થાય છે. પડદા વગેરે લાગે છે. ભોગમાં ગોળ, કંદ, ચટણી, રતાળુ, ખજૂર વગેરે ધરાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

ગોવિંદ ચલત દેખિયત નીકે ।
મધ્ય ગોપાલ મંડલી મોહન કાંધન ધર લિયે છીકે ॥૧॥
વછરાવૃંદ ઘેરિ આગેં દે વ્રજજન શૃંગ બજાવે ।
માનહુ કમલ સરોવર તજિકે મધુપ ઉનીંદે આયે ॥૨॥
વૃંદાવન પ્રવેશ અઘમર્દન બાલક લીલા ભાવે ।
પ્રેમ સમુદ્ર લોક ત્રય પાવન જન **પરમાનંદ** પાવે ॥૩॥

સંધ્યા આરતી : (રાગ : ગોરી)

કંદબચઢ કાન્હ બુલાવત ગૈયા ।
મોહન મુરલીકો શબ્દ સુનતહી જહાંતહાં તે ઉઠ ધૈયા ॥૧॥
આવો આવો સખા સંગ કે પાઇ હૈ એક ઠૈયા ।
ગોવિંદ પ્રભુ બલદાઉસોં કહન લગે અબ ઘરકો બગદૈયા ॥૨॥

શયન : (રાગ : કાન્હરો)

ધેનુન કો ધ્યાન માઈ નિસદિન મેરે લાલનકો સ્વપ્નૈ કહત ગોરી ગાયન આઇ ।
આનન ઉજારી બનવારી જુ સમ્હારિલાઉ વા દિન ન રહુંગો બાબાકી દુહાઈ ॥૧॥
કજરારી કંઠવારી મખતુલ ફોંદાવારી ઝાંઝર ઝનકારી પ્યારી સો મનભાઈ ।
હરિનારાયન શ્યામદાસ કે પ્રભુ દેખે હોતો ઝુક રહી ચિરજીયો કુંવર કન્હાઈ ॥૨॥

વ્રજ : કાર્તિક શુક્લ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ અગિયારસ



તુલસી વિવાહ - દેવ પ્રબોધિની એકાદશી - દેવદિવાળી

દેહલી - વંદનમાલ - હાંડી - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : સોનેરી જરીનો, મેઘશ્યામ કસોવાળો ગદલ ધર્યો છે. ગાદી તકિયા ઉપર લાલ બિછાવટ થઈ છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : **ઉત્સવભોગ :** બુંદી, જલેબી, સક્કરપારા, અઘોટાં દૂધ, જીરા મિશ્રિત દહીં, મીઠું દહીં, લૂણ અને મરીની કટોરીઓ, ફલાહારની સામગ્રી, બિલસારુ, બે પ્રકારનાં ભુજાણાં, બે શાક, લીલા મેવા વગેરે ધરાય છે. દહીંભાત ધરાતો નથી. શેરડીનો રસ, મીસરીનો પનો, બોર, શિંગોડા વગેરે પણ ધરાય છે.

રાજભોગ : બુંદી, સેવ, વડાં, જલેબી, શક્કરપારા, છાશવડાં, તીનકુડા, મીઠું શાક, કઢી, મગ, ખીર, બિલસારુ, પાપડ, કચરિયાં, સંધાણા વગેરે ધરાય છે. રીંગણનું શાક-સાદું અને ભરેલું ખાસ ધરાય છે. રીંગણનું શાક શયનભોગમાં પણ ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રી પ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

ગોવિંદ તિહારો સ્વરૂપ નિગમ નેતિ નેતિ ગાવે ।
ભક્ત કે વશ શ્યામ સુંદર દેહ ધરે આવે ॥૧॥
યોગી મુનિ જ્ઞાન ધ્યાન સ્વપ્ને નહી પાવે ।
નંદઘરની બાંધિ તાહિ કપિ જ્યોં નચાવે ॥૨॥
ગોપીજન પ્રેમ આતુર સંગ લાગી લોલે ।
મુરલી કો નાદ સુનત ગૃહ તજિ વન ડોલે ॥૩॥
વેદ પુરાણ સ્મૃતિ કથા કહત શુક વિચારી ।
પરમાનંદ પ્રેમ કથા સબહિનતે ન્યારી ॥૪॥

અભ્યંગ : (રાગ : બિલાવલ)

ભોગ શૃંગાર યશોદા મૈયા શ્રીવિઠ્ઠલનાથકે હાથકો ભાવે ।
નીકે ન્હવાય શૃંગાર કરત હૈ આછી રુચિસો મોહિ પાગ બંધાવે ॥૧॥
તાતે સદા હૌ ઉહાં હી રહત હોં તૂ ડર માખન દૂધ છિપાવે ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ નિરખ નયના ત્રય તાપ નસાવે ॥૨॥

વ્રજ : કાર્તિક શુક્લ એકાદશી **રાજભોગ દર્શન** ગુજરાતી : કારતક સુદ અગિયારસ



આજના શૃંગાર : સૂથન-ચાકદાર, કુલ્હે-જોડ

સાજ : શ્યામ રંગની ધરતી ઉપર સુરમા - સિતારાના સુંદર ભારે ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી ઉપર લાલ રંગની, તકિયા ઉપર શ્યામ રંગની જરી કામવાળી અને ચરણચોકી ઉપર લીલા રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સોનેરી જરીનાં, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યા છે. ચરણારવિંદમાં લાલ રંગનાં મોજાંજી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સોનેરી જરીની કુલ્હે ઉપર શિરપેચ, પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. ઉત્સવની મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. સુવર્ણનું જડાવ ચોકઠું ધર્યું છે. શ્વેત પુષ્પોનાં, લાલ અને લીલા થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે દેહલી સફેદ ખડીથી માંડવામાં આવે છે. આજથી આતમસુખનો વાઘો ડોલોત્સવ સુધી ધરાય છે તેમજ રાજભોગ સર્યા પછી ઉત્થાપન સુધી પ્રભુ સુખાર્થે સન્મુખમાં 'તેહ' - લાલ રંગની પાતળી રૂવાળી રજાઈ - બિછાવવામાં આવે છે. (જુઓ ચિત્રજી) એક અંગીઠી (સગડી) નિજમંદિરમાં પ્રભુ સન્મુખ મંગળાથી રાજભોગ સુધી અને ઉત્થાપનથી શયન સુધી રાખવામાં આવે છે.

કીર્તન : **શૃંગાર : (રાગ : બિલાવલ)**

સુભગ શૃંગાર નિરખ મોહનકો લે દર્પણ કર પિયહિ દિખાવે ।
આપુન નેક નિહારિયે બલજાઉ આજકી છબિ કછુ કહત ન આવે ॥૧॥
ભૂષણ વસન રહે ફવિ ઠાંઈ ઠાંઇ અંગ અંગ છબિ ચિતહિ ચુરાવે ।
રોમરોમ પ્રફૂલ્લિત વ્રજ સુંદરી ફૂલન રુચિ રુચિ માલ બનાવે ॥૨॥
અંચલવાર કરત ન્યોછાવર તનમન અતિ અભિલાષ બઢાવે ।
ચતુર્ભુજપ્રભુ ગિરિધરકો સ્વરુપ સુધા પીવતનયન પુટ તૃપ્તિ ન પાવે ॥૩॥

છાકનું પદ : (રાગ : સારંગ)

હરિ ભોજન કરત વિનોદ સો ।
કર કર કોર મુખારવિંદ મેં દેત યશોદા મોદસો ॥૧॥
મધુમેવા પકવાન મિઠાઈ દૂધ દહ્યો ઘૃત ઓદસો ।
પરમાનંદ પ્રભુ ભોજન કરત હૈ ભોગ લગ્યો સંખોદસોં ॥૨॥

(રાજભોગ, સંધ્યા આરતી, મંડપદર્શન અને શયનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક શુક્લ એકાદશી

દેવપ્રબોધિની મંડપ દર્શન

ગુજ. : કારતક સુદ અગિયારસ



દેવ પ્રબોધિની મંડપ

આજે પ્રભુની સન્મુખ (ડોલતિબારીમાં) ખડીથી મંડપ (કોંડી) ચિતરવામાં આવે છે અને તેમાં અનેક સુંદર રંગો પૂરવામાં આવે છે. ખડીથી મંડપ આંકવાની સેવા વહુજી-બેટીજી કરે છે. સફેદ લાઈનો દેખાય તે રીતે મંડપમાં રંગ પૂરવામાં આવે છે. મંડપની ચારે દિશામાં ચાર આયુધ-શંખ, ચક્ર, ગદા, પદ્મ - તેમજ ચારે બાજુ વેલતોરણ કરવામાં આવે છે. મંડપમાં વચ્ચે એક ચોક (પાટલી) અને તેની ચારે બાજુ બીજા આઠ ચોક (પાટલી) દોરાય છે. આ નવ ચોકનો મંડપ ચાર લાઈનનો ચિતરાય છે. ત્યારપછી નવે ચોકમાં સ્વસ્તિક દોરાય છે.

દોરેલા મંડપના ઉપર શેરડીના સોળ સાંઠાનો મંડપ બનાવાય છે. આ સાંઠા લીલા પાનવાળા લેવામાં આવે છે. ચાર-ચાર સાંઠા ભેગા કરી તેમને ત્રણ જગ્યાએ લાલ દોરીથી બાંધી લેવામાં આવે છે. પછી સોળે સાંઠાને ઉપરથી બાંધી ચિતરેલા મંડપ ઉપર એવી રીતે ગોઠવાય છે કે વચ્ચેથી દર્શન થઈ શકે. મંડપની ચારે બાજુ આઠ દીવા પ્રગટાવાય છે. ચાર ખૂણામાં ચાર દીવા અને પાછળ ચાર દીવા રાખવામાં આવે છે. ઉપરાંત પણ અનેક દીવાઓની હારમાળા કરવામાં આવે છે.

મંડપની ચારે બાજુ વાંસની ચાર છાબડીઓમાં શેરડીના સાંઠાના ટૂકડા, શક્કરીયા, બોર, શીંગોડા, વેંગણ, ભાજી વગેરે ભરીને મૂકવામાં આવે છે. ત્યાર પછી ઝાલર, ઘંટા, શંખધ્વનિ સાથે શ્રીબાલકૃષ્ણજી ચરણચોકીની ગાદી પર બિરાજે છે. દેવોત્થાપનની વિધિ થાય છે. ત્રણ વાર નીચેના શ્લોક બોલાય છે.

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિન્દ ત્યાજ નિદ્રાં જગત્પતે ।
ત્વય્યુત્થિતે જગન્નાથ હ્યુત્થિતં ભુવન ત્રયમ્ ॥૧॥
ત્વયિ સુપ્તે જગન્નાથ જગત્સુપ્તં ભવેદિદમ્ ।
ઉત્થિતે ચેષ્ટતે સર્વમુતિષ્ઠોતિષ્ઠ માધવ ॥૨॥

ત્યારપછી પંચામૃત સ્નાન થાય છે. પહેલાં તિલક કરી, સંકલ્પ કરી, તુલસી સમર્પી, દૂધ, દહીં, ખાંડ, મધ, ઘી વડે પંચામૃત થાય અને પછી શુદ્ધ જલથી સ્નાન થાય. ચંદનથી અભ્યંગ થાય. પછી ગદલ ધરાય. શ્રીજીબાવાને પણ ગદલ, મોજાં ધરાય. સન્મુખમાં આજથી અંગીઠી (સગડી) આવે છે. ત્યાર પછી ઉત્સવભોગ આવે છે.

અન્ય સર્વ ઘરોમાં આજે રાત્રિજાગરણ થાય છે અને ચાર ભોગ આવે છે પણ અહીં શ્રીનાથજીબાવાને ત્યાં ગોલોકની લીલા હોવાથી જાગરણ અને ચાર ભોગ આવતા નથી.

દેવોત્થાપન મંડપની જેમ તુલસીવિવાહનો મંડપ પણ રચાય છે. તુલસી મહારાણીનો શેરડીનો મંડપ આવે છે અને પૂજન થાય છે. ભગવાનને તુલસીજી બહુ પ્રિય હોવાથી વિષ્ણુ સમાન તેમનું પૂજન થાય છે. 'ધન ધન માતા તુલસી' એ કીર્તન ગવાય છે. પરંતુ આ પૂજન પ્રભુની સન્મુખમાં થતું નથી.

આજથી શીતકાલીન સેવાની શરૂઆત થાય છે. શંખનાદ સવારે ૪ વાગે થાય છે. ગોળ, રતાળુ, ચટણી, ખજૂર વગેરે સામગ્રીઓ ધરવાની શરૂઆત થાય છે. ચાતુર્માસ વ્રતની આજે સમાપ્તિ થાય છે.

વ્રજ : કાર્તિક શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ બારસ



શ્રીગુસાંઈજીના પ્રથમ લાલજી શ્રીગિરિધરજીનો ઉત્સવ (૧૫૯૭) અને પંચમ લાલજી શ્રીરઘુનાથજીનો ઉત્સવ (૧૬૧૧)

દેહલી - વંદનમાલ-હાંડી

વસ્ત્ર : લાલ રંગનો, પીળી કસોવાળો સુંદર ગદલ ધર્યો છે. શ્યામ રંગની જરીકામવાળી બિછાવટ તકિયા ઉપર અને લાલ રંગની બિછાવટ ગાદી ઉપર થઈ છે.

શૃંગાર : સોનેરી જરીની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : રાજભોગમાં ખાસ સામગ્રી-જલેબી, સેવના લાડુ, છુટી બુંદી, મનોહર, શકરપારા, સુતરફેણી, ચંદ્રકળા, શિખરનવડી, શીરો, મેંદાની પૂરી, પાટિયાની સેવ, ખીર, છાશવડાં, તીનકુડા, વેસણની સેવ, ચણાનાં અને દાળનાં ફડફડિયાં, સેવની અને સંજાબની ખીર, મગની છૂટી દાળ, મગ, વડીનું શાક, પાંચ પ્રકારના ભાત, પાપડ, તિલવડી, મીરચવડી, રાયતાં, શાક, ભુજાનાં, કચરિયાં, બિલસારું, નારંગીનો પનો, શીતલભોગ, માવાની બરફી, પેંડા, મલાઈ, દૂધપુરી, ખાટું-મીઠું દહીં, શિખંડ, ગજક, પતાસાં, ગુલાબકતરી વગેરે દૂધગરની અને ખાંડઘરની સામગ્રી, લીલા અને સૂકામેવા વગેરે સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરવી અને પ્રભુને લાડ લડાવવા.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

આયે ભોર નિસ કહા રહે રંગ ભીને હો, ભલી કીની ભલે આયે પ્રાત લાલ રંગ ભીને હો ।।૧।।
બાંકી પાગ પેચ ઉહે પ્રીત, ભઈ કામ ગઢ જીત લાલ રંગ ભીને હો ।।૨।।
તિલક રેખ લગી બેંદી ભાલ, ચિન્હ કુસુમ ઉરમાલ લાલ રંગ ભીને હો ।।૩।।
મુખ અલકે રતિરસ કી કેલ, વિધુસિંગાર કી બેલ લાલ રંગ ભીને હો ।।૪।।
છકે નૈન અલસાત ગાત, ઠગે ત્રીયા કહો બાત લાલ રંગ ભીને હો ।।૫।।
અધર અરુનતા તાહિ દઈ, જાવક છાપ આપ લઈ લાલ રંગ ભીને હો ।।૬।।
બોલે મુખ મૃદુ સુગંધ વાસ, ગાવત મધુપ ચહું પાસ લાલ રંગ ભીને હો ।।૭।।
નંદજસોદા સુત સુખ વિલસો, **વ્રજાધીશ** હિય બસો લાલ રંગ ભીને હો ।।૮।।

વ્રજ : કાર્તિક શુક્લ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ બારસ



વ્રજ : કાર્તિક શુક્લ દ્વાદશી **ચિત્ર પરિચય** **ગુજરાતી : કારતક સુદ બારસ**

આજના શૃંગાર : સૂથન-ઘેરદાર; સહેરો

સાજ : લાલ રંગની ધરતી ઉપર પંખો અને મોરછલ કરતા સખીજનોના જરીકામના ભરતકામવાળી સુંદર પીછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર લાલ રંગની અને ચરણચોકી ઉપર લીલા રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની જરીનાં સૂથન, ચોળી અને ઘેરદાર વાઘો ધર્યો છે. કેસરી રંગનો રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો રાજાશાહી પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે. સોનેરી જરીનાં મોજાજી ધર્યાં છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં જડાવ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લાલ રંગની જરીની દુમાલ ઉપર સહેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. મકરાકૃત કુંડળ શ્રીકર્ણમાં ધર્યાં છે. મોતીની ચોટી જમણી બાજુ ધરી છે. ગુલાબી અને પીળાં પુષ્પોનાં સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે વિવાહના ભાવથી મોરછલ કરતી ગોપીઓની પિછવાઈ અને સંકેતવનમાં લગ્નના ભાવથી લગ્નનો શૃંગાર સહેરો વગેરે ધરાય છે. શૃંગાર સમયે વિવાહનાં કીર્તન ગવાય છે. લગ્ન પછી શ્રીઠાકોરજી સપરિવાર શ્રીવૃષભાનજીના ઘરે ભોજન માટે પધાર્યા છે, તે ભાવથી રાજભોગ આવે ત્યારે ‘શ્રીવૃષભાનસદન ભોજનકો નંદાદિક સબ આયે હો.’ કીર્તન ગવાય છે. શયન સુધી વિવાહનાં-લગ્નનાં કીર્તન ગવાય છે.

બાર મહિનામાં આજે જ શ્રીજીબાવાને ઘેરદાર વાઘાની સાથે સહેરાનો શૃંગાર થાય છે. કારણ કે જે દિવસે શ્રીગિરિધરજી શ્રીમથુરેશજીના મુખારવિંદમાં સદેહે પ્રવેશ કરી નિત્યલીલામાં પધાર્યા તે દિવસે શ્રીમથુરેશજીને ઘેરદાર વાઘા સાથે સહેરાનો શૃંગાર થયો હતો. આજે ગિરિધરજીનો ઉત્સવ હોવાથી એ જ શૃંગાર શ્રીજીબાવાને થાય છે.

કીર્તન : **શૃંગાર : (રાગ : બિલાવલ)**

ન્યાય દિન દૂલ્હે હો નંદલાલ ।
રીઝ બિકાય જહાં બસે મોહન નવદુલહી વ્રજબાલ ॥૧॥
શિથિલ ચાલ અતિ ડગમગી હો વસન મરગજે ગાત ।
શોભિત હૈ અતિ રસમસે માનો વ્યાહ ભયો જગે રાત ॥૨॥
નયન લલોહૈ ઘૂમ રહે હૈ ચિતવન ચિત્ત હર લેત ।
કહિ **ભગવાન હિત રામરાય** પ્રભુ હસત વધાઈ દેત ॥૩॥

(રાજભોગ આવે ત્યારનું, રાજભોગ સન્મુખનું અને શયનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક શુક્લ દ્વાદશી

શ્રીગિરિધરજી

ગુજરાતી : કારતક સુદ બારસ



શ્રીગુસાંઈજીના પ્રથમ લાલજી શ્રીગિરિધરજી (સં. ૧૫૯૭ થી ૧૬૭૭)

શ્રીગિરિધરજી શ્રીગુસાંઈજીના પ્રથમ લાલજી છે. તેમનું પ્રાગટ્ય અડેલમાં સંવત ૧૫૯૭માં થયું. પ્રથમ પુત્ર હોવાથી તેમના પ્રાગટ્યની ધામધૂમથી ઉજવણી થઈ. શ્રીગુસાંઈજીએ તેમને પુષ્ટિમાર્ગીય ગ્રંથોનો અભ્યાસ કરાવ્યો તેમજ કાશીના વિદ્વાનો પાસે વેદ વગેરે શાસ્ત્રોનો અભ્યાસ તેમણે કર્યો. નાની વયમાં સર્વ શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કરી તેમની તેજસ્વિતા પ્રગટ કરી. સંવત ૧૬૦૫માં ગોકુલમાં તેમને જનોઈ આપવામાં આવી અને સં. ૧૯૧૪માં કાશીમાં શ્રીભામિની વહુજી સાથે લગ્ન થયું. તેમને શ્રીમુરલીધરજી, શ્રીદામોદરજી અને શ્રીગોપીનાથજી એમ ત્રણ પુત્રો થયા.

તેઓ ૧૬ વર્ષની વયના હતા ત્યારે શ્રીગુસાંઈજીએ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને વધુ સ્પષ્ટ રૂપે સમજાવવા માટે એક ‘વાદગ્રંથ’ની રચના કરવાનો વિચાર કર્યો. શાસ્ત્રચર્ચામાં અન્ય મતને રજૂ કરનાર ‘વાદી’ કહેવાય છે. જેને પ્રતિવાદી શાસ્ત્ર પ્રમાણોથી હરાવે છે. સોળ વર્ષના શ્રીગિરિધરજી શ્રીગુસાંઈજી સામે વાદી બનીને માયાવાદને રજૂ કરવા લાગ્યા. શ્રીગિરિધરજીની એક-એક દલીલનો શ્રીગુસાંઈજીએ જવાબ આપ્યો. આ રીતે જે ગ્રંથ રચાયો તે ‘વિદ્વન્મંડન’ ગ્રંથ તરીકે પ્રસિદ્ધ છે.

શ્રીગિરિધરજીના લગ્નની ઉજવણી રૂપે શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને ખટ્ઋતુનો મનોરથ અંગીકાર કરાવ્યો હતો. તેની સર્વ રીત શ્રીગિરિધરજીએ બતાવી હતી અને તે પ્રમાણે તે મનોરથ અંગીકાર થયો હતો. શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને પહેલો છપ્પનભોગ આરોગાવ્યો ત્યારે સર્વ તૈયારીઓ પણ શ્રીગિરિધરજીને સોંપી હતી.

એકવાર શ્રીગુસાંઈજી ગુજરાત પધાર્યા હતા ત્યારે શ્રીનાથજીની ઇચ્છા અને આજ્ઞા પ્રમાણે શ્રીગિરિધરજીએ શ્રીનાથજીના સ્વરૂપને પોતાના ખભા ઉપર પધરાવી, પર્વત ઉપરથી નીચે પધરાવી, રથમાં મથુરા પોતાના ઘેર પધરાવ્યા હતા. ત્યાં લગભગ અઢી મહિના સુધી- મહા વદ સાતમથી વૈશાખ સુદ ચૌદશ સુધી - શ્રીજીબાવા સુખપૂર્વક બિરાજ્યા હતા.

શ્રીગુસાંઈજી નિત્યલીલામાં પધાર્યા ત્યારે શ્રીગિરિધરજીની ઉંમર ૪૫ વર્ષની હતી. ૪૫મા વર્ષે તેઓ આચાર્ય બન્યા. ઘણા વર્ષો સુધી તેમને શ્રીગુસાંઈજીની છત્રછાયા પ્રાપ્ત થઈ હોવાથી તેઓ પ્રકાંડ પંડિત અને સંપ્રદાયના તત્વને ઉત્તમ રીતે જાણનારા થયા. તેઓ અત્યંત શાંત સ્વભાવના અને સૌમ્ય પ્રકૃતિના હતા. તેમને એકાંતવાસ ઘણો પ્રિય હતો. તેમની સાદાઈ જોઈ વ્રજવાસીઓ તેમને ‘જતિજી મહારાજ’ કહીને બોલાવતા. જતિ એટલે યતિ-સાધુ. તેમના નામ ઉપરથી ગિરિરાજજીની તળેટીમાં વસેલું ગોપાલપુર ગામ ‘જતિપુરા’ના નામે પ્રસિદ્ધ થયું.

તેમના લખેલા બે ગ્રંથો પ્રસિદ્ધ છે. ગદ્યમંત્ર ટીકા અને ઉત્સવ નિર્ણય સ્તોત્ર.

શ્રીગિરિધરજીને તેમના ૩૫ વર્ષના આચાર્યપદ દરમ્યાન બાદશાહ અકબર તરફથી જતિપુરા આસપાસની ઘણી ગોચર જમીન તથા જતિપુરા અને ગોકુલ ગામ ભેટ મળ્યા હતાં. શ્રીગુસાંઈજીનાં બીજાં વહુજી શ્રીપદ્માવતી વહુજીનો અચાનક લીલાપ્રવેશ થતાં તેમના ચાર વર્ષના પુત્ર શ્રીઘનશ્યામજીને પુત્રની જેમ લાલન-પાલન કરીને શ્રીગિરિધરજીએ મોટા કર્યા હતા. તેમણે પોતાના છ ભાઈઓ અને ચાર બહેનોના બહોળા પરિવારને વડના વૃક્ષની જેમ છત્રછાયા આપી હતી. આખો પરિવાર શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીની સેવામાં આનંદથી રહેતો હતો.

શ્રીગિરિધરજીએ શ્રીગુસાંઈજીની આજ્ઞાથી શ્રીનાથજીની સાથે શ્રીનવનીતપ્રિયજી અને સાતે સ્વરૂપોને પધરાવી અન્નકૂટ આરોગાવ્યો હતો. તેવી જ રીતે જ્યારે શ્રીમથુરાનાથજી તેમના માથે બિરાજ્યા ત્યારે શ્રીગિરિધરજીએ શ્રીમથુરાનાથજીને પણ છપ્પનભોગ આરોગાવ્યો હતો.

એમના સમયમાં સંપ્રદાય ઉપર એક વિઘ્ન આવ્યું. બાદશાહ જહાંગીરે તુલસીમાળા અને તિલક ધારણ કરવા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારે શ્રીગોકુલનાથજીએ શ્રીગિરિધરજીની આજ્ઞા અને માર્ગદર્શન પ્રમાણે તેનો ભારે વિરોધ કર્યો હતો. અથાગ પ્રયત્નો કરીને માળા-તિલકનું અને સંપ્રદાયનું રક્ષણ કર્યું હતું.

શ્રીગિરિધરજીનાં વ્રજમાં પાંચ બેઠકજી બિરાજે છે, જ્યાં આપશ્રીએ શ્રીમદ્ ભાગવતનાં પારાયણ કર્યાં હતાં.

સંવત ૧૬૭૭માં એક દિવસ શ્રીગિરિધરજી તેમના સેવ્ય સ્વરૂપ શ્રીમથુરાનાથજીના શૃંગાર કરી રહ્યા હતા ત્યારે, તેઓ સદેહે શ્રીમથુરાનાથજીના મુખારવિંદમાં અંતર્ધાન થઈ ગયા. આમ શ્રીગિરિધરજી ૮૦ વર્ષ સુધી ભૂતળ ઉપર બિરાજ્યા. તેમને આપણા સંપ્રદાયમાં શ્રીઠાકોરજીનું અલૌકિક ધર્મીસ્વરૂપ ગણવામાં આવે છે.

વ્રજ : કાર્તિક શુક્લ દ્વાદશી

શ્રીરઘુનાથજી

ગુજરાતી : કારતક સુદ બારસ



વ્રજ : કાર્તિક શુક્લ દ્વાદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : કારતક સુદ બારસ

શ્રીગુસાંઈજીના પંચમ લાલજી શ્રીરઘુનાથજી (સં. ૧૬૧૧ થી ૧૬૬૦)

પ્રકટ ભયે રઘુનાથ ફિર રુદ્રકલા વ સુમાન ।
કાર્તિક સુદ બારસ હી કો વિઠ્ઠલેશ ગૃહ આન ॥
(સંપ્રદાય કલ્પદ્રુમ)

શ્રીગુસાંઈજીના પાંચમા પુત્ર શ્રીરઘુનાથજીનો ઉત્સવ પણ આજે જ આવે છે. સંવત ૧૬૧૧ના કારતક સુદ બારસે અડેલમાં આપનું પ્રાકટ્ય થયું. સંવત ૧૬૧૮માં ગોકુલમાં આપને યજ્ઞોપવિત સંસ્કાર થયા અને સંવત ૧૬૨૬માં ગોકુળમાં જ આપનો વિવાહ પ્રસ્તાવ થયો. આપશ્રીનાં વહુજીનાં નામ શ્રીજાનકી વહુજી હતું. શ્રીગુસાંઈજી તેમને 'રામચંદ્ર'ના લાડકવાળા નામથી બોલાવતા.

શ્રીરઘુનાથજી નાના હતા ત્યારનો પ્રસંગ છે. એક વખત શ્રીગુસાંઈજી શ્રીનાથજીના શૃંગાર કરતા હતા. તેમનાં પાંચેય બાળકો ત્યાં હાજર હતા. તેમાં શ્રીરઘુનાથજી સૌથી નાના હતા. શૃંગારની એક પેટી શ્રીનાથજીના શય્યામંદિરમાં હતી. શ્રીગુસાંઈજીને તેની જરૂર હતી. ''મંજૂષામાનય' આપશ્રીએ સંસ્કૃતમાં આજ્ઞા કરી. શ્રીરઘુનાથજી સંસ્કૃતમાં બોલાયેલ આ આજ્ઞા સમજ્યા નહિ પરંતુ બાળ સહજ ઉત્સાહથી શય્યામંદિર તરફ દોડ્યા. ત્યાં જઈને ઊભા રહ્યા. શું લઈ જવાનું છે તેની ખબર ન પડી, તેથી રડવા લાગ્યા. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી ત્યાં પ્રગટ થયા. તેમણે આજ્ઞા કરી : 'આ પેટી લઈ જાઓ. બંને સ્વરૂપોએ શ્રીરઘુનાથજીના મસ્તકે પોતાનો શ્રીહસ્ત મૂકી આશીર્વાદ આપ્યા. શ્રીરઘુનાથજી પેટી તો લઈ આવ્યા પણ સાથે સાથે સુંદર સંસ્કૃત ભાષામાં શ્રીગુસાંઈજીની સ્તુતિ કરતું 'શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર' ગાતાં ગાતાં પધાર્યા. શ્રીગુસાંઈજી સહિત સૌને આનંદ સાથે આશ્ચર્ય થયું. શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર, જેમાં શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામ છે. તે આ રીતે આપના દ્વારા શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીની કૃપાથી રચાયું. શ્રીગુસાંઈજીના ઘરમાં સેવામાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ થતો હતો. શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી : 'મને વ્રજભાષા વધુ પ્રિય છે, માટે સેવામાં વ્રજભાષાનો ઉપયોગ કરો.' ત્યારથી સેવામાં સંસ્કૃતને બદલે વ્રજભાષાનો ઉપયોગ થવા લાગ્યો.

શ્રીરઘુનાથજીને એવો નિયમ હતો કે સવારે ઊઠીને શ્રીગુસાંઈજીનાં દર્શન કરતી વખતે જ આંખો ખોલે. તેમનો એક ખવાસ દરરોજ તેમનો શ્રીહસ્ત પકડી શ્રીગુસાંઈજી પાસે લઈ જાય. એક દિવસ તે ખવાસ આઘોપાછો થયો હતો. એટલે શ્રીરઘુનાથજી એકલા, આંખો મીંચી, શ્રીગુસાંઈજી પાસે જવા નીકળ્યા. રસ્તામાં એક થાંભલા સાથે તેમનું મસ્તક અથડાયું. કપાળ સૂઝી ગયું. શ્રીગુસાંઈજી પાસે પધાર્યા ત્યારે આપશ્રીએ આ સૂજેલું કપાળ જોયું. હકીકત જાણી. આજ્ઞા કરી : હું તમને મારું એક ચિત્ર તૈયાર કરાવી આપું છું. તમારા ખંડમાં રાખજો. ઊઠીને પહેલાં દર્શન કરજો પછી મારી પાસે આવજો. આમ શ્રીરઘુનાથજીને શ્રીગુસાંઈજીમાં અનન્ય ભાવ હતો.

એક વખત શ્રીગુસાંઈજી પાસે 'શ્રીરામચરિતમાનસ'ના રચયિતા તુલસીદાસજી આવ્યા. તુલસીદાસ રામજીના અનન્ય ભક્ત હતા. શ્રીરામ સિવાય બીજા કોઈને હાથ જોડતા નહિ કે માથું નમાવતા નહિ. તે સમયગાળામાં શ્રીરઘુનાથજીનાં લગ્ન થયાં હતાં. શ્રીગુસાંઈજીએ શ્રીરઘુનાથજીને અને તેમનાં વહુજી શ્રીજાનકીજીને બોલાવ્યાં. આજ્ઞા કરી : તમારા સેવક આવ્યા છે. તેમને દર્શન આપો. બંને જણે તેમને રામ-સીતાના રૂપે દર્શન આપ્યાં. તુલસીદાસજી આશ્ચર્યચક્તિ થઈ ગયા.

શ્રીરઘુનાથજીને માથે શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. તેમણે ગોકુળમાં પોતાનું મંદિર બનાવી, તેમાં ગોકુલચંદ્રમાજીને પધરાવી તેમની સેવા ખૂબ પ્રેમથી કરી હતી. આપ ષડ્ગુણ પૈકી શ્રીધર્મનું સ્વરૂપ માનવામાં આવે છે. આપશ્રી ખૂબ વિદ્વાન હતા. આપશ્રીના રચેલા ૧૪ ગ્રંથો પ્રસિદ્ધ છે. નામરત્નાખ્ય સ્તોત્ર, વલ્લિસ્તવન, આરાધના સ્તુતિ, ગોકુલેશાષ્ટક, અષ્ટપદી, ગિરિધરાષ્ટક, કૃષ્ણચંદ્રાષ્ટક, શયન-આર્યા, વિઠ્ઠલેશાષ્ટક, ષોડશ ગ્રંથો ઉપરની ટીકાઓ, નામચંદ્રિકા સ્તોત્ર, વલ્લભાષ્ટકની ટીકા, વચનામૃતો તથા આખ્યાન સ્તુતિ. આપશ્રીએ 'રઘુનાથ'ની છાપથી વ્રજભાષામાં કેટલાંક પદો પણ રચ્યાં છે. સંવત ૧૬૬૦ના અરસામાં તેમણે નિત્યલીલા પ્રવેશ કર્યો. આશરે ૪૯ વર્ષ તેઓ પૃથ્વી ઉપર બિરાજ્યા. તેમની એક બેઠક ગોકુળમાં છે. તેમને પાંચ પુત્રો શ્રીદેવકીનંદનજી, શ્રીગોપાલજી, શ્રીયશોદાનંદજી અને દ્વારકેશજી હતા. એક પુત્રી જમુનાજી હતાં.

વ્રજ : કાર્તિક શુક્લ ત્રયોદશી **મંગળા દર્શન** ગુજરાતી : કારતક સુદ તેરસ



વ્રજ : કાર્તિક શુક્લ ત્રયોદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક સુદ તેરસ

વસ્ત્ર : રૂપેરી જરીનો, લાલ કસોવાળો ગદલ ધર્યો છે. ગાદી, તકિયા ઉપર લાલ બિછાવટ કરી છે.

શૃંગાર : લાલ રંગનો જરીનો દુમાલો, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં સેવના લાડુ, છડિયલ દાળ, ડબકાંની કઢી વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

ન્યાય દિન દુલ્હે હો નંદલાલ ।
રીઝ બિકાય જહા બસે મોહન નવદુલહી બ્રજબાલ ॥૧॥
શિથિલ ચાલ અતિ ડગમગી હો વસન મરગજે ગાત ।
શોભિત હૈ અતિ રસમસે માનો વ્યાહુ ભયો જગે રાત ॥૨॥
નયન લલોહે ઘુમ રહે હૈ ચિતવન ચિત્ત હર લેત ।
કહિ **ભગવાન હિત રામરાય** પ્રભુ હસત વધાઈ દેત ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

પ્યારી કે મહલ તે ઉઠિ ચલે ભોર ।
સખીવૃંદ અવલોકિ અગ્રસ્થિત ઢકત નીલ કંચુકિ પીતપટ છોર ॥૧॥
રાધા ચરિત વિલોક પરસ્પર તેજ હાસ ઇત ઉત મુખ મોર ।
ગોવિંદ પ્રભુ લે ચલે દગા દે નાગર નવલ સભા ચિત્ત ચોર ॥૨॥

વ્રજ : કાર્તિક શુક્લ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ તેરસ



વ્રજ : કાર્તિક શુક્લ ત્રયોદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : કારતક સુદ તેરસ

આજના શૃંગાર : સૂથન-ઘેરદાર, પાગ-ચંદ્રિકા

સાજ : પીળી જરીની, લાલ-લીલી ભાતવાળી અને લાલ-લીલા હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. (ગાદી-તકિયા ઉપર ચૌદશથી સફેદી ચઢે છે પરંતુ ચિત્રજીમાં આજે સફેદી ચઢી છે તેવાં દર્શન થાય છે.)

વસ્ત્ર : પીળા રંગની જરીનાં રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને કટિપટુકો ધર્યાં છે. લાલ રંગનાં મોજાંજી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. પન્ના, મોતી અને સોનાનાં આભરણ ધર્યાં છે. પન્નાનાં માળાજી હમેલની જેમ ધર્યાં છે.

શ્રીમસ્તકે પીળા રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યાં છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને ગુલાબી પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે. છોટો શૃંગાર થાય છે. ઘેરદાર વાઘો ધરાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : ધનાશ્રી)**

મેરી અખિયન કે ભૂષન ગિરિધારી ।
બલિ બલિ જાઉ છબીલી છબિ પર અતિ આનંદ સુખકારી ॥૧॥
પરમ ઉદાર ચતુર ચિંતામનિ દરસ દરસ દુઃખહારી ।
અતુલ પ્રતાપ તનક તુલસી દલ માનત સેવા ભારી ॥૨॥
છીતસ્વામી ગિરિધરન વિસદ યશ ગાવત ગોકુલનારી ।
કહા વરનૌ ગુન ગાથ નાથકે શ્રીવિઠ્ઠલ હૃદય વિહારી ॥૩॥

શયન : (રાગ : અડાનો)

મે જબ દેખેરી ગોપાલલાલ મોહની મૂરતિ નંદલાલ તનમન ધન ન્યોછાવર કરન કો લે ગઈરી ।
સુન્દર શ્યામ ઉજાગર નાગર બાકી છબિ ચિત્ત ચિત્તે રે ને લિખ લઈ ॥૧॥
ગરે સોહે વનમાલ દેખ મોહી વ્રજકી બાલ યા છબી પે હોં મગન ભઈ ।
સૂરદાસ પ્રભુ કૌન મંત્ર પઢ ડાર્યોરી મુરલિમેં ગાવત ધુનિ નઈ નઈ ॥૨॥

વ્રજ : કાર્તિક શુક્લ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ ચૌદશ



તિલકાયત શ્રીગોવિંદજી મહારાજનો ઉત્સવ (૧૮૭૭)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : સોનેરી રંગનો, જરીના બુટ્ટાવાળો, લાલ કસોવાળો સુંદર ગદલ ધર્યો છે. ગાદી તકિયા ઉપર સફેદ બિછાવટ થઈ છે. આજથી ગાદી-તકિયા ઉપર સફેદી ચઢે છે.

શૃંગાર : પીળા રંગની જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં બુંદી અને જલેબી તથા ઉત્સવની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : ભૈરવ)**

ભોર ભાવતે ગિરિધર દેખો ।
વિમલ કપોલ લોલ લોચન છબિ નિરખકે નૈન સુફલ કરિ લેખો ॥૧॥
નખશિખ રુપ અનૂપ બિરાજત અંગ અંગ મન્મથ કોટિ વિસેખો ।
ચત્રભૂજ પ્રભુ રસ-રાસિકો બડે ભાગ્ય બલ ઈક ટક પૈંખો ॥૨॥

શૃંગાર : (રાગ : આસાવરી)

ક્રીડત મણિમય આંગન રંગ ।
પીત તાફતાકી ઝગુલિયા બની હૈ કુલ્હે લાલ સુરંગ ॥૧॥
કટિ કિંકિણી ઘોખ વિસ્મિત સખી ધાય ચલત બલ સંગ ।
ગોસુત પૂંછ ભ્રમાવત કર ગહિ પંકરાગ સોહે અંગ ॥૨॥
ગજ મોતિન લર લટકન શોભિત સુંદર લહર તરંગ ।
ગોવિંદ પ્રભુ કે જુ અંગ અંગ પર વારો કોટિ અનંગ ॥૩॥

રાજભોગ આયે : (રાગ : સારંગ)

પાંડે ભોગ લગાવન ન પાવે ।
કર કર પાક વહી અર્પત હૈ તબતબ તૂ છૂહિ આવે ॥૧॥
મે શ્રદ્ધા કર બ્રાહ્મણ ન્યોત્યો તૂ જો ગોપાલ ખિજાવે ।
વહ અપને ઠાકુર હે જિવાવત તૂ યોહી છુઈ આવે ॥૨॥
તુ યહી બાત ન જાનેરી મૈયા મોહે કિત દોષ લગાવે ।
પરમાનંદ વહ નયન મુંદકે મોહી કો જુ બુલાવે ॥૩॥

વ્રજ : કાર્તિક શુક્લ ચતુર્દશી **રાજભોગ દર્શન** ગુજરાતી : કારતક સુદ ચૌદશ



વ્રજ : કાર્તિક શુક્લ ચતુર્દશી **ચિત્ર પરિચય** ગુજરાતી : કારતક સુદ ચૌદશ

આજના શૃંગાર : સૂથન-ચાકદાર; કુલ્હે ઉપર ઘેરો

સાજ : પીળા રંગની કિનખાબની, લાલ રંગના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીળા રંગની જરીનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ચાકદાર વાઘો અને લાલ રંગનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, માણેક તથા સોનાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લાલ રંગની માણેકની કુલ્હે ઉપર શિરપેચ અને સોનેરી ચમકનો ઘેરો (બાદલાનો ઘેરો) તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે તિલકાયત શ્રીગોવિન્દજી મહારાજનો ઉત્સવ છે. આપશ્રી સં. ૧૮૮૬માં નાથદ્વારાના તિલકાયત પદે બિરાજ્યા. આપશ્રીનું પ્રાગટ્ય ૧૮૭૬માં આજના દિવસે દ્વિતીય ગૃહમાં થયું. દુહેરા મનોરથ કર્તા શ્રીદાઉજી મહારાજના લીલા પ્રવેશ પછી શ્રીલક્ષ્મીવહુજીએ આપશ્રીને ગોદ લીધા. આપશ્રીએ આપનું સર્વસ્વ શ્રીજીને અર્પણ કરીને, પ્રભુના સુખ માટે જીવન સમ્પન્ન કર્યું. પોતે પોતાને શ્રીસ્વામિનીજીની સહચરી માનીને સેવા કરતા.

આપ જ્યારથી તિલકાયત પદે બિરાજમાન થયા ત્યારથી શ્રીનાથજી સેવામાં કરજ વધતું જ ગયું. શ્રીજીના રાગ-ભોગ-શૃંગાર માટે પોતે પોતાની સંપત્તિ અર્પણ કરી દીધી. છતાં મુંબઈથી શ્રીજીની સેવાની આવતી હૂંડી બંધ થઈ ગઈ હતી તેથી કરજ વધતું ગયું. આંકડો સાત લાખ ઉપર પહોંચ્યો. આપશ્રીએ એક દિવસ સાંજે કૃષ્ણભંડારના મુનીમને બોલાવી, છઠ્ઠીવાળા કોઠામાં બેસાડી, શ્રીનાથજીની આવક-જાવકનો બધો હિસાબ શ્રીનાથજીબાવાને સંભળાવ્યો. દીનતાથી, આંખમાં આંસુની ધાર સાથે પ્રભુને સર્વ હકીકત જણાવી.

ભક્તવત્સલ પ્રભુ ભક્તનું આ દુઃખ સહી ન શક્યા. એક કિશોર યુવકના રૂપમાં મુંબઈમાં સાત લાખ રૂપિયાની હૂંડીના રૂપિયા ચૂકવી એની રસીદ નાથદ્વારા કૃષ્ણભંડારમાં મોકલી.

શ્રીજીબાવાનો આ શ્રમ અને કૃપા જોઈ આપશ્રીએ સ્ત્રીભાવથી વિનંતી કરી : 'રાજ, મેં તો સોહની-મંદિર વસ્ત્ર કરિવેવારી સહચરી હૂં. પ્રાણનાથ જાનૂં હૂં તો પ્રાણનાથને સર્વ કર્જ ચૂકા દિયો.' એ જ સમયે માણેકની બે લર ભેટ કરીને, ધામધૂમથી શ્રીનવનીતપ્રિયાજીને લાલબાગમાં પધરાવી વિવિધ મનોરથ કર્યા અને શ્રીનાથજીને પણ ઘણા લાડ લડાવી, આપને થયેલા શ્રમ માટે ક્ષમા માગી. શયન દર્શનમાં વિશેષ મનોરથ કરી, પાગ-મોરચંદ્રિકાનો શૃંગાર કરી ઉત્સવ મનાવ્યો.

સહચરીરૂપા ગોવિન્દજી મહારાજની આ પ્રેમાસક્તિ જોઈ શ્રીજીબાવા પણ અંગ અંગ પ્રસન્ન થઈ ગયા. આ રીતે પ્રભુનું સુખ જોઈ ઘણા ધનપતિ વૈષ્ણવો પણ આપશ્રીના શરણે આવ્યા. આપને ત્યાં સંવત ૧૮૯૯માં જેઠ સુદ તેરસના રોજ વીર શિરોમણિ શ્રીગિરિધારીજીનું પ્રાગટ્ય થયું.

(રાજભોગ અને શયનનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : કાર્તિક શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : કારતક સુદ પૂનમ



ગોસ્વામી તિલકાયત ૧૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ

વસ્ત્ર : દૂધિયા રંગનો, લાલ કસોવાળો જરીનો ગદલ ધર્યો છે. ગાદી તકિયા ઉપર સફેદ બિછાવટ થઈ છે.

શૃંગાર : લાલ રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં દહીંથરાની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : ખટ)**

આજ નંદલાલ મુખચંદ નયનન નિરખ પરમ મંગલ ભયો ભવન મેરે ।
કોટિ કંદર્પ લાવણ્ય એકત્ર કર વારોં તબહી જબ નેક હેરે ।।૧।।
સકલ સુખ સદન હરષિત વદન ગોપવર પ્રબલ મદનબલ સંગ ઘેરે ।
કહો કોઉ કૈસે હૂ નહિ સુધબુધ બને **ગદાધર મિશ્ર** ગિરિધરન ટેરે ।।૨।।

શૃંગાર : (રાગ : ખટ)

નવલ વ્રજરાજ કો લાલ ઠાડો સખી લલિત સંકેત વટ નિકટ સોહે ।
દેખરી દેખ અનિમેષ યા વેષકો મુકુટકી લટક ત્રિભુવન જુ મોહે ।।૧।।
સ્વેદકણ ઝલક કછુ ઝુડી સી રહત પલક પ્રેમકી લલક રસ રાસ કિયે ।
ધન્ય બડ ભાગ વૃષભાનનંદિની રાધિકા અંશ પર બાહુદિયે ।।૨।।
મણિ જટિત ભૂમિ પર નવલતા રહી ઝૂમ કુંજછબિ પુંજ બરની ન જાઈ ।
નંદનંદન ચરણ પરસ હિત જાન યહ મુનિનકે મનન મિલ પાંત લાઈ ।।૩।।
પરમ અદ્ભુત રુપ સકલ સુખ ભૂપ યહ મદન મોહન બિના કછુ ન ભાવે ।
ધન્ય હરિભક્ત જિનકી કૃપા તે સદા કૃષ્ણ ગુણ **ગદાધર મિશ્ર** ગાવે ।।૪।।

વ્રજ : કાર્તિક શુક્લ પૂર્ણિમા

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક સુદ પૂનમ



વ્રજ : કાર્તિક શુક્લ પૂર્ણિમા   **ચિત્ર પરિચય**   ગુજરાતી : કારતક સુદ પૂનમ

આજના શૃંગાર : સૂથન-ચાકદાર; જડાવનો કિરિટ મુકટ

સાજ : મેઘશ્યામ ધરતી ઉપર સૂરમા સિતારાના તારાના ભરતકામવાળી અને સોનેરી જરીની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ જરીનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો ધર્યો છે. મોજાં ગુલાબી રંગનાં અને ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. મોજાં ઉપર હીરાનાં તોડા-પાયલ ધર્યાં છે.

શ્રીમસ્તકે જડાવનો કિરિટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ હીરાની ચોટી ધરી છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : વ્રજમાસ પ્રમાણે આજે કાર્તિક માસની સમાપ્તિ થાય છે. આવતીકાલથી ગોપમાસનો આરંભ થશે. લલિત, પંચમ વગેરે શીતકાલના રાગ ગવાશે. ખંડિતા, હિલગ વગેરે કીર્તનો ગવાશે. કારતક, માગશર અને પોષ એ ત્રણ માસ શ્રીલલિતાજીની સેવાના માસ છે. એમાંથી એક માસ અહીં પૂર્ણ થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

ગોવર્ધન ગિરિ પર ઠાડે લસત ।
ચહુઁ દિસ ધેનુ ધરની ધાવત તબ નવમુરલી મુખ લસત ।।૧।।
મૌર મુકુટ વનમાલ મરગજી કછુક ફૂલ સિર ખસત ।
નવ ઉપહાર લિયે વલ્લભપ્રિય નિરખ દગંચલ હસત ।।૨।।
છીતસ્વામી વસ કિયો ચાહત હૈ સંગ સખા ગુન ગ્રસત ।
ઝુઠે મિસ કર ઈત ઉત ચાહત શ્રીવિઠ્ઠલ મન વસત ।।૩।।

શયન : (રાગ : બિહાગ)

અરી મૈ રતન જતન કરિ પાયો ।
ઉઘરે ભાગ આજ સખી મેરે રસિક સિરોમની આયો ।।૧।।
આવત હી ઉઠકે દે આદર આગે ઢિંગ બૈઠાયો ।
મુખ ચુંબન દે અધરપાન કર ભેંટ સકલ અંગ લાયો ।।૨।।
અદ્‌ભૂત રુપ અનુપ શ્યામકો નિરખત નૈન સિરાયો ।
નિસદિન યહી અપને ઠાકુર કો **રસિક** ગૂઢ જસ ગાયો ।।૩।।

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ પ્રતિપદા **મંગળા દર્શન** ગુજરાતી : કારતક વદ એકમ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ પ્રતિપદા **ચિત્ર પરિચય** ગુજરાતી : કારતક વદ એકમ

ગોપમાસ આરંભ

વસ્ત્ર : ઘેરા લાલ રંગનો અને લીલી કસોવાળો ગદલ આખા શ્રીઅંગ ઉપર ધર્યો છે. ફક્ત મુખારવિંદનાં દર્શન થાય છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : શીતકાળમાં મંગળભોગમાં નિત્ય બદામનો શીરો તથા અધિકમાં એક નવી સામગ્રી ધરાય છે. રાજભોગમાં આજે દહીંનો મનોહર ધરાય છે. આપણે નિત્યની સામગ્રી ઉપરાંત યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : કારતક, માગશર અને પોષ (વ્રજમાસ પ્રમાણે) એ ત્રણ માસ લલિતાજીની સેવાના માસ છે. મહા, ફાગણ અને ચૈત્ર એ ત્રણ માસ શ્રીચંદ્રાવલીજીની સેવાના માસ છે. વૈશાખ, જેઠ અને અષાઢ એ ત્રણ માસ શ્રીયમુનાજીની સેવાના માસ છે. શ્રાવણ, ભાદરવો અને આસો શ્રીરાધાજી-શ્રીસ્વામિનીજીની સેવાના માસ છે.

ભગવાને શ્રીમદ્ ભાગવત્માં અને ગીતાજીમાં કહ્યું છે કે : 'માસાનાં માર્ગશીર્ષોહં' એ માર્ગશીર્ષ માસ આજથી શરૂ થાય છે. (વ્રજમાસ પ્રમાણે)

શ્રીલલિતાજીની સેવાનો આ બીજો માસ છે. પહેલા કારતક માસમાં અન્નકૂટ મહામહોત્સવ થયો. હવે આ બીજા મૃગશીર્ષ માસને 'ગોપમાસ' તરીકે ગણીને તેમાં વિવિધ સેવા, સામગ્રી અને ઉત્સવોનો પ્રકાર બતાવ્યો છે. આ માસમાં ઘણા બાળકોના પ્રાગટ્યોત્સવ આવવાથી અને ભગવદ્સ્વરૂપાત્મક હોવાથી આ માસને આપણા સંપ્રદાયમાં પણ ઉત્તમ માસ ગણવામાં આવ્યો છે. આ માસમાં વ્રતચર્યા, પૂર્ણિમાના દિવસે છપ્પનભોગ વગેરે થાય છે.

માગશર અને પોષ માસમાં હેમંત ઋતુ હોવાથી શીતકાલીન સેવામાં પ્રભુ સુખાર્થે વિવિધ નૂતન પૌષ્ટિક સામગ્રીઓનો ભોગ તથા જડાઉ શૃંગાર ધરાય છે. કીર્તન પણ ખંડિતાનાં, હિલગનાં, મિષાન્તરનાં, માનનાં, વ્રતચર્યાનાં તથા શીતકાલીન ચિત્રસારી, રંગમહેલ વગેરેનાં ગવાય છે. રૂવાળા ગદલ, ફતવી, બંધેબંધના વાઘા વગેરે વસ્ત્રો ધરાય છે.

માગશર એટલે કે ગોપમાસ અને પોષ એટલે કે ધનુર્માસ સખત ઠંડીના માસ છે, એટલે પ્રબોધિનીના બીજા દિવસથી લઈ વસંતપંચમી સુધી પ્રભુ નિજ મંદિરમાંથી બહાર તિબારીમાં પધારતા નથી. પલના પણ નિજમંદિરમાં થાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

વ્રજાનંદકંદમ્ વ્રજાનંદકંદમ્ ઘોષપતિ ભાગ્ય ભૂવિજાતમ્ ।
રસિકવર ગોપિકા પતિ રસમાનનં તવ જયતુ મમ દશિ સુજાતમ્ ।ધ્રુ।।

(અપૂર્ણ, મંગલા અને શૃંગારના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ પ્રતિપદા **રાજભોગ દર્શન** ગુજરાતી : કારતક વદ એકમ



આજના શૃંગાર : સૂથન-ઘેરદાર; પાગ-ચંદ્રિકા

સાજ : લાલ સાટીનની, સોનેરી જરીના ભરતકામવાળી અને લીલા હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. ચરણચોકી, પડઘા, ઝારીજી બંટાજી વગેરે સુવર્ણના જડાવ ધર્યાં છે.

વસ્ત્ર : લાલ રંગની સાટીનના, સોનેરી જરીના ભરતકામવાળા અને રૂપેરી તૂઈલેસની કિનારી મૂકેલાં સૂથન, ચોળી તથા ઘેરદાર વાઘો ધર્યાં છે. લાલ અને સફેદ રંગનાં મોજાંજી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લાલ રંગની, સોનેરી જરીના ભરતકામવાળી પાગ ઉપર શિરપેચ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. રંગબેરંગી પુષ્પોના અને પીળાં પુષ્પોનાં એમ બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે લાલ રંગનાં વસ્ત્રો અને મોરચંદ્રિકા ધરાયાં છે. લાલ રંગ અનુરાગનો રંગ છે. શ્રીલલિતાજીનું સ્વરૂપ અનુરાગના રંગનું છે. ગોપકન્યાઓના અનુરાગનો પ્રારંભ પણ આજથી થતો હોવાથી આજે લાલ રંગનાં વસ્ત્રો ધરાય છે. ગોપકન્યાઓ વ્રજરાજનાં નિષ્કામ ભક્તો છે. તેના પ્રતીક રૂપે વસ્ત્રમાં સોનેરી ફૂલ છે. સફેદ રંગ યશનું પ્રતીક છે. આ વ્રજભક્તો શ્રીસ્વામિનીજીની કૃપાથી સેવામાં અંગીકૃત થાય છે, એ તેમના યશસ્વરૂપ સફેદ ઠાડું વસ્ત્ર ધરાયું છે. આજે દિવસભરની સેવા શ્રીલલિતાજીની છે તેથી આપના સ્વરૂપ અને શૃંગારવત્ પ્રભુને શૃંગાર થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : ટોડી)**

આયે અલસાને લાલ જોયેં હમ સરસાને અનત જગે હો ભોર રંગ રાગ કે ।
રીઝે કાહૂ ત્રિયાસો રીઝકો સવાદ જાન્યો રસકે ચખૈયા ભવર કાહૂ બાગ કે ॥૧॥
તિહારો હુ દોસ નાહિ દોષ વા ત્રિયા કો જાકે રસસો રસ પાગે જાગ કે ।
તાનસેન કે પ્રભુ તુમ બહુ નાયક આતે જિન બનાય સાંવરો પેચ પાગ કે ॥૨॥

શયન : (રાગ : બિહાગ)

પિય તોહી નયનહી મેં રાખૂ ।
તેરી એક રોમકી છબિપર જગતવાર સબનાખુ ॥૧॥
ભૈટો સકલ અંગ સાંવલકુ અધર સુધારસ ચાખુ ।
રસિક પ્રીતમ સંગમ કી બાતે કાહુસો નહી ભાખૂ ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : કારતક વદ બીજ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક વદ બીજ

વસ્ત્ર : લીલા રંગનો, લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની, જરીના સુરમા સીતરાના ભરતકામવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વેસણના મગસની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : માગશર કૃષ્ણ પ્રતિપદા (ગુજરાતી કારતક વદ એકમ)થી ગોપમાસ શરૂ થયો છે. પ્રાચીન સમયમાં દંડકારણ્યમાં તપ કરી રહેલા સોળ હજાર ઋષિઓને શ્રીરામચંદ્રજીનાં દર્શન થયાં ત્યારે તેમના મનોહર, માધુર્યરસથી ભરેલા સ્વરૂપની ઝાંખી કરતાં ઋષિઓએ નિત્ય લીલારસની માગણી કરી.

શ્રીરામચંદ્રજીએ કહ્યું : 'કૃષ્ણાવતારમાં હું તમારી માગણી પૂર્ણ કરીશ. તમને અનિર્વચનીય ભજનાનંદનું દાન કરી તમારો મનોરથ સિદ્ધ કરીશ.'

આ સોળ હજાર ઋષિકુમારો તપ વડે કુમારિકારૂપ ધારણ કરી વ્રજમાં જન્મ્યા. તેમણે હેમંત ઋતુના પ્રથમ માસમાં કાત્યાયની વ્રત કર્યું. એને વ્રતચર્યા (વ્રત આચર્યા) કહે છે. વહેલી સવારે ઊઠી તેઓ શ્રીયમુનાસ્નાન કરવા જતાં. ત્યારે પરસ્પર બાહુને બાંધી, વચ્ચે પ્રભુ બિરાજે છે તેવી ભાવના કરી, પ્રભુનું ગુણગાન ઉચ્ચ સ્વરથી કરતાં કરતાં સ્નાન કરવા જતાં. શ્રીયમુનાજીએ તેમના ત્રણ દોષ દૂર કર્યાં. અન્યોન્ય કલહ દૂર કર્યો, કલિકાલના દોષો દૂર કર્યા, પ્રભુની સાથે માનલીલાના વિનોદમાં થતા રસભર્યા પ્રણયકલહ પણ દૂર કર્યા.

આમ શ્રીયમુનાસ્નાન કરી દોષરહિત બનેલાં કુમારિકાઓ કાત્યાયની દેવીનું પૂજન, અર્ચન કરી, નીચેનો મંત્ર બોલી પ્રાર્થના કરતાં.

કાત્યાયની મહાભાગે મહાયોગિન્યધીશ્વરી, નંદગોપસુતં દેવી પતિ મે કુરુ તે નમઃ ॥

હે કાત્યાયની દેવી, હે મહાભાગા, આપ નંદગોપના પુત્રને અમારા પતિ કરો. અમો આપને વંદન કરીએ છીએ.'

આ પ્રમાણે એક માસ સુધી ગોપકુમારિકાઓએ આ વ્રત કર્યું. આ માસને ગોપમાસ. ગોપ્યમાસ કહેવાય છે. કારણ કે આ ઋષિરૂપા કુમારિકાઓની ભાવના ગોપ્ય હતી. કાત્યાયની દેવીના મિષે તેમણે શ્રીયમુનાજીનું પૂજન કર્યું હતું અને નંદકુમાર કૃષ્ણને પતિ સ્વરૂપે માગ્યા હતા. પ્રભુને મેળવવામાં આધિદૈવિક પ્રતિબંધો દૂર કરવા માટે તેમની પ્રાર્થના હતી.

પ્રભુએ કુમારિકાઓનાં ગુણગાન, અર્ચન, પૂજન દ્વારા તેમની આ મહેચ્છા જાણી, ચીરઘાટ ઉપર પધારી, કદંબવૃક્ષે બિરાજી, ચીરહરણ લીલા કરી. કુમારિકાઓને આ લીલા દ્વારા સર્વ દોષનિવૃત્તિપૂર્વક મહાફલનું દાન કર્યું. આમ આ વ્રતની સમાપ્તિ થઈ.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

હરિયશ ગાવત ચલી વ્રજસુંદરી નદી યમુના કે તીર ।

(કારતક વદ-૧, શૃંગારના પદ પ્રમાણે ગાવું.)

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ દ્વિતીયા **રાજભોગ દર્શન** ગુજરાતી : કારતક વદ બીજ



આજના શૃંગાર : સૂથન-ચાકદાર; પગો-મોરશિખા

સાજ : લીલા રંગની સાટીનની, રૂપેરી જરીના ભરતકામવાળી તથા રૂપેરી જરીની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : ઘેરા લીલા રંગની સાટીનના, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ચાકદાર વાઘો અને મોજાંજી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, માણેક તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ઘેરા લીલા રંગની જરીની ગ્વાલપાગ ઉપર લીલા રંગની મોરશિખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે. આજની સેવા લલિતાજીની પ્રિય સખી સૌરભાજીની છે. પિછવાઈ સલમા-સિતારાના ભરતકામવાળી ધરાય છે. પગાનો શૃંગાર થાય છે.

કીર્તન : **શૃંગાર : (રાગ : રામકલી)**

ગ્વાલિન માંગત વસન આપને ।
સીતકાલ જલભીતર ઠાડી આવત નહીં દયાને ॥૧॥
તુમ વ્રજરાજ કુમાર પ્રબલ અતિ કૌન પરી યહ બાને ।
હમ સબ દાસી તિહારી વ્રજપતિ તુમ બહુ નિપટ સયાને ॥૨॥

રાજભોગ : (રાગ : આસાવરી)

ચલ રી સખી નંદગાવ જઈ બસિયે, ખિરક ખેલત વ્રજચંદ સો હસિયે ॥૧॥
બસત બઢૈન સબ સુખમાઈ, કઠિન ઈહૈ દુઃખ દૂરિ કન્હાઈ ॥૨॥
માખન ચોરત દુરિ દુરિ દેખ્યો, સજની જનમ સુફલ કરિ લેખો ॥૩॥
જલચર લોચન છિન છિન પ્યાસા, કઠિન પ્રીતિ **પરમાનંદ**દાસા ॥૪॥

શયન : (રાગ : નાયકી)

જાન્યો પ્રીતકો મરમ ।
મુખકી મોસો જિયકી ઔરનસો પાયો હે તિહારો ભરમ ॥૧॥
ઐસી હૈ જો કૌન બાલ જિન રસ બસ કર લીને જાનિયત હિય કે નરમ ।
હરિનારાયણ શ્યામદાસકે પ્રભુ માઈ ભલી કીની ભોર આયે ચતુર પરમ ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : કારતક વદ ત્રીજ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક વદ ત્રીજ

વસ્ત્ર : લાલ રંગનો, પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : ઘેરા લીલા રંગની જરીની ગ્વાલપાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ચોરીઠાનો મોહનઠાર ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

ગ્વાલિન માંગત બસન આપને ।
સીતકાલ જલ ભીતર ઠાડી આવત નહિ દયાને ॥૧॥
તુમ વ્રજરાજ કુમાર પ્રબલ અતિ કૌન પરી યહ બાને ।
હમ સબ દાસી તિહારી વ્રજપતિ તુમ બહુ નિપટ સયાને ॥૨॥

શૃંગાર : (રાગ : રામકલી)

મોહન દૈહો વસન હમારે ।
જાય કહો વ્રજપતિ જુ કે આગે કરત અનીત લલારે ॥૧॥
તુમ વ્રજરાજકુમાર લાડિલે ઔર સબહિન કે પ્રાણ પિયારે ।
ગોવિંદપ્રભુ પિય દાસી તિહારી સુંદરવર સુકુમારે ॥૨॥

રાજભોગ : (રાગ : આસાવરી)

સુનિ મેરો વચન છબીલી રાધા, તે પાયો રસસિન્ધુ અગાધા ॥૧॥
જે રસ નિગમ નેતિ નેતિ ભાખ્યો, તાકૌ તૈ અધરામૃત ચાખ્યો ॥૨॥
સિવવિરંચિ કે ધ્યાન ન આવૈ, તાકો કુંજનિ કુસુમ બિનાવે ॥૩॥
તુ વૃષભાન ગોપકી બેટી, મોહન લાલકો ભાવતે ભેટી ॥૪॥
તેરો ભાગ્ય મોહિ કહત ન આવે, કછુક રસ **પરમાનંદ** ગાવૈ ॥૫॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક વદ ત્રીજ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ તૃતીયા **ચિત્ર પરિચય** **ગુજરાતી : કારતક વદ ત્રીજ**

આજના શૃંગાર : સૂથન-ઘેરદાર; પગો-ચંદ્રિકા

સાજ : લાલ રંગની સાટીનની, સોનેરી જરીના બુટ્ટાવાળી તથા સોનેરી જરીની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગની સાટીનના, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં, સૂથન, ઘેરદાર વાઘો, ચોળી તથા કટિપટુકો ધર્યાં છે. પીળા અને લાલ રંગનાં મોજાંજી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ, ઘુમાવદાર ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે. લલિતાજીની સખી રતિકલાજીની આડીથી આજે સેવા શૃંગાર થાય છે. છોટો શૃંગાર થાય છે અને શ્રીમસ્તક ઉપર જે રંગનો પાગ આવે તે રંગનાં મોજાંજી ધરાય છે.

કીર્તન : **ભોગ દર્શન : (રાગ : નટ)**

લાલન નાહીંન રી કાહુકે બસકે ।
બાવરી ભઈરી ત્રિયા ઉનસોં મન અરુઝાયો વેતો સદાઈ અપને રસકે ॥૧॥
નિરખપરખ દેખ જિયકો ભરખ ગયો કામિનીવૃંદનકે મનન કસકે ।
તદપિ કછુ મોહની **ગોવિંદ** પ્રભુપેં યુવતી સભામેં વદત યશકે ॥૨॥

શયન : (રાગ : નાયકી)

બારો મીન ખંજન આલી કે દગન પર ભમ્રર મન ।
અતિહી સલોને લોને અતિહી સુઢાર ઢારે અતિ કજરારે ભારે બિન હી અંજન ॥૧॥
શ્વેત અસિત કટાક્ષન તારે ઉપમા કો મૃગહી કંજન ।
પરમાનંદપ્રભુ રસબસ કરલીને પ્યારીજુકે મનકે રંજન ॥૨॥

પોઢવાનું પદ : (રાગ : બિહાગ)

પોઢે રંગ મહલ સુખદાઈ ।
સીત સમે પ્યારી પ્રીતમ દોઉ પૌઢે ઓઢ઼ રજાઈ ॥૧॥
વિવિધ ભાંતિ કે પરદા ચહુ દિશ અંગીઠી ધરાઈ ।
આસકરન પ્રભુ મોહન નાગર શોભા બરની ન જાઈ ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક વદ ચોથ



તિલકાયત શ્રીદાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ

દેહલી - વન્દનમાલ

વસ્ત્ર : સોનેરી જરીનો, લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં મનોહર, સેવ, તીનકુડા, બીલસારુ, કઢી, મગની છડિયલ દાળ, પાપડ, કચરિયાં, સંધાણાં, શાક, ભુજાનાં વગેરે ઉત્સવની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : ગો. તિલકાયત શ્રીગોવિંદલાલજી મહારાજશ્રીએ સંવત ૧૮૭૯માં આજના દિવસે શ્રીગોવર્ધનધર પ્રભુ તથા શ્રીવનનીતપ્રિયજી સાથે શ્રીમથુરેશજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાધીશજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી તથા શ્રીમદનમોહનજી એમ છ સ્વરૂપ પધરાવી છપ્પનભોગ સહિત વિવિધ મનોરથો અંગીકાર કરાવ્યા હતા. આ બધા નિધિસ્વરૂપો સાથે કાશીથી શ્રીમુકુંદરાયજીને છઠ્ઠા ઘરના સ્વરૂપ તરીકે પધરાવ્યા હતા. તે ઉપરાંત બીજાં ગોદના સ્વરૂપો સાથે કુલ ૧૪ સ્વરૂપો પધાર્યાં હતાં. છતાં ઉત્સવ છ સ્વરૂપોત્સવ જ કહેવાય છે. તે દિવસે આપે અંગીકાર કરાવેલો લાલ જરીનો સાજ અને ભારે વનમાળાનો શૃંગાર આજે પણ ધરાય છે. છ સ્વરૂપ પધાર્યા એથી યશ સ્વરૂપ ચંદ્રમાની જેમ સ્વચ્છ ચંદ્રકળાની સામગ્રી આપે આરોગાવી હતી.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

વ્રજાનંદ કંદમ્ વ્રજાનંદકંદમ્ ઘોષપતિ ભાગ્ય ભૂવિજાતમ્ ।
(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧)

શૃંગાર : (રાગ : રામકલી)

દેહો વ્રજનાથ હમારી આંગી ।
નાતર રંગબિરંગ હોયગો કેઈ બેરિયા હમ માંગી ॥૧॥
વ્રજ કે લોગ કહા કહેંગે દેખ પરસ્પર નાગી ।
ખરે ચતુર હરિ હો અંતરગત રૈન પરી કબ જાગી ॥૨॥
સકલ સૂત કંચન કે લાગે બીચ રત્નન કી ધાગી ।
પરમાનંદ પ્રભુ દીજિયે ન કાહે પ્રેમ સુરંગ રંગ પાગી ॥૩॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક વદ ચોથ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક વદ ચોથ

આજના શૃંગાર : સૂથન-ચાકદાર; ફેંટો-મોરશિખા (ફેંટાનો સાજ)

સાજ : લાલ ધરતી ઉપર સોનેરી જરીના બુટ્ટાના ભરતકામવાળી તથા શ્યામ ધરતી ઉપર સોનેરી જરીના ફૂલવેલની ડિઝાઈનના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સોનેરી જરીનાં સૂથન, ચોળી, ચાકદાર વાઘો અને રૂપેરી જરીનો ઉર્ધ્વભુજા તરફ અંતર્વતી પટુકો ધર્યો છે. સફેદ અને સોનેરી રંગનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર ફેંટાનો સાજ - રૂપેરી જરીના ફેંટા ઉપર શિરપેચ, સોનેરી જમાવની ચંદ્રિકા અને કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે નૂતન ઉત્સવને કારણે નૂતન શૃંગાર અંગીકાર થયો છે. સામાન્ય રીતે ફેંટાની સાથે કુંડળ ધરાતાં નથી, પરંતુ આજે રૂપેરી જરીના ફેંટા સાથે મકરાકૃતિ કુંડળ ધરાયાં છે. ચંદ્રાવલીજીના ભાવથી શ્વેત જરીનો અંતવર્તી પટુકો ધરાયો છે. છપ્પનભોગમાં સોનેરી જરીનાં વસ્ત્રો અને ફેંટો વ્રજલીલાના ભાવથી ધર્યા છે. આજનો સેવાક્રમ શ્રીચંદ્રાવલીજીની આડીથી થયો છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

શ્રીવલ્લભ શ્રીવલ્લભ શ્રીવલ્લભ મુખ જાકે ।
સુન્દર નવનીત કે પ્રિય આવત હરિ તાહી કે હિય
જન્મ જન્મ જપ તપ કરિ કહા ભયો શ્રમ થાકે ।।૧।।
મન વચ અધ તૂલ રાસ દાહન કો પ્રકટ અનલ પટતરકો
સુરનર મુનિ નાહિન ઉપમાકે ।
છીતસ્વામી ગોવર્ધનધારી કુંવર આયે સદન પ્રકટ ભયે
શ્રીવિઠ્ઠલેશ ભજન કો ફલ તાકે ।।૨।।

શયન : (રાગ : કાન્હરો)

સિર સોને કે સૂતન સોહત પાગ પેંચન ઉપર નગ લગે ।
રતનારે ભારે ઢરારે નયન દેખત મૂર્છિત મૈન જગે ।।૧।।
મુખકી મંજુલતાઈ વરની ન જાઈ ચંચલતા દેખિ દૂર ભગે ।
નંદદાસપ્રભુ નંદરાની છબિ નિરખત વાર પીવત પાની જિન કાહુકી દૃષ્ટિ લગે ।।૨।।

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક વદ પાંચમ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ પંચમી

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક વદ પાંચમ

વસ્ત્ર : પીળા રંગનો, લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : રૂપેરી જરીનો ફેંટો, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મગના લોટનો મગસ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : અત્યારે વ્રચર્યાના દિવસો ચાલે છે. વ્રતચર્યાના દિવસોમાં ગોપકુમારિકાઓ વહેલી સવારે યમુનાસ્નાન કરવા માટે જાય છે ત્યારે પ્રભુ પણ તેમની સાથે પધારે છે એ ભાવના એક કીર્તનને આધારે આજે સેવા સવારમાં વહેલી થાય છે. સવારે સાત વાગતાં રાજભોગ થઈ જાય છે.

કીર્તન : **શૃંગાર : (રાગ : ખટ)**

પાછલી રાત પરછાહી પાતન કી, લાલજૂ રંગભીને ડોલત, દ્રુમ દ્રુમન તરન ।
બને દેખત બને લગત અદ્‌ભુત મને, જાત કી સોત મેં નિકસ રહી સબ ઘરન ॥૧॥
કૃષ્ણકે દરસકોં અંગકે પરસકોં, મહા આરતિ માન ચલી મજ્જન કરન ।
નૂપુર ધૂન સુનત ચક્રત વ્હૈ થકી રહી, પરિ ગયો દૃષ્ટિ ગોપાલ સાઁવલ વરન ॥૨॥
જરકસી પાગ પર મોરચંદ્રિકા બની, કમલદલ ભ્રૂ બંક છબિ મન હરન ।
ધાઈ સબ ગહનકોં રસબચન કહન કોં, ભામિની બની અતિ છબી સુધારત ચરન ॥૩॥
રોમ રોમ રમી રહ્યો, મેરો મન હરિ લિયો, નાહિ વિસરત વાકી ઝુકનમેં ભુજ ભરન ।
કહે ભગવાન હિત રામરાય પ્રભુસોં, મિલિ લોક લાજ ભાજી ગઈ પ્રાણ પરબસ પરન ॥૪॥

ભાવાર્થ : આ કીર્તનમાં ભગવાનરાય વહેલી સવારની પ્રભુની લીલાનું વર્ણન કરી રહ્યા છે. હજુ તો થોડું અંધારું છે. વૃક્ષનાં પાનનો પડછાયો પડે છે એવા સમયે પ્રભુ વૃક્ષ નીચેથી પધારી રહ્યા છે. જરકસી પાગ અને મોરચંદ્રિકા ધારણ કરેલાં છે. જરકસી પાગ ધરી છે તેનો આશય એ છે કે આપ શ્રીસ્વામિનીજીને આધીન છે. મોરચંદ્રિકાનો આશય એ છે કે નિષ્કામ ભક્તોનો ઋણસ્વીકાર પ્રભુએ કર્યો છે અને તેને મસ્તક ઉપર ધરી રાખ્યો છે. આવાં દર્શન થતાં અને નૂપુરનો ધ્વનિ કાને પડતાં વહેલી સવારે યમુનાસ્નાન કરવા જઈ રહેલાં વ્રજભક્તો એ કમલનયન ઘનશ્યામને પકડવા માટે દોડે છે. પરંતુ સ્વાધીનપતિકા શ્રીરાધિકાજી બધાંની સાથે ગયાં નહિ. પોતાના ચરણોમાં ધરેલા નૂપુરને સરખા કરવાના બહાને પાછળ રહી ગયાં. માનુની છે ને! શ્યામસુંદર ત્યાં પધાર્યા અને તેમને પોતાનાં બંને શ્રીહસ્તથી ઊંચકી લીધાં! બધી સખીઓની વચ્ચે પ્રીતમે આમ કરવાથી રાધિકાજીની લોકલાજ જતી રહી અને પ્રાણ પરવશ થઈ ગયા.

આ કીર્તનને આધારે ગો. તિલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજે આજનો શૃંગાર કર્યો હતો, જે આજે પણ પ્રચલિત છે. દિવસભર આ ભાવનાં કીર્તન ગવાય છે.

મંગલા સમયના કીર્તન માટે જુઓ રાજભોગ દર્શનનું પાનું.

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ પંચમી **રાજભોગ દર્શન** ગુજરાતી : કારતક વદ પાંચમ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ પંચમી **ચિત્ર પરિચય** ગુજરાતી : કારતક વદ પાંચમ

આજના શૃંગાર : સૂથન-ઘેરદાર; પાગ-ચંદ્રિકા

સાજ : લાલ રંગની ધરતી ઉપર કેળનાં પાન, ગાયો, મોર તથા ફૂલવેલના ભરતકામવાળી સુંદર પિછવાઈ ધરી છે. શ્યામ રંગનો હાંસિયો છે જેમાં ફૂલવેલનું ભરતકામ થયું છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : સફેદ સાટીનના, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો સફેદ તેમજ લાલ રંગના મોજાંજી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. પન્નાનો હમેલ ધર્યો છે.

શ્રીમસ્તકે લાલ રંગની જરીની પાગ ઉપર શિરપેચ, મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને ગુલાબી પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

દેહો વ્રજનાથ હમારી આંગી ।
નાતર રંગબિરંગ હોયગો કેઈ બેરિયા હમ માંગી ॥૧॥
વ્રજકે લોગ કહા કહેગે દેખ પરસ્પર નાગી ।
ખરે ચતુર હરિ હો અંતરગત રૈન પરી કબ જાગી ॥૨॥
સકલ સૂત કંચન કે લાગે બીચ રત્નન કી ધાગી ।
પરમાનંદ પ્રભુ દીજિયે ન કાહે પ્રેમ સુરંગ રંગ પાગી ॥૩॥

રાજભોગ : (રાગ : તોડી)

કછુ અબ કહી ન જાય તેરી ઉનકી એક બિકટ બાત ।
આન આન પ્રકૃતિ કૈસૈ બનિ આવે જો તૂ ડાર તો હૈંરી વૈ પાત પાત ॥૧॥
અબ કહા કહત સોઈ જોઈ કહૌ પ્રીતમસો છાંડિ દેરી ઈત ઉતકી પાંચ સાત ।
અબ એતે પર **ગોવિંદ** પ્રભુ પિય સુમુખિ મનાઈ લૈહૈ બાતનિ બાતનિ ભયો પ્રાત ॥૨॥

શયન : (રાગ : નાયકી)

સુનરી સખી તેરો દોષ નહી મેરો પિય રસિયારી ।
નવલલાલકો સબ કોઉ ચાહત કૌન કોન કે મન બસિયારી ॥૧॥
એકનસો નયના જોરે એકન સો ભ્રૌહ મરોરે એકન સો મુખ હસિયારી ।
પરમાનંદપ્રભુ કુંવર લાડિલો અબહી કછુ ભીતજ મસીયારી ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક વદ છઠ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક વદ છઠ

વસ્ત્ર : પીરોજા રંગનો, લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં છુટી બુંદીની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથા મનોરથ, યથા શક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

જાન્યો જાન્યો રી સયાન તેરો પ્રાણેશ્વર સૌં તેં કિયો માન ભયો હે બિહાન ।
પિયકો તેરો હી ધ્યાન મેરી શીખ સુનિ કાન જામે બસે પ્રાન તાસો કૈસોરી ગુમાન ॥૧॥
સુનિ રી મુરલી ગાન આછી નીકી મીઠીતાન સંકેત સુથલ રચ્યો કુસુમ બિતાન ।
સૂરદાસ પ્રભુ સબ જાન સકલ ગુન કી ખાન મદનમોહન તેરે સુખકો નિધાન ॥૨॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

બેનુ બજાયો રી સુંદર નંદ કે કનૈયા ।
જલ થલ ચલ અચલ ભયે હૈ તૃન ન ચરત મૃગ ગૈયા ॥૧॥
વ્યોમ વિમાન સુરન છાયો ગિરિરાજધરનકે કાજ લાજ તજિ છબિ નિરખત ઔર લેત બલૈયા ।
ઉદેરાજ પ્રભુ મદનમોહન જગજીવન જાયો મૈયા ॥૨॥

રાજભોગ : (રાગ : સારંગ)

બૈઠે હરિ રાધા સંગ કુંજભવન અપને રંગ કર મુરલી અધર ધરે સારંગ મુખ ગાઈ ।
મોહન અતિ હી સુજાન પરમ ચતુર ગુણ નિધાન જાનબુઝ એક તાન ચૂક કે બજાઈ ॥૧॥
પ્યારી જબ ગહ્યો બીન સકલ કલા ગુણ પ્રવીન અતિ નવીન રુપ સહિત વહી તાન સુનાઈ ।
વલ્લભ ગિરિધરનલાલ રીઝ દઈ અંકમાલ કહત ભલે ભલે લાલ સુંદર સુખદાઈ ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક વદ છઠ



આજના શૃંગાર : સૂથન-ચાકદાર; દુમાલો-કતરો

સાજ : પીરોજા રંગની સાટીનની રૂપેરી જરીના બુટ્ટાવાળી તથા પીરોજા રંગના અને રૂપેરી તૂઈલેસની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પીરોજા રંગની સાટીનના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારી વાળા સૂથન, ચોળી, ચાકદાર વાઘો અને મોજાંજી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** પીરોજા રંગની દુમાલ ઉપર શિરપેચ અને ભીમસેની કતરો તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી - લર તથા ઝુમખીવાળાં - કર્ણફૂલ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : શૃંગાર ઐચ્છિક છે. આજની સેવા મન્મથમોદાજીની આડીથી થાય છે. નિત્યનાં વ્રતચર્યા, ખંડિતા, માન વગેરેના પદ ગવાય છે.

કીર્તન : **શયન : (રાગ : અડાનો)**

મૈ જબ દેખેરી ગોપાલલાલ મોહની મૂરતિ નંદલાલ તનમનધન નોછાવર કરન કો લે ગઈરી ।
સુંદર શ્યામ ઉજાગર નાગર બાંકી છબિ ચિત ચિતેરેને લિખ લઈ ॥૧॥
ગરે સોહે વનમાલ દેખ મોહી વ્રજબાલ યા છબિ પે હો મગન ભઈ ।
સુરદાસ પ્રભુ કૌન મંત્ર પઢ ડાર્યોરી મુરલી મે ગાવત ધુનિ નઈ નઈ ॥૨॥

પોઢવાનું પદ : (રાગ : બિહાગ)

આંગનમેં હરિ સોય ગયેરી ।
હરે હરે દોઉ જનની મિલિકે સેજ સહિત તબ ભવન લહેરી ॥૧॥
કહતિ રોહિની ઈન્હે ન જગાઓ ખેલત ડોલત હાર ગયેરી ।
બાર બાર જૃભાંત સાંવરો વદન દેખ વિસ્મિત જુ ભયેરી ॥૨॥
કહત નંદ યે કછુ ન જાને ગાયનકે સંગ શ્રમિત ભયેરી ।
સૂરદાસ બલરામ શ્યામ તબ વ્રજરાની સંગ પોઢ રહેરી ॥૩॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક વદ સાતમ



ગો. તિલકાયત ૧૦૮ શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીનો જન્મદિવસ (સં. ૧૯૮૪)

દેહલી - વંદનમાલ - હાંડી

વસ્ત્ર : લાલ રંગનો, સોનેરી જરીના બુટ્ટાવાળો, શ્યામ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : પીરોજા રંગનો દુમાલો, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મૈસૂર, બુંદી અને જલેબીની સામગ્રી તથા સખડીમાં ઉત્સવની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : વર્તમાન તિલકાયત ગો. ૧૦૮ શ્રી રાકેશજી (શ્રી ઈન્દ્રદમનજી) મહારાજશ્રીના પિતૃચરણ ગો. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીનો આજે જન્મ દિવસ છે. તેથી વધાઈ અને બાળલીલાનાં પદ ગવાય છે. આજની સેવા રસાલિકાજીની સાથે લલિતાજીની છે. તેમની આડીથી દિવસભરનો મનોરથ થાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

દેહો વ્રજનાથ હમારી આંગી ।
નાતર રંગબિરંગ હોયગો કેઈ બેરિયા હમ માંગી ॥૧॥
વ્રજ કે લોગ કહા કહેંગે દેખ પરસ્પર નાગી ।
ખરે ચતુર હરિ હો અંતરગત રૈન પરી કબ જાગી ॥૨॥
સકલ સૂત કંચનકે લાગે બીચ રત્નનકી ધાગી ।
પરમાનંદ પ્રભુ દીજિયે ન કાહે પ્રેમ સુરંગ રસ પાગી ॥૩॥

શૃંગાર : (રાગ : ખટ)

કુલ્હે કી પાઘ સિરપેચ અતિ જગમગે ચમક રહી ચંદ્રિકા બારે ।
લાલઢિંગ મટુક ભૂર ભ્રૌહકી ચટક પર મોતીલર ભાલ માનો ઉદિત તારે ॥૧॥
સઘન ઘન કાંતિ તન જટિત ભૂખન દિપત નિરખિ ગિરિધરન દુઃખ દ્વન્દ્વ ટારે ।
કાછ કછિ મલ્લ **હરિરાય** બૈની ગુંહી પીત પટ ફરહરાન ફબત ભારે ।પ।૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક વદ સાતમ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ સપ્તમી

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક વદ સાતમ

આજના શૃંગાર : સૂથન-ઘેરદાર; પાગ-ચંદ્રિકા

સાજ : કેસરી સાટીનની સલમા - સિતારાના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. નંદયશોદા પ્રભુને પલને ઝૂલાવતા હોય તે પ્રકારનું સુંદર ભરતકામ થયું છે. પલના ઉપર શ્વેત મોતીનું તોરણ શોભે છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : પતંગી (રાણી) રંગની સાટીનના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ઘેરદાર વાઘો ધર્યાં છે. કેસરી રંગનો રૂપેરી જરીની કિનારવાળો કટિ પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે. કેસરી રંગનાં મોજાં ધર્યાં છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા અને સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે કેસરી રંગની છોરવાળી પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ચમકની ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં, રંગબેરંગી સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : શૃંગાર થી રાજભોગ સુધી પલનાના ભરતકામવાળી પિછવાઈ આવે છે. ત્યાર પછી રાજભોગમાં એ પિછવાઈ વડી થઈ જાય છે અને શ્રીપ્રભુ સુવર્ણના બંગલામાં બિરાજે છે. સંધ્યાર્તિપર્યંત આ બંગલામાં શ્રીગોવર્ધનધર પ્રભુ બિરાજે છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

શ્રીવલ્લભનંદન રુપ અનૂપ સ્વરૂપ કહ્યો ન જાઈ ।
પ્રગટ પરમાનંદ ગોકુલ બસત હૈ સબ જગત કો સુખદાઈ ॥૧॥
ભક્તિ-મુક્તિ દેત સબકો નિજજન કો કૃપા પ્રેમ બરખત અધિકાઈ ।
સુખમય સુખદ એક રસના કહાંલો વરનૌ **ગોવિંદ** બલિ જાઈ ॥૨॥

શયન : (રાગ : બિહાગ)

લાલન તેરી ચિતવન ચિતહિ ચુરાવે ।
નંદગામ વૃષભાનપુરા બિચ મારગ ચલન ન પાવે ॥૧॥
હોં તો હોંતો ભરો ડરો નહી કાહૂ લલિતા દગ ન ચલાવે ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ધર્યો સો ક્યોં ન બતાવે ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ સપ્તમી **શ્રીગોવિંદલાલજી** ગુજરાતી : કારતક વદ સાતમ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ સપ્તમી ચિત્ર પરિચય ગુજરાતી : કારતક વદ સાતમ

ગો. તિલકાયત ૧૦૮ શ્રી ગોવિંદલાલજી મહારાજનો સંક્ષિપ્ત જીવન પરિચય

સંવત ૧૯૮૪માં તિલકાયત શ્રીદામોદરલાલજીને ત્યાં લાલનનું પ્રાગટ્ય થયું. સં. ૧૯૮૮માં રતનચોકમાં આપનું મુંડન થયું અને ‘ગોવિંદ’ નામ રાખવામાં આવ્યું. સં. ૧૯૯૦માં આપના પિતામહ શ્રીગોવર્ધનલાલજીનો લીલા પ્રવેશ થયો અને સં. ૧૯૯૨માં આપના પિતાશ્રી દામોદરલાલજીનો પણ લીલા પ્રવેશ થયો. આમ માત્ર ૮ વર્ષની નાની ઉંમરે આપે પિતાની છત્રછાયા ગુમાવી. કેટલાક બદનિયતવાળા લોકોએ નાથદ્વારાને નષ્ટ-ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો.

સં. ૧૯૯૫માં આપશ્રીનો ઉપનયન સંસ્કાર અને થયો અને આપ તિલકાયત પદાસીન થયા. હવે નાથદ્વારાના શુભ દિવસો શરૂ થયા. જ્યારથી આપ ગાદીએ બિરાજ્યા ત્યારથી અનેક ધાર્મિક, સામાજિક, રાજનૈતિક, આર્થિક કાર્યો કર્યા અને નાથદ્વારાની કાયાપલટ કરી. શ્રીજીબાવાના સુખાર્થે અનેક મનોરથો કર્યા. સોનાના બંગલા, નાવનો મનોરથ, છપ્પનભોગ, સોનાના હિંડોળા, સાંજીનો મનોરથ, સપ્ત સ્વરૂપોત્સવ ઉપરાંત અનેક મૂલ્યવાન સુંદર પિછવાઈ, આભૂષણો, બંગલા, હિંડોળા વગેરે શ્રીગોવર્ધનધરપ્રભુની સેવામાં ભેટ કર્યાં.

સં. ૨૦૦૨માં આપનું લગ્ન તૃતીય ગૃહ બલભદ્ર લાલાજીની કન્યા રસિકપ્રિયા સાથે નાથદ્વારામાં થયું. ત્યારપછી પણ અનેક ધાર્મિક કાર્યો જેવાં કે ભાગવત પારાયણ, ગાયત્રી યજ્ઞ, સર્વોત્તમ સ્તોત્ર મહાયજ્ઞ વગેરે નાથદ્વારામાં થતાં રહ્યાં. આપે સં. ૨૦૨૩માં અધિક શ્રાવણ માસમાં સપ્તસ્વરૂપ પધરાવીને સાત મનોરથો કર્યા. શ્રીજીના સાન્નિધ્યમાં બધા સ્વરૂપોને પલને ઝૂલાવ્યા, શ્રીનવનીતપ્રિયજીને પધરાવી ગૌશાળામાં છાકનો મનોરથ કર્યો, લાલ બાગમાં સાત ઝૂલાનો મોટો મનોરથ કર્યો; સર્વ સ્વરૂપોને એક સાથે પવિત્રાં ધરાવ્યાં. સાતે સ્વરૂપનો બંગલાનો મનોરથ કર્યો, છપ્પનભોગ અંગીકાર કરાવ્યો. ઉપરાંત જીવનભર દ્વાદશ નિકુંજ, શરદોત્સવ, ખસખાના, જલવિહાર, મેવા-કેસરના બંગલા વગેરે અનેક મનોરથો કેટલીયે વાર પ્રભુ સુખાર્થે અંગીકાર કરાવ્યા અને મનોરથોનાં દર્શનનો અનુપમ લાભ વૈષ્ણવોને આપ્યો. તે જ રીતે શ્રીનવનીતપ્રિયજીને પણ અનેક મનોરથો અંગીકાર કરાવ્યા.

આપશ્રી તિલકાયત પદે બિરાજ્યા ત્યારથી રાજનીતિના અનેક સંકટોનો આપે સામનો કર્યો. સરકાર તરફથી આપના વિરોધીઓએ આપને ફસાવવા માટે અનેક પ્રયત્નો કર્યા, પરંતુ આપ દિલ્હીમાં ૮-૧૦ વર્ષ સુધી આ બધાનો સામનો કરીને છેવટે વિજયી થયા અને શ્રીગોવર્ધનધર પ્રભુની સેવાના સર્વ હકો લઈને આપ પધાર્યા. અનેક નેતાઓને પોતાની સફળતાનો ચમત્કાર બતાવ્યો.

શ્રીગોવર્ધનધરપ્રભુ અને શ્રીવનનીતપ્રિયજીની સેવા સુદૃઢ રીતે થતી રહે અને પ્રભુનું સુખ સચવાય, સેવામાં કોઈ પ્રતિબંધ ન આવે તે માટે આપે દૂરદર્શિતા વાપરી, પોતાના સર્વાધિકાર સુરક્ષિત રાખી નાથદ્વારા ટેમ્પલ બોર્ડ (મંદિર મંડલ)ની સ્થાપના કરાવી. આપ તેના અધ્યક્ષ બન્યા.

નાથદ્વારા નગરના અને નગરજનોના વિકાસ માટે પણ આપે અથાગ પ્રયત્નો કર્યા. વાચનાલય, પુસ્તકાલય, પાઠશાળા, સ્કૂલો, કન્યાશાળા, બેંક, પબ્લિક પાર્ક, ધર્મશાળાઓ, દુકાનો વગેરેનું નિર્માણ કરાવ્યું. વિદ્યાવિભાગ પ્રેસની ઉન્નતિ માટે શુદ્ધાદ્વૈત વિદ્યાપીઠની સ્થાપના કરી. શ્રીનાથ પંચાંગ ટિપ્પણી છપાવવાની યોજના કરી. યાત્રીઓ અને દર્શનાર્થીઓ માટે અનેક સુંદર વ્યવસ્થાઓ કરાવી.

આપને ત્યાં બે લાલજી અને એક બેટીજીનું પ્રાગટ્ય થયું. તિ. શ્રી દાઉજી (રાજીવજી)નું પ્રાગટ્ય સં. ૨૦૦૫ પોષ વદ એકમે થયું. આપશ્રીને શ્રીગોવર્ધનધર પ્રભુના મનોરથો માટે વિશેષ આગ્રહ હતો. ગુપ્ત મનોરથો કરતા અને સેવામાં ચિત્ત રાખતા. દ્વિતીય કુમાર તિ. શ્રી ઈન્દ્રદમનજી (રાકેશજી) મહારાજનું પ્રાગટ્ય ફાગણ સુદ સાતમે થયું. આપશ્રીની આસક્તિ પણ પ્રભુના સેવા શૃંગારમાં વિશેષ છે. આજે આપશ્રી તિલકાયત પદે બિરાજમાન છે. બેટીજીનું પ્રાગટ્ય સં. ૨૦૧૦ જેઠ સુદ બારસે થયું. તે દિવસે શ્રી ગોવિન્દપ્રભુએ જે શૃંગાર શ્રીગોવર્ધનનાથજીને કર્યો તે આજે પણ થાય છે. કેસરી પાગ, કેસરી પિછોડા કેસરી પટકા.

જેમ પુષ્ટિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ અને મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ બંને જ્યારથી ભૂતલ ઉપર પ્રગટ થયા ત્યારથી આસુરવ્યામોહ લીલા સુધી અનેક કષ્ટો, યુદ્ધો, સંઘર્ષ કરતા રહ્યા, કારણ કે તેમનો અવતાર દૈત્યવધ કરી પૃથ્વીનો ભાર ઉતારવા માટે હતો, પોતે સ્વયં અનેક કષ્ટો સહન કરી ભક્તોને અભય કરતા રહ્યા તેમ તિલકાયત શ્રીગોવિંદલાલજી મહારાજશ્રીએ પણ પ્રાકટ્યથી નિત્યલીલા પ્રવેશ સુધી પોતે અનેક સંકટો સહીને બીજાને સુખી કરવા માટે જ જાણે અવતાર ધર્યો હોય તેમ ભક્તોના દુ:ખને દૂર કરતા રહ્યા.

મંગળા દર્શન

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ અષ્ટમી

ગુજરાતી : કારતક વદ આઠમ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ અષ્ટમી   ચિત્ર પરિચય   ગુજરાતી : કારતક વદ આઠમ

શ્રીગુસાંઈજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : સોનેરી જરીનો, લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની છોરવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે ચોરીઠો અને મેંદો મેળવીને આદુના મનોહરની ખાસ સામગ્રી ધરાય છે તેમજ ઉત્સવની સામગ્રી શાક, ભુજાનાં, બુંદીની છાશ વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

મોહન દૈહો વસન હમારે ।
જાય કહો વ્રજપતિ જુ કે આગે કરત અનીત લલારે ॥૧॥
તુમ વ્રજરાજ કુમાર લાડિલે ઔર સબહિન કે પ્રાણપિયારે ।
ગોવિંદપ્રભુ પિય દાસી તિહારી સુંદરવર સુકુમારે ॥૨॥

શૃંગાર : (રાગ : આશાવરી)

ક્રીડત મણિમય આંગન રંગ ।
પીત તાફતાકી ઝગુલી બની હૈ કુલ્હે લાલ સુરંગ ॥૧॥
કટિ કિંકણી ઘોષ વિસ્મિત સખી ધાય ચલત બલસંગ ।
ગોસુત પૂંછ ભ્રમાવત કરગહિ પંકરાગ સોહે અંગ ॥૨॥
ગજમોતિન લરલટકન શોભિત સુંદર લહરત રંગ ।
ગોવિંદ પ્રભુ કે જુ અંગ અંગ પર વારો કોટિ અનંગ ॥૩॥

રાજભોગ : (રાગ : સારંગ)

ગોવલ્લભ ગોવર્ધન વલ્લભ શ્રીવલ્લભ ગુન ગિને ન જાઈ ।
ભુવકી રેનુ તરૈયા નભકી ઘનકી બૂંદે પરતિ લખાઈ ॥૧॥
જિનકે ચરન કમલ રજ વંદિત સંતન હોત સદા ચિતચાઈ ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ નંદનંદનકી સબ પરછાંઈ ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ અષ્ટમી **રાજભોગ દર્શન** ગુજરાતી : કારતક વદ આઠમ



આજના શૃંગાર : સૂથન-ચાકદાર; કુલ્હે-ઘેરો

સાજ : પીળી સાટીનની લાલ હાંસિયાવાળી અને રૂપેરી જરીની ચોકડીની ડિઝાઈનવાળી પિછવાઈ ધરી છે. ગાદી તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : કેસરી સાટીનનાં, સોનેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ચાકદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે કેસરી રંગની કુલ્હે ઉપર શિરપેચ, સોનેરી ચમકનો ઘેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે શ્રીગુસાંઈજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજીનો પ્રાકટ્ય ઉત્સવ છે. આપ દ્વિતીય ગૃહ શ્રીવિઠ્ઠલનાથજી મંદિર (નાથદ્વારા)ના મુખ્ય આચાર્ય છે. શ્રીગુસાંઈજીએ આપને શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીસ્વામિનીજીનાં સ્વરૂપો પધરાવી આપ્યાં હતાં. આપના પુત્ર શ્રીકલ્યાણરાયજી અને પૌત્ર શ્રીહરિરાયજી (શિક્ષાપત્રવાળા) થયા. શ્રીહરિરાયજીના સમયમાં શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુ ગોકુલથી નાથદ્વારા (ખેડા ગામ) પધાર્યા.

શ્રીગોવિંદરાયજી એક વખત શ્રીનાથજીના શૃંગાર કરી રહ્યા હતા તે સમયે આપને ત્યાં લાલજીનું પ્રાકટ્ય થયું. શ્રીજીબાવાએ વધાઈ માગતા આજ્ઞા કરી : 'ગોવિંદ, તેરે કલ્યાણ ભયો હૈ. વધાઈ દે.' આમ શ્રીજીબાવાએ પુત્રનું નામ પણ પાડ્યું અને વધાઈ માગી ત્યારે શ્રીગોવિંદરાયજી શૃંગાર કરતાં અટકી ગયા. શ્રીજીબાવાએ ફરી આજ્ઞા કરી : 'મોકોં વધાઈ પહેલે દે. શૃંગાર કરકે ચલ્યો જાયગો.' ત્યારે આપશ્રીએ શ્રીહસ્તમાંથી વીંટી કાઢીને શ્રીજીબાવાને ભેટ કરી. એ વીંટીમાં રહેલું પન્નાનું નંગ આજે પણ શ્રીજીબાવા શ્રીમસ્તક ઉપર ધરે છે. અને વીંટીના ખોખાનાં દર્શન શ્રીવિઠ્ઠલનાથજી મંદિરમાં થાય છે.

કીર્તન : **શયન : (રાગ : બિહાગ)**

તૈરી હો બલિબલિ જાઉ ગિરિધરન છબીલે ।
કુલ્હે છબીલી પાગ છબીલી અલક છબીલી તિલક છબીલો
નયન છબીલે પ્યારી જૂ કે રંગરંગીલે ॥૧॥
અધર છબીલે દશન છબીલે બૈન છબીલે હો અતિ સરસ સુઢીલે ।
ગોવિંદપ્રભુ નખશિખ અંગઅંગ પ્રતિ લલન રસીલે ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ અષ્ટમી

શ્રીગોવિંદરાયજી

ગુજરાતી : કારતક વદ આઠમ



શ્રીગુસાંઈજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯)

શ્રીગુસાંઈજીના બીજા પુત્ર શ્રીગોવિંદજીનું પ્રાકટ્ય સંવત ૧૫૯૯ના કારતક વદ આઠમે અડેલમાં થયું હતું. (ઈ. સ. ૧૫૪૨) બાળપણમાં તેમણે પિતા પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો અને શાસ્ત્રોનો અભ્યાસ કાશીમાં કર્યો હતો. તેઓને નાનપણથી પ્રભુની સેવામાં ઘણી આસક્તિ હતી. ઉત્થાપનની સેવા આગ્રહ અને આદરપૂર્વક કરતા. ઘરમાં તેમને સૌ 'રાજાજી' કહી બોલાવતા.

તેમના લગ્નના દિવસે એક બાજુ વરઘોડાની તૈયારી થઈ અને બીજી બાજુ ઉત્થાપનનો સમય થયો. સેવા છોડી લગ્ન કરવા જવાની તેમણે ના પાડી દીધી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'લગ્નનું બીજું મૂહુર્ત કઢાવીશું. સેવામાં પહોંચી લો.' આમ તે દિવસથી લગ્નના મૂહુર્તો રાત્રિના સમયે રાખવામાં આવ્યા. તેઓ સેવાના આવા આગ્રહી હોવાથી તેમને શ્રીઠાકોરજીના ઐશ્વર્ય ધર્મનું સ્વરૂપ કહેવામાં આવે છે. તેમનું લગ્ન શ્રીરાણીજી વહુજી સાથે થયું હતું. તેમને ચાર પુત્રો હતા. શ્રીકલ્યાણરાયજી, શ્રીગોકુલોત્સવજી, શ્રીકૃષ્ણરાયજી અને શ્રીલક્ષ્મીનરસિંહજી બે પુત્રીઓ શ્રીરુક્મિણીજી અને રામકુંવરજી હતાં.

તેમની સાહિત્યરચનાઓમાં 'શ્રીવિઠ્ઠલેશાષ્ટક' પ્રસિદ્ધ છે. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. તેમને ત્યાં પ્રથમ પુત્ર શ્રીકલ્યાણરાયજીનું પ્રાગટ્ય ઈ. સ. ૧૫૬૮માં થયું. શ્રીકલ્યાણરાયજી શ્રીગુસાંઈજીના પ્રથમ પૌત્ર હતા, તેથી તે સમયે શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને સોનાનાં નૂપુર બનાવી ધરાવ્યાં, જેના ઉપર 'શ્રીગોવિંદ' શબ્દો અંકિત છે. એમના પછી શ્રીકલ્યાણરાયજી બીજા ગૃહના આચાર્ય બન્યા.

શ્રીગોવિંદજીએ ભૂતલ ઉપર ૫૧ વર્ષ બિરાજી સં. ૧૬૫૦માં નિત્યલીલા પ્રવેશ કર્યો હતો. હાલમાં તેમના સેવ્યસ્વરૂપ, શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીસ્વામિનીજી નાથદ્વારામાં પ્રીતમપોળ પાસે વિશાળ મંદિરમાં બિરાજે છે.

શ્રીગોવિંદરાયજીની વધાઈ : (રાગ : બિલાવલ)

પ્રકટે શ્રીવિઠ્ઠલનાથકે દૂજે સુત માઈ, ગુણ ઐશ્વર્યકો રૂપ હૈ મહિમા શ્રુતિ ગાઈ ।।૧।।
કીનો પાલન જગત કો નિજ કિરણન રાઈ, સુંદરરૂપ સુહાવનો મુખ પ્રફુલ્લિત માઈ ।।૨।।
શેષ મહેશ ન પાવહી કહું અન્ત જાઈ, **રસિકદાસ**કે તુમ પ્રભુ કરિયે જુ સહાઈ ।।૩।।

શ્રીગોવિંદરાયજીની વધાઈ : (રાગ : નટ)

શ્રીવિઠ્ઠલનાથજુકે આજ બધાઈ ।
માર્ગશિર કૃષ્ણ અષ્ટમીકો શશી ઉદયો પૂરણ માઈ ।।૧।।
પૂરે ચોક ધામ મોતીનકે બંદનવાર બંધાઈ ।
ધ્વજા પતાકા દીપ કલશ સજ ધૂપ સુગંધ મહાઈ ।।૨।।
બાજત ઢોલ નિશાન નગારે ઝાંઝ ઝમક સહનાઈ ।
ગગન વિમાનન છાય રહ્યો હૈ દેવ કુસુમ બરખાઈ ।।૩।।
શ્રુતિ મુખ બોલત જય જય બોલત ડોલત ચર્હુંદિશ ધાઈ ।
રસિકદાસમતિહીન દીન અતિ ગોવિંદ નામ કહાઈ ।।૪।।

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક વદ નોમ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક વદ નોમ

વસ્ત્ર : સોનેરી જરીનો, બુટ્ટાવાળો અને લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : કેસરી રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં વેસણનું મગસ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : શ્રીગોવર્ધનધર પ્રભુને નિત્ય મંગલભોગ ધરાય છે, પરંતુ શીતકાલમાં ગોપમાસમાં મંગલભોગમાં સખડીની સામગ્રી ધરાય છે. શીતકાળમાં બાળકને પૌષ્ટિક પદાર્થો વિશેષ પ્રમાણમાં ખવડાવવામાં આવે તો બાળક પુષ્ટ બને અને સ્વસ્થ રહે. એ ભાવનાથી મંગળભોગમાં વિવિધ વ્યંજનો વિશેષમાં ધરાય છે. પ્રાચીન સમયથી આ રીત ચાલી આવે છે. શાકઘરમાંથી ચાર કટોરી - આદુ, લીંબુ, પાચરી, ટેંટીની ધરાય છે. દૂધઘરમાંથી માખણ-મલાઈ, ખાસા ભંડારમાંથી બૂરા, મીશ્રી, ગોળ અને ઘી, સખડી રસોઈમાંથી ઉપરેટા, બેંગણનું ભરેલું શાક, ભુજાણાં, ચકતી, બે શાક, આખા બેંગણ અને કાળા મરીનું શાક, વેંગણ ભાત, રોટી વગેરે, બાલભોગમાંથી ખીર વગેરે સામગ્રી ધરાય છે. આ રીતે જેટલા સખડીના મંગળભોગ થાય તેમાં વારાફરતી અનેક સામગ્રી ધરાય છે. વિવિધ પ્રકારના વ્યંજનો ધરાય છે. મંગલભોગ સખડીની સામગ્રીનો ધરાય ત્યારે ધૂપદીપ વગેરે થતાં નથી. ગોપમાસમાં વિવિધ સખીજનો પોતના મનોરથની પૂર્તિ માટે વિવિધ સામગ્રીઓ આરોગાવે છે, એ ભાવથી આ સખડીના મંગલભોગ ધરાય છે. આજનો મંગલભોગ શ્રીનવનીતપ્રિયજીને ત્યાંથી ધરાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : દેવગંધાર)**

શ્યામ-શ્યામા પ્રાત ઉઠ બૈઠે અરસપરસ દોઉ કરત સિંગાર ।
લટપટી પાગ સંવારત શ્યામા અલક સંવારત નંદકુમાર ॥૧॥
એક પહિની વાકી મોતિનમાલા એક પહિનો વાકો નવસરહાર ।
શ્રીભટ્ટ જુગલ કિશોર દ્યુતિ મેરે આંગન કરત વિહાર ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

રાધાપ્યારી તુ અતિ રંગ ભરી ।
મેરી જાન મિલી મોહન સો અંચલ પીક પરી ॥૧॥
છુટી લટ ટુટી નકવેસર મોતિનકી દુલરી ।
હોં જાનત જોલો ફોજ મદનકી જીત લઈ સગરી ॥૨॥
અરુન અધર મુખ સ્વાસ નિકાસત ગલિત લલિત કવરી ।
સૂરદાસ પ્રભુ નગધર કે સંગ સુરત સમુદ્ર તરી ॥૩॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક વદ નોમ



આજના શૃંગાર : સૂથન-ઘેરદાર; પાગ-કતરો

સાજ : શ્યામ રંગની સાટીનની, રૂપેરી મોતીની ટીપકીવાળી તથા રૂપેરી જરીની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : શ્યામ રંગની સાટીન ઉપર સાચાં મોતીના ભરતકામવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો તથા મોજાંજી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા ગુલાબી (રાણી) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા અને મોતીનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે શ્યામ રંગની મોતીનાં ભરતકામવાળી પાગ, શિરપેચ અને દોહરા મોતીના કતરા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં, ગુલાબી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજની સેવા કૃષ્ણાવતીજીની આડીની છે. પાગ, વસ્ત્ર, શૃંગાર વગેરે તિલકાયત શ્રી દામોદરલાલજી મહારાજની આજ્ઞા પ્રમાણે મોતી ભરેલાં ધરાય છે. કીર્તન પણ મોતીના ભાવનાં ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

મોતી તેહુ ઠોર સબરારે ।
જબહિ તેરે ગઈ ચિત્તવત ઉત જબ નંદલાલ પધારે ॥૧॥
અર્ધ પ્રોવત મેં શ્યામ મનોહર નિકસે આય સવારે ।
આધી લટ કર લેવ ચલી હૈ જિત વ્રજનાથ સિધારે ॥૨॥
દાસ ચતુર્ભુજ પ્રભુ ચિત્ત ચોર્યો ગેહ કે કાજ બિસારે ।
ગિરિધરલાલ ભેંટ બનમે તૃન તૌર સબૈ વ્રત ડારે ॥૩॥

શયન : (રાગ : કાન્હરો)

આજ બની વૃષભાનકુંવરિ કહે દૂતી અંચલ વારત
તૃન તોરત કહત ભલેજૂ ભલે ભામા ।
વદન જોતિ કંઠ પોતિ છોટી છોટી લર મોતિનકી સદા
સિંગાર હાર કુચબિચ અતિ શોભિત હૈ બોલસરી દામા ॥૧॥
એક રસના ગુનરુપ કૈસેક બરનૌ વિસદ કીરતિ
અંગ અંગ પિય અતિ પ્રવીન પિય મન અભિરામા ।
ગોવિંદ બલી સખી કહે રચિપચિ વિરંચિ કીની
શ્યામ રમન કો માઈ તુ હી હૈ શ્યામા ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક વદ દસમ



નિયમની પહેલી ઘટા - લીલી ઘટા

વસ્ત્ર : લીલા રંગનો, લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્યામ રંગની મોતીના ભરતકામવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : શ્રીનાથજીમાં શીતકાલમાં વિવિધ રંગની ઘટાઓ થાય છે. સર્વ વસ્ત્ર, સાજ વગેરે એક જ રંગના ધરાય એને ઘટા કહેવાય છે.

આકાશમાં રંગબેરંગી વાદળો ઘેરાય અને સૂર્યને ઢાંકી દે એ વાદળોની ઘટા. વર્ષાઋતુમાં વિવિધ રંગના વાદળો ઘેરાઈને ઘટા બને તેમ અહીં માગશર-પોષમાં જુદા જુદા રંગોની દ્વાદશ ઘટા, દ્વાદશ કુંજના ભાવથી થાય છે. પહેલાં ચાર યૂથાધિપતિઓના ભાવથી ચાર ઘટાઓ થતી હતી. તિલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજે આઠ ઘટાઓ વધારી કુલ બાર ઘટાઓ કરી, જે આજ સુધી થાય છે. કેટલીક ઐચ્છિક ઘટાઓ પણ થાય છે.

શ્રીશ્યામસુંદરનો નીલવર્ણ અને શ્રીસ્વામિનીજીનો પીત વર્ણ. બંને વર્ણના ઐક્યથી લીલો રંગ બને. તેથી સૌ પ્રથમ લીલી ઘટા આજે થાય છે. વસ્ત્ર, સાજ, શૃંગાર, માળાજી વગેરે સર્વ લીલા રંગનાં ધરાય છે. કીર્તન પણ હરી ઘટા - લીલી ઘટાનાં ગવાય છે.

દ્વાદશ કુંજ આ પ્રમાણે છે. અરુણ કુંજ, હરિત કુંજ, હેમ કુંજ, પૂર્ણેન્દુ કુંજ, શ્યામ કુંજ, કદમ્બકુંજ, સિતામ્બુ કુંજ, વસંત કુંજ, માધવી કુંજ, કમલ કુંજ, ચમ્પા કુંજ, નીલકમલ કુંજ. જે રંગની ઘટા હોય તે રંગની કુંજની ભાવના થાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

હરિ યશ ગાવત ચલી વ્રજસુંદરી નદી યમુના કે તીર ।
લોચન લોલ બાંહ જોટી કર શ્રવનન ઝલકત બીર ॥૧॥
બેની સિથિલ ચારુ કાંધે પર કટિ પટ અંબર લાલ ।
હાથન લિયે ફૂલન કી ડલિયા ઉર મુક્તા મણિમાલ ॥૨॥
જલ પ્રવેશ કર મજ્જન લાગી પ્રથમ હેમ કે માસ ।
જૈસે પ્રીતમ હોય નંદસુત વ્રત ઠાન્યો યહ આસ ॥૩॥
તબતે ચીર હરે નંદનંદન ચઢે કંદબકી ડારિ ।
પરમાનંદ પ્રભુ વર દેવેકો ઉદ્યમ કિયો હૈ મુરારિ ॥૪॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક વદ દસમ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ દશમી   ચિત્ર પરિચય   ગુજરાતી : કારતક વદ દસમ

આજના શૃંગાર : સૂથન-ઘેરદાર; પાગ-કતરો

સાજ : લીલા રંગની આટીનની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર લીલી બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લીલા રંગની સાટીનના રૂપેરી તૂઈની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પણ લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. પન્ના અને મોતીનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લીલા રંગની ગોળ પાગ ઉપર શિરપેચ તથા લીલા રેશમના દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. લીલા રંગનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શૃંગાર : (રાગ : રામકલી)**

વસન હરે સબ કંદબ ચઢાયે ।
સોલ સહસ્ત્ર ગોપ કન્યન કે અંગ આભૂષણ સહિત ચુરાયે ॥૧॥
અતિવિસ્તાર નીપતરુ તામે લૈ લૈ જહાં તહાં લટકાયો ।
મણિ આભૂષણ ડાર ડારન પ્રતિ દેખત છબિ મન હી લટકાયે ॥૨॥
નીલાંબર પાટાંબર સારી સ્વેત પીત ચૂનરી અરુણાયે ।
સૂરશ્યામ યુવતિન વ્રત પૂરનકો કંદબ ડાર ફલ પાયે ॥૩॥

રાજભોગ : (રાગ : આસાવરી)

મેરો માઈ હરિ નાગરસો નેહ ।
એક બૈર કૈસે છૂટત હૈ પૂરબ બઢ્યો સનેહ ॥૧॥
અંગ અંગ નિપુન બન્યો જદુનંદન શ્યામ બરન સબ દેહ ।
જબતે દૃષ્ટિ પરે નંદ નંદન તબતે વિસર્યો ગેહ ॥૨॥
કોઉ નિંદો કોઉ વંદૌ મો મન ગયો સંદેહ ।
સરિતા સિંધુ મિલી **પરમાનંદ** ભયો એક રસ નેહ ॥૩॥

શયન : (રાગ : ઈમન)

જબ જબ દૈખો જાય હરિકો વદન તબ નયના મેરે મોપે ન આવહી ।
ઐસે રુપલાલચી લલચાય રહે માનો જ્યો બિછુરે જલચર જલ પાવહી ॥૧॥
રુપકે રિઝોને નયના રસમે મિલ મગ્ન ભયે અબ સખી હમસો ન બતરાવહી ।
મુરારિદાસ પ્રભુએ તે પર નિઠુર ભયે અપની ઓટ દુરાવહી ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક વદ અગિયારસ



ઉત્પત્તિ એકાદશી

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો, લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : લીલા રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં સૂરણનો મગસ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજની એકાદશીને ઉત્પત્તિ એકાદશી કહેવાય છે. વ્રજમાં કુમારિકાઓએ 'પ્રભુ અમારા પતિ થાય' એ મનોરથ પૂર્ણ કરવા માટે કાત્યાયની વ્રત કર્યું. તે સમયે અન્યાશ્રયનો બાધ ન થાય માટે શ્રીયમુનાજીની રેણુ (રજ)થી કાત્યાયની દેવીની પ્રથમ ઉત્પત્તિ કરી હતી એટલે પાછળથી આ એકાદશીનું નામ 'ઉત્પત્તિ એકાદશી' પ્રસિદ્ધ થયું. કાત્યાયની આધિદૈવિક તામસી શક્તિ છે. તામસ જીવોને ફળ અપાવે છે માટે તેને તામસી કહેવાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

ગ્વાલિન માગત વસન આપને ।
સીતકાલ જલ ભીતર ઠાડી આવત નહીં દયાને ॥૧॥
તુમ વ્રજરાજ કુમાર પ્રબલ અતિ કૌન પરી યહ બાને ।
હમ સબ દાસી તિહારી વ્રજપતિ તુમ બહુ નિપટ સયાને ॥૨॥

શૃંગાર : (રાગ : રામકલી)

દેહો વ્રજનાથ હમારી આંગી ।
નાતર રંગબિરંગ હોયગો કેઈ બેરિયા હમ માંગી ॥૧॥
વ્રજ કે લોગ કહા કહેંગે દેખ પરસ્પર નાગી ।
ખરે ચતુર હરિ હો અંતરગત રૈન પરી કબ જાગી ॥૨॥
સકલ સૂત કંચન કે લાગે બીચ રત્નન કી ધાગી ।
પરમાનંદ પ્રભુ દીજિયે ન કાહે પ્રેમ સુરંગ રંગ પાગી ॥૩॥

રાજભોગ : (રાગ : આસાવરી)

આછે વ્રજકે ખરિકખાને બડડે બગર ।
નવતરુણી નવતરલિત મંડિત અગણિત સુરભી હુંકડગર ॥૧॥
જહા તહા દધિ મંથન ઘમરકે પ્રમુદિત માખનચોર લંગર ।
માગધ સુત વદત બંદીજન જસ રાજત સુરપુર નગરીનગર ॥૨॥
દીની બંદનમાલા ભવન સુવાસિત ધૂપ અગર ।
કૌન ગિને **હરિદાસ** કુંવર ગુણ મસિ સાગર અરુ અવની કગર ॥૩॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : કારતક વદ અગિયારસ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ એકાદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક વદ અગિયારસ

આજના શૃંગાર : સૂથન-ચાકદાર; જડાવનો ટિપારો

સાજ : સફેદ સાટીનની, ઘેરા ગુલાબી રંગના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ રંગનાં વચ્ચે સોનેરી ટીપકીવાળાં અને સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ખૂંટનો ચાકદાર વાઘો અને ચોળી ધર્યાં છે. સોનેરી જરીનો ગાતીનો પટુકો અને સોનેરી મોજાં ધર્યાં છે. લીલા રંગના લહેરિયાનો બીજો પટુકો (રૂમાલ) પણ ધર્યો છે. આમ આજે દોહરા પટુકા ધરાયા છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે જડાવ કુલ્હે ઉપર જડાવનો પગો અને જડાવ ટિપારો એમ નવીન પ્રકારનો શૃંગાર થયો છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીળાં અને ગુલાબી પુષ્પોનાં સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે, પરંતુ કિરિટ, ખોંપ, સહેરો કે ટિપારો ધરાય છે અને રૂમાલ તથા ગાતીના પટુકા પણ ધરાય છે. શૃંગાર જડાવના ધરાય છે. આજની સેવા લલિતાજીની સખી કુંજરીજીની આડીની છે.

કીર્તન : **ભોગ દર્શન : (રાગ : પૂર્વી)**

હાંકે હટકિ હટકિ ગાય ઠઠકિ ઠઠકિ રહી ગોકુલ કી ગલી સબ સાંકરી ।
જારી અટારી ઝરોખન ગોખન ઝાંખત દૂર દૂર ઠૌર ઠૌર તે પરત કાંકરી ॥૧॥
ચંપકલી કુંદકલી બરખત રસભરી તામે પુન દેખિયત લિખે હૈ આંકરી ।
નંદદાસ પ્રભુ જહી જહી દ્વારે ઠાડે હોત તહીં તહીં વચન માંગત
લટક લટક જાત કાહૂસો હા કરી કાહૂસો ના કરી ॥૨॥

શયન : (રાગ : નાયકી)

જાન્યો પ્રીતકો મરમ ।
મુખકી મોસો જિયકી ઔરનસો પાયો હૈ તિહારો ભરમ ॥૧॥
ઐસી હૈ જો કોન બાલ જિન રસબસ કર લીને જાનિયત હિયકે નરમ ।
સૂરદાસ રસકે રંગીલે લાલ ભલી કીની ભોર આયે ચતુર પરમ ॥૨॥



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ દ્વાદશી ચિત્ર પરિચય ગુજરાતી : કારતક વદ બારસ

વસ્ત્ર : બેંગની (જાંબલી) રંગનો, પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : પીળા રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ખાસ સામગ્રી તવાપુરીની ધરાય છે. આજે મંગળભોગમાં પણ સખડીની સામગ્રી ધરાય. સખડી ભોગમાં ખીર, રોટી, શાક, ભુજાનાં વગેરે ધરાય છે. તેમજ સાથે ઘી, મીઠાની કટોરી, માખણ મિસરી, લીંબુ તથા આદુની કાતરી વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : જે દિવસની જે ખાસ સામગ્રી હોય તે આખા દિવસના બધા ભોગમાં અવશ્ય ધરવી.

માગશર અને પોષ માસમાં જેમ સખડીના ચાર મંગળભોગ થાય છે. તેમ પાંચ બારસના દિવસે પાંચ ચોકી થાય છે. (મહા સુદ બારસ સહિત) આ પાંચ ચોકીમાં મંગળભોગમાં સખડીની વિવિધ સામગ્રી ધરાય છે. જેમ ઉષ્ણકાળમાં પાંચ અભ્યંગ થાય છે અને વિશેષ સામગ્રી આરોગાવાય છે તેમ શીતકાળમાં પાંચ બારસે પાંચ ચોકી થાય છે. તેના શૃંગાર સામગ્રી વગેરે નિશ્ચિત થયેલા છે. નિત્યની સામગ્રી ઉપરાંત સખડીની વિવિધ સામગ્રીઓ મંગળભોગમાં આરોગાવાય છે. નવનીતપ્રિયજીને ત્યાંથી પણ તવાપુરી, થૂલી વગેરે સામગ્રીઓ આવે છે.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

અહો હરિ હમ હારી તુમ જીતે ।
નાગરનટ પટ દેહો હમારે કાંપત હૈ તન સીતે ॥૧॥
કાનન કુંડલ મુકુટ બિરાજત કાન્હકુવર કે હોં વારી ।
હાહાખાત પૈયાં પરત હો અબહૌ ચેરિ તુમ્હારી ॥૨॥
તબ મેરો અંબર દેહોરી સજની જલતે હોં સબ ન્યારી ।
સૂરદાસપ્રભુ તિહારે મિલનકો તુમ જીતે હમ હારી ॥૩॥

શૃંગાર : (રાગ : રામકલી)

ગ્વાલિન માંગત વસન આપને ।
સીતકાલ જલ ભીતર ઠાડી આવત નહીં દયાને ॥૧॥
તુમ વ્રજરાજ કુમાર પ્રબલ અતિ કૌન પરી યહ બાને ।
હમ સબ દાસી તિહારી વ્રજપતિ તુમ બહુ નિપટ સયાને ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ દ્વાદશી **રાજભોગ દર્શન** ગુજરાતી : કારતક વદ બારસ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ દ્વાદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : કારતક વદ બારસ

આજના શૃંગાર : સૂથન-ઘેરદાર ફતવી; પાગ-કતરો,

સાજ : બેંગની (જાંબલી) રંગની સોનેરી જરીની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણ ચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : બેંગની રંગનાં, સોનેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ઘેરદાર વાઘો અને ચોળી તથા તેના ઉપર સોનેરી જરીની 'ફતવી' ધરી છે. સોનેરી અને બેંગની રંગનાં મોજાંજી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્વેત ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** બેંગની રંગની પાગ ઉપર શિરપેચ, નાગફણીનો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : શીતકાલની ચાર દ્વાદશી-બારસનું મહત્વ કેમ વધારે છે? તેના જવાબમાં એમ કહેવાય છે કે સૂર્ય દ્વાદશકલાત્મક છે. એની પુત્રી શ્રીયમુનાજી પણ દ્વાદશકલાત્મક છે. તેથી બારસે મુખ્ય સામગ્રી સવારમાં વહેલી ધરાય છે. શૃંગાર પણ નિર્ધારિત હોય તે ધરાય છે. શૃંગાર સવારે વહેલા થઈ જાય છે.

હેમંત ઋતુના બે મહિનામાં ચાર દ્વાદશીએ ગોપકન્યાઓએ શ્રીયમુનાજીની વિશેષ સેવા કરી, તેમની તરફથી નંદરાજકુમારને સામગ્રી આરોગાવી છે, તેથી દ્વિતીય નિધિસ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીને ત્યાં દ્વાદશીએ અલગ ભોગમાલા તથા સેવા થાય છે. તેથી શ્રીનાથજીમાં પણ ચાર દ્વાદશીઓની મહત્તા રાખી છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આશાવરી)**

વૃજ કે ખરિક વન આછે બડ્ડે બગર ।
નવતરુનિ નવતરુલિત મંડિત અગનિત સુરભી હૂંક ડગર ॥૧॥
જહા તહાં દધિમંથન ઘમરકે પ્રમુદિત માખનચોર લંગર ।
માગધસુત વદત બંદીજન જસ રાજત સુરપુર નગરી નગર ॥૨॥
દિન મંગલ દીનિ બંદનમાલા ભવન સુવાસિત ધૂપ અગર ।
કૌન ગિને હરિદાસ કુંવર ગુન મસિ સાગર અરુ અવની કગર ॥૩॥

શયન : (રાગ : બિહાગ)

અરિ હોં શ્યામ રંગ રંગી ।
રીઝવે કાઈ રહી સુરત પર સુરત માંઝ પગી ॥૧॥
દેખ સખી એક મેરે નૈનનમેં બૈઠ રહ્યો કરી ભૌન ।
ધેનુ ચરાવન જાત વૃંદાવન સોંધો કનૈયા કૌન ॥૨॥
કૌન સુને કાસૌ કહેં સખી કૌન કરે બકવાદ ।
તાપે **ગદાધર** કહા કહી આવે ગૂંગો ગુડકો સ્વાદ ॥૩॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : કારતક વદ તેરસ



શ્રીગુસાંઈજીના સપ્તમ લાલજી
શ્રીઘનશ્યામલાલજીનો ઉત્સવ (સં. ૧૬૨૮)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : લાલ રંગનો, પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : બેંગની (જાંબલી) રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે કેસર, કસ્તુરી, કમળ, હીનો, ગુલાબ વગેરે અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં અડદના લોટના લાડુ અથવા ચકતાં (અડદિયાપાક) અને ઘેબરની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

યમુના તટ દેખે નંદનંદન ।
મોરમુકુટ મકરાકૃત કુંડલ પીત વસન તન ચર્ચિત ચંદન ॥૧॥
લોચન તૃપ્ત ભયે દરશનતે ઉરકી તપત બુઝાની ।
પ્રેમ મગ્ન તબ ભઈ ગ્વાલિની તનકી દશા ભુલાની ॥૨॥
કમલનયન તટપર રહે ઠાડે તહા સકુચ મિલી નારી ।
સૂરદાસ પ્રભુ અંતરયામી વ્રતપૂરણ વપુધારી ॥૩॥

શૃંગાર : (રાગ : રામકલી)

દેહો વ્રજનાથ હમારી આંગી ।
નાતર રંગબિરંગ હોયગો કેઈ બેરિયા હમ માંગી ॥૧॥
વ્રજકે લોગ કહા કહેંગે દેખ પરસ્પર નાગી ।
ખરે ચતુર હરિ હો અંતરગત રૈન પરી કબ જાગી ॥૨॥
સકલ સૂત કંચન કે લાગે બીચ રત્નનકી ધાગી ।
પરમાનંદ પ્રભુ દીજિયે ન કાહે પ્રેમ સુરંગ રંગ પાગી ॥૩॥

શયન : (રાગ : બિહાગ)

પિય તોહી નયનન હી મેં રાખુ ।
તેરી એક રોમકી છબિ પર જગત વારિ સબ નાખૂ ॥૧॥
ભૈટો સકલ અંગ સાંવલ કો અધર સુધારસ ચાખૂ ।
રસિક પ્રીતમ સંગમકી બાતેં કાહુસો નહી ભાખૂ ॥૨॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ ત્રયોદશી **રાજભોગ દર્શન** ગુજરાતી : કારતક વદ તેરસ



વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ ત્રયોદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : કારતક વદ તેરસ

આજના શૃંગાર : સૂથન-ચાકદાર; કુલ્હે-જોડ

સાજ : લાલ મખમલની, સોનેરી જરીની કિનારના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે.

વસ્ત્ર : લાલ સાટીનના, સોનેરી જરીની તુઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ચાકદાર વાઘો તેમજ જરી ભરત કરેલાં મોજાંજી ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા (લિંબોઈ) રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર કુલ્હે ઉપર શિરપેચ તથા પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : શ્રીગુસાંઈજીના સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજીને શ્રીગુસાંઈજીએ શ્રીમદનમોહનજીનું સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું હતું. આ સ્વરૂપ જ્યારે ચોરીમાં પધાર્યું (કોઈ ચોરી ગયું) ત્યારે શ્રીઠાકોરજીના વિરહમાં શ્રીઘનશ્યામજીએ ભોંયરામાં બિરાજી, વિયોગાનુભવ કરી, લીલા પ્રવેશ કર્યો હતો. આપના માથે બિરાજતું આ શ્રીમદનમોહનજીનું સ્વરૂપ શ્રીયજ્ઞનારાયણ ભટજીને યજ્ઞવેદીમાંથી પ્રાપ્ત થયેલ સ્વરૂપ હતું. એ સ્વરૂપના વિરહમાં શ્રીઘનશ્યામજીએ પ્રાણ ત્યજ્યા, તે જ રીતે એ સમયના નાથદ્વારાના તિલકાયત શ્રીદામોદરજીએ પણ પ્રાણ ત્યજીને લીલા પ્રવેશ કર્યો. શ્રીહરિરાય મહાપ્રભુએ વર્ણવ્યા પ્રમાણે શ્રીમદનમોહનજી અને બંને સ્વામિનીજીઓનાં આ સ્વરૂપો પાછળથી નાથદ્વારામાં શાકઘરમાં એક બાઈની પાસેથી મળી આવ્યાં. તેથી આજે શ્રીઘનશ્યામજીની આડીથી શ્રીજીબાવા કુલ્હે જોડનો શૃંગાર ધારણ કરે છે. શ્રીઘનશ્યામજી ષડ્ઐશ્વર્યમાં વૈરાગ્યનું સ્વરૂપ હતા, તે ભાવનાથી મયૂરપંખનો જોડ, પ્રભુમાં તેમને અનુરાગ હતો તે ભાવનાથી અનુરાગના લાલ રંગનાં વસ્ત્રો અને ઉભય સ્વામિનીજીઓનાં ભાવથી પીળાં ઠાડાં વસ્ત્ર ધરે છે.

કીર્તન : **રાજભોગ સન્મુખ (રાગ : સારંગ)**

જયતિ રુક્મિનીનાથ પદ્માવતી પ્રાણપતિ વિપ્રકુલ છત્ર આનંદકારી ।
દીપ વલ્લભવંશ જગત નિસ્તમ કહન કોટિ ઊડુરાજ સમ તાપહારી ॥૧॥
જયતિ ભક્તજન પતિ પતિત પાવન કરન કામીજન કામના પૂરનચારી ।
મુક્તિકાંક્ષીય જન ભક્તિદાયક પ્રભુ સકલ સામર્થ્ય ગુન ગનન ભારી ॥૨॥
જયતિ સકલ તીરથ ફલિત નામ સ્મરણ માત્ર વાસ વ્રજ નિત્ય ગોકુલ બિહારી ।
નંદદાસની નાથ પિતા ગિરિધર આદિ પ્રકટ અવતાર ગિરિરાજધારી ॥૩॥

વ્રજ : માર્ગશીર્ષ કૃષ્ણ ત્રયોદશી

શ્રીઘનશ્યામજી

ગુજરાતી : કારતક વદ તેરસ



સપ્તમ લાલજી શ્રીઘનશ્યામજી (સંવત ૧૬૨૮)

શ્રીગુસાંઈજીના સપ્તમ લાલજી શ્રીઘનશ્યામજીનું પ્રાકટ્ય સં. ૧૬૨૮ (ઈ. સ. ૧૫૭૧)માં કારતક વદ તેરસે ગોકુળમાં થયું હતું. તેઓ શ્રીગુસાંઈજીનાં બીજાં વહુજી શ્રીપદ્માવતીજીના પુત્ર હતા. તેમનાં માતા તેમને નાના મૂકી લીલામાં પધાર્યાં હતાં, તેથી સૌથી મોટા ભાઈ શ્રીગિરિધરજી અને તેમનાં વહુજી શ્રી ભામિનીવહુજીએ તેમને મોટા કર્યા હતા. તેમણે નાની ઉંમરમાં સર્વ વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો હતો.

તેમનું લગ્ન શ્રીકૃષ્ણાવતી વહુજી સાથે ગોકુળમાં થયું હતું. તેમને બે પુત્રો શ્રીવ્રજપાલજી અને શ્રીગોપેન્દ્રજી હતો તેમજ એક પુત્રી હતાં. શ્રીગોપેન્દ્રજી સંપ્રદાયમાં ચાચા ગોપેશજીના નામથી પ્રસિદ્ધ છે.

